કુમાર

તંત્રી
રવિશંકર રાવળ



યુવાન કવિ નર્મદ

૧૧૪

વતીકાલનાં નાગરિકોનું માસિક જેઠ ૧૯૮૯

કુમાર
જેઠ ૧૯૯૯
અંક ૧૧૪

મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂ. ૬ (પરદેશના ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે.

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨
સુરતના એજન્ટ : વનરાજ બ્રધર્સ : લીમડા ચોક : સુરત
જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



ઉમ્મર ૨૭

કવિ નર્મદાશંકર લાલશંકર

જન્મ · ૨૪મી ઑગસ્ટ ૧૮૩૩

અવસાન · ૨૫મી ફેબ્રુઆરી ૧૮૮૬

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માસિક

વીર નર્મદનો ગુજરાતીઓને બોધ

*પૃથ્વીતિલક છન્દ

ન શોક કરશો કદાપિ રસિકો વિમાસી મુજ તાવણી;
જુવો સકલ જીવ-જીવન, ન એક બે-દરદ ભાળશો:
ભલે દરદ, ઘા ભલે, અપયશો ભલે, અભિભવો ભલે,
સદાય ઉર પ્રેમમાં, રુધિર જો રહે બ્હતું શૌર્યમાં.

બલવન્તરાય ક. ઠાકોર

[*આ છન્દ પૃથ્વીથી જુદો પણ તેનો જ કુટુમ્બી હોવાથી એનું નવું નામ પૃથ્વી ઉપરથી જ પાડ્યું છે. પૃથ્વી ૧૭ વર્ણી છન્દ છે; તેના ૧૪મા ૧૫મા વર્ણો વચ્ચે ત્રણ લઘુ (=નગણ) ઉમેરાતાં આ બને છે: પૃથ્વી પોતે બરાબર ગેય નહીં, આ સુગેય, એ આની વિશિષ્ટતા છે.
૧૪મા ૧૫માની વચમાં ઉમેરવાને બદલે પૃથ્વીમાં બીજે ગુરુલઘુ અથવા લઘુગુરુ એમ બે વર્ણી અને ત્રણ માત્રા ઉમેરવાથી પણ આ જ ઢાળમાં ભળી જાય એવી સુગેય પંક્તિ બને છે. તેને પણ આ નામ જ આપું છું. —બ. ક. ઠા.]





ક્ષમાપ્રાર્થના

'કુમાર'ની અનિયમિતતાના ઇતિહાસમાં આ વખતનો અંક અસહ્ય ગણાય એટલો મોડો બહાર પડે છે. ગ્રાહકોની ધીરજની ઘણી આકરી કસોટી અણે કરી છે. પણ પ્રતિકૂળ સંજોગોને લીધે જ લાચારીએ આટલું મોડું થયું છે. અમારી આ ઢીલ માટે ગ્રાહકો અને વાચકોની ક્ષમા માગી તે નિભાવી લેવા માટે સૌનો આભાર માનીએ છીએ અને હવેના અંકો ઘણી ઝડપથી બહાર પાડીને આ વીતેલો ગાળો પાનાંની પૂરેપૂરી સંખ્યા સાથે ભરપાઇ કરી આપવાની ખાતરી આપીએ છીએ.

—વ્યવસ્થાપક

■ **ફરી** એનું એ. 'કુમારે' અનેક વાર લેખો અથવા અનુવાદો કે ઉપયોગી માહિતી મોકલી આપનારને યથાશક્તિ પુરસ્કાર આપવાનું જાહેર કરેલું, છતાં એ જાતનો સહકાર બહુ જ નજીવો મળ્યો છે. એકબે વર્ષ પહેલાં ગુજરાતના કેટલાક લેખકોએ બૂમરાણ કરી મૂક્યું હતું કે પત્ર ચલાવનારાઓ, છાપખાના માટે શાહી માટે ને કાગળ માટે ખર્ચ કરે છે, પણ લેખકોને કશું આપતા નથી 'કુમારે' પહેલી જ તકે એ બાબતમાં પહેલ કરી હરીફાઇઓ તથા લેખો વગેરે માટે યથાશક્તિ પુરસ્કાર આપવા માંડ્યો. એનો અર્થ કેટલાકે એવો લીધો કે 'કુમાર' ખાતે પૈસાનો વધારો થઈ ગયો હશે. એવી અથવા કોઇ બીજી સમજથી કેટલાક પત્રકાર બંધુઓએ તે બાબતમાં આડીઅવળી વાતો પણ લખી નાખી છે. લેખકોએ જાહેરમાં નહિ જણાવતાં અંગત વાતોમાં એ બાબત જાતજાતની ફરિયાદો અને વાંધાવચકા સંભળાવ્યા છે. બીજાં કેટલાં પત્રોએ આવો ખર્ચ વધાર્યો છે તેની સંપૂર્ણ માહિતી મને મળી શકી નથી, પરંતુ મારી પાસે એવી પણ હકીકતો છે કે લેખો માટે પત્રકારને સામી મદદ, બ્લૉક કે સાહિત્યનો ખર્ચ પણ મળી રહે છે. આને મુકાબલે 'કુમારે' ઊલટો દર માસે અમુક ખર્ચ ચાલુ રાખ્યો છે. તેની કદર થવાને બદલે તે ટીકાપાત્ર બન્યું છે

આ બધા ટીકાકારો તેમજ લેખકો અને ગ્રાહકોને મારું સીધેસીધું નિમંત્રણ છે કે જેમને 'કુમાર' માસિક કમાણી કરી રહ્યું છે એવું લાગતું હોય તેમણે 'કુમાર'નો વહીવટ સંભાળી લેવો અને પહેલા અંકથી માંડી આજ સુધીના તેના ખર્ચ તેમજ નફાતોટામાં ભાગ પાડી 'કુમાર'ની કાયમની રૂપરચના સાચવીને તે ચાલુ રાખી બતાવવું. હું ખુશીથી તેને લેખકોના 'બોર્ડ'ને સ્વાધીન કરી દેવા તૈયાર છું; તેમજ તેનો નફો (જો કંઇ આવે તો) કામ કરનારા સર્વને બોર્ડે ઠરાવેલા તેના ઘટતા દરજ્જા અને કામના પ્રમાણમાં વહેંચી આપવો મને લાગે છે આથી કોઇને કોઇ જાતનું મનદુઃખ રહેશે નહિ.

ઘણાને ખબર નહિ હોય કે એક મામૂલી બાબત માટે 'કુમાર'નો સોમો અંક સરકારે જપ્ત કર્યો છે અને તે ઉપરાંત પ્રકાશક તેમજ મુદ્રક તરીકે અમારે રૂા ૪૦૦૦ની જામીનગીરી ભરવી પડી છે. આજ સુધી આ વાત વાચકો આગળ મૂકવાની ઇચ્છા નહોતી; પરંતુ સીધી રીતે કામ કરનાર પત્રકાર પર આ જમાનામાં કેવી બારીક પરિસ્થિતિ ઝઝૂમતી રહે છે તેનો વાચકો તેમજ લેખકોને ખ્યાલ આપવા માટે હવે જણાવવાની જરૂર લાગે છે. લેખક કે તંત્રીને સ્વપ્ને પણ કલ્પના ન હોય એવાં વાક્યો શબ્દો કે સૂચન પણ સ્હેજમાં મોટી આર્થિક જવાબદારી ને મૂંઝવણ ઊભી કરે છે. એ બધાંને પહોંચી વળવા તંત્રીને શી વિટંબણાઓ ભોગવવી પડતી હશે તેનો ક્યાસ જવલ્લે જ કોઇએ કાઢ્યો હશે 'કુમાર' વધારે સાધનો પર નિર્ભર કરવાનો સમય નજીક આવ્યો તે વખતમાં જ મોટી નાણાંભીડના પ્રસંગોની અગવડ ટાળવા તેના સંચાલકોને શી શી વેઠ અને પરિશ્રમ ભોગવવાં પડતાં હશે તે માસિકનાં પાનાં માત્ર જોખી જોનારને ન જ સમજાય. આ અંગત વાતની ચર્ચા હવે વધુ આગળ નહિ લઇએ.

■ **અમને** ઘણા પત્રો મળ્યા કરે છે, ને તેમાં 'કુમાર'ની નાનીમોટી ક્ષતિઓ બતાવીને ઘણા ગ્રાહકો ઉપકાર કરે છે; પરંતુ એ સૌમાં મોટે ભાગે કંઇક ગેરસમજ યા અધીરાઇ સિવાય બીજું કારણ નીકળતું નથી. પણ અહીં જે કાગળની વાત રજુ કરું છું તેમાં 'કુમાર' તરફ સંપૂર્ણ સદ્ભાવ દાખવીને પ્રામાણિકપણે થોડી હકીકત કહેવામાં આવી છે. તેનો સન્માનથી અમે સ્વીકાર કરી લઇએ છીએ.

મોંબાસા (આફ્રિકા)થી 'કુમાર'ના એક વાચકે એ પત્રમાં જે બારીકીથી અમારી જડતી લીધી છે તેને માટે અભિનંદન આપવું ઘટે છે. 'કુમાર'માં સૂચવાએલા કેટલાક લેખો 'કુમાર'માં પ્રકટ થઇ શક્યા નથી એ બીના છાની નથી, અને અમારા દિલમાં તે બાબત ઓછી ગ્લાનિ નથી. 'કિરીટ'ની વાર્તા પૂરી થવા પછી તે પાછો દેખાય એવી વાર્તા આપવાનું અમે જણાવ્યું હતું; પણ સંજોગોએ તે વાર્તા તેમજ 'ગિરેબાજ ચિત્તુ'ના લખનારને કામની એવી ભીડામણમાં રાખ્યા છે કે તેમને હજુ પણ એ લખવાની ફુરસદનું સ્વપ્નું સરખું યે નથી.

'પાતાળનૌકા'ની વાર્તા મોકલવાનું તેના લેખક તરફથી અમને ચોક્કસ

વચન મળ્યું છતાં એ ભાઇ એટલી મોટી જવાબદારીઓભરેલું સ્થાન સાચવી રહ્યા છે કે તેમને આ વાત માટે અમે વધુ દબાણ કરી ન શક્યા. છતાં આ પ્રસંગે એ ભાઇને પણ આ પાનાંઓ પર જાહેર વિજ્ઞપ્તિ કરીએ છીએ. લેખના પૈસા મળે તો જ લખવું એવી એમની પરિસ્થિતિ નથી, છતાં હું માનું છું કે ગુજરાતમાં પત્રોની ગ્રાહકસંખ્યા પૂરતી મળી રહેતી હોય તો સમર્થ વિદ્વાનો અને શક્તિસંપન્ન લેખકોને પણ બીજા કોઇ પણ ધંધા જેટલી આવક તેને અંગે મળવી જોઇએ. ■ **આપણે** ત્યાં પત્રોમાં વૈવિધ્ય ખીલતું નથી તેનું કારણ જ એ છે કે વિવિધ પ્રકારના જીવન-અનુભવોવાળા અને ધંધાના માહિતગાર માણસો પોતાની દિશામાં રચ્યાપચ્યા રહેતા હોવાથી માત્ર થોડાં નાણાંની ખાતર તેઓ લખવાની પ્રવૃત્તિ હાથ ધરે તેમ નથી, તેમજ તેમના ધંધામાં મળતાં લવાજમની બરોબર લેખનથી પ્રાપ્તિ થઇ શકે તેમ નથી; એટલે મૌલિક અનુભવપૂર્ણ લેખો, હકીકતો, વાર્તાઓ વગેરે માટે આપણે તેમની દરકાર અને ઉદારતા ઉપર જ આશા બાંધવાની રહે છે. જો દરેક માણસ એમ ધારે કે પોતે મેળવેલી હકીકત કે માહિતી જનસમાજને ઉપયોગી જણાય તેવી પ્રકટ થવી જોઇએ તો તેણે એ જાતની નોંધો, ટૂચકા કે શોધ કોઈ પણ યોગ્ય પત્રકારને લખી મોકલવી જોઇએ તમારા દીપકથી બીજાનું અંધારૂં ટાળવા યત્ન કરશો એટલે સમાજની પ્રગતિમાં આપમેળે ઝડપ આવશે.

નેપથ્યમાંથી

જેણે કલમ ધરી નિજ કરમાં રાખી અંત સુધી બહુ તેજ,
જેણે ટેક ધરી કીધી કુરબાની સ્વીકારી નિજ ફેજ;
જેણે મમરા પૌંઆ ફાક્યા,
કોરા કંઈક દિનો નિજ આંક્યા,
ગુર્જરીની સેવા કાજે જે ભૂખિયો દુઃખિયો સૂતો સેજ:
આત્માનો એ કોણ અમીર ?—
ખાખી એ નર્મદવીર!
લાખી એ નર્મદવીર!
ધન ધન હો નર્મદવીર!

(કવિ ખબરદાર)

આ લખાય છે તે તારીખથી બરાબર ૧૦૦ વર્ષ પહેલાં ૧૮૩૩ના ઑગસ્ટની ૨૪મી તારીખે—સંવત ૧૮૮૯ના ભાદરવા સુદ દશમે—ગુજરાતની ભૂમિ પર એક યુગપુરુષનો જન્મ થયો. ગુજરાતની જનતામાં તે કવિ તરીકે ઓળખાયો, સુધારક તરીકે વગોવાયો, ઈશ્કી અને ઉડાઉ તરીકે નિંદાયો અને જીવનના આખરકાળે જ્યારે એના ધર્મવિચાર ફર્યા ત્યારે નિખાલસપણે સુધારામાંથી 'પાછા ફરવા' માટે એના પક્ષનાં જ માણસોને હાથે હડધૂત પણ થયો. પરંતુ નિખાલસપણે કહે તેવું કરે ને વિચારે તેવું આચરે એવા માણસને દુનિયાદારી ડહાપણ તરફથી એ જ શિરપાવ મળે છે. અને કોઈપણ યુગપુરુષનું મૂલ્યાંકન તેના જીવનકાળ દરમ્યાન પ્રજાએ કર્યું હોય એવા દાખલા જગતના ઇતિહાસમાં પણ વિરલ છે.

યુગપુરુષ તરીકેની એની મહત્તાની તુલના અને પ્રશસ્તિ શ્રી વિશ્વનાથ ભટ્ટના આ અંકમાં ઉતારેલા લેખમાં વિસ્તારથી કરેલી છે. કવિતાનાં વિશુદ્ધ ધોરણે નાણી જોતાં એનાં કાવ્યો કસોટીમાં ભલે પાર ન ઉતરે, પણ અંગ્રેજી સાહિત્યના સંપર્કથી પ્રેરણા પામીને એણે ભાવિનાં અંધારાં ઉઘાડી ગુજરાતી કવિતાને નવે ચીલે પ્રસ્થાન કરાવ્યું. ગુજરાતી કાવ્યમાં આત્મલક્ષી તત્વની શરૂઆત ભલે દલપતરામે 'ફાર્બસવિરહ'માં કરી ગણાય, છતાં દર્દવાળી તેમ જ જુસ્સાભરેલી ખરી આત્મોર્મિભરી કવિતાની શરૂઆતનું માન એને જ વરે. આધુનિક ગુજરાતી ગદ્યનો સ્રષ્ટા અને આદ્ય ગદ્યસ્વામી પણ એ જ. Outline of History લખવા માટે એચ. જી. વેલ્સ જગતભરમાં લબ્ધકીર્તિ થયો, પરંતુ એને એનો ખ્યાલ પણ નહિ હોય તે દહાડે નર્મદે ગુજરાતી ભાષાને 'રાજ્યરંગ' રૂપે 'આઉટલાઇન ઑફ હિસ્ટરી' આપી; અને 'ગુર્જરીનો ધનકોશ તારકભર નભ શો ભરી દેવા' માટેનો તથા કોશકાર તરીકેનો એનો કીર્તિમુકુટ તો સૌથી વધુ તેજસ્વી છે શ્રી મુનશીના 'નર્મદ-અર્વાચીનોમાં આદ્ય' નામના પુસ્તકમાંથી જે થોડાંક ચિત્રો ગુજરાતી સાહિત્ય પરિષદે નર્મદ શતાબ્દીજયંતી ઉપર બહાર પાડેલી 'સ્મારક ચિત્રાવલિ'માં ઉતાર્યાં છે તેને અંતે નર્મદના જીવનકાર્યની જે સુંદર સમીક્ષા કરી છે એ અહીં ઉતારીએ છીએ:

'એ બે યુગને સંગમે જન્મ્યો, ને નવા યુગનો સ્રષ્ટા થયો. એણે નવા સંસ્કાર ઝીલ્યા ને જૂનાને સંશોધ્યા. એણે જૂના રસ, અલંકાર ને નાયિકાવિષયો નવા જમાનાને શીખવ્યા. પિંગળ, વ્યાકરણ, કોશ ને પુરાતત્ત્વના પાયા નાખ્યા. જૂનાં બંધનોમાંથી મુક્ત કરી કવિતાને એણે અદ્‌ભુતરંગી, આત્મલક્ષી, ઊર્મિથી તરવરતી કરી મૂકી. એણે ઊર્મિગીતનો પ્રારંભ કર્યો; પ્રકૃતિવર્ણનનો નાદ લગાડ્યો; પ્રણયને યોગ્ય સ્થાને રાખી પૂજ્યો; જીવનનો ઉલ્લાસ જેવો માણ્યો તેવો ગાયો. એણે ગદ્યને વિશુદ્ધ કર્યું, સમૃદ્ધ કર્યું; રસમયતા-ચિત્રમયતાને માર્ગે વહેતું કર્યું ભાષણ ને નિબંધ સુંદર કર્યાં. ઇતિહાસસર્જનમાં પ્રથમ પગલાં માંડયાં. આત્મકથાની દિશા દેખાડી.

એ[illegible]સંસ્કાર ઝીલ્યા ને એ સુધારાનો પયગંબર થયો, એણે નિર્માલ્યતાને પડકાર કર્યો ને વીરધર્મનો વાવટો ઉડાવ્યો; સ્વતંત્રતાનો જાપ કર્યો ને કરાવ્યો; સમાજનાં બંધનો તોડયાં ને તોડતાં શીખવ્યું; બ્રિટિશ અમલને પારખ્યો ને સ્વાતંત્ર્યદીક્ષાનાં સૂત્રો રચી ગયો; અને આજે પણ જે સિદ્ધ નથી થયા તેવા ઉદ્દેશોને ગુજરાત સમક્ષ રાખી ગયો.' ઈ.ત.

જેનું 'વીર સત્ય ને રસિક ટેકીપણું અરિ પણ ગાશે

અંગ્રેજોના આગમનથી તેમજ એમનાં સાહિત્યસંસ્કૃતિના સમાગમથી આપણે ત્યાં જે નવયુગ શરૂ થયો છે તેને કેટલાક કેવળ સુખથી ભરપૂર સુવર્ણયુગ તરીકે ઓળખાવવા યત્ન કરે છે, તો કેટલાક વળી દુ:ખથી ભરપૂર કથીરયુગ તરીકે ઓળખાવવા યત્ન કરે છે. પણ ખરી રીતે નથી તે કેવળ સુખપૂર્ણ સુવર્ણયુગ કે નથી તે કેવળ દુ:ખપૂર્ણ કથીરયુગ. ખરી રીતે તો તે છે કેવળ મંથનયુગ, વલોવાટની વ્યથાનો તેમ માખણની મિઠાશનો ઉભયનો એકીસાથે અનુભવ કરાવતો એવો ઉગ્ર મંથનયુગ. ભારતનો ઇતિહાસ વિશાળ છે, પણ સંસ્કૃતિઓનું આવું જબરું સંઘટ્ટન એણે જવલ્લે જ જોયું હશે. આ સંઘટ્ટને એના જીવનના ક્ષેત્રેક્ષેત્રમાં ક્ષોભ પ્રગટાવ્યો છે, ને એના અંગેઅંગમાં ઉથલપાથલ આદરી દીધી છે. જૂના આદર્શોમાંની શ્રદ્ધા એણે ઉઠાડી મૂકી છે, પણ નવા આદર્શોમાં હજુ અવિચળ શ્રદ્ધા એ બેસાડી શકેલ નથી; એટલે જ્યાંત્યાં વિલક્ષણ વ્યામોહ નજરે પડે છે. દેશભરમાં સો સવાસો વરસથી મંડાએલા આવા મંથનનો ગુજરાતી અવતાર તે **નર્મદ**. આ મંથનયુગની નાનકડી આવૃત્તિ જ જાણે હોય નહિ એમ એનું જીવન એનાં શુભાશુભ સર્વ તત્ત્વોને પોતામાં સાકાર કરે છે. એનાં ઉત્સાહ ને જોમ, ચાંચલ્ય ને તેજ, અહંતા ને ઉચ્છૃંખલતા, ક્ષોભ ને વલોવાટ, વિષાદ ને વ્યામોહ એ સૌનું મૂર્ત સ્વરૂપ તે જ **નર્મદ**નું જીવન.

નર્મદજન્મસમયનો જમાનો એટલે જડતા, અજ્ઞાન, વહેમ, અંધશ્રદ્ધા ને ભીરુતાનો જમાનો. દેશની તત્કાલીન સમાજસ્થિતિ જોવી છે? જુઓ: આ એક બાજુ વૈષ્ણવ મંદિરમાં આચાર્યજી મહાપ્રભુ સ્વયં કૃષ્ણ ભગવાન બનીને પારણામાં ઝૂલી રહ્યા છે ને ભાવિક સ્ત્રીઓ તેમને હીંચોળી રહી છે. બીજી બાજુ, આ પાંચેક વરસનો બાળક, પંડ કરતાં પણ મોટી પાઘડી પહેરીને, આંખમાં કાજળના લપ્પા કરીને વરરાજા બન્યો છે; તો આંહીં વળી એક જુવાન સ્ત્રી, પોતે ક્યારે પરણી તેનું પણ જેને સ્મરણ નથી એવી, અનાથ દશામાં દુ:ખ રડતી ઊભી છે. આંહીં વળી એક બાઇને ઝોડ વળગ્યું છે તેના આવેશમાં એ ધૂણી રહી છે. આ તરફ એક સાહસિક પુરુષ વિદેશ જઇને વિદ્યાપ્રાપ્તિ કરી આવ્યો છે તેને, જાણે એણે ઘોર પાપ કર્યું હોય તેમ, ગુજરાતની સર્વોત્તમ જ્ઞાતિ કહી રહી છે કે 'એક વાર તું શેર સીસાનો ધગધગતો રસ પીને આવ, પછી અમે તને જ્ઞાતિમાં દાખલ કરીશું.' જ્ઞાનવિષયમાં પણ એવાં જ વહેમ ને જડતા જોવામાં આવે છે. દૃષ્ટિ અત્યંત સંકુચિત છે. પોતાની નાતની બહાર કોઈની નજર જ જતી નથી. દેશના સ્વરૂપનો પણ ખ્યાલ નથી, ત્યાં દેશના અભિમાનની તો વાત જ શી કરવી? ભૂગોળનું કોઇને ભાન સરખું નથી. ભાષાસાહિત્યની સ્થિતિ પણ કોઈ રીતે સંતોષકારક ગણાય એવી નથી. ગુજરાતી ભાષાને હજુ અભ્યાસપાત્ર જ કોઈ ગણતું નથી. ગામઠી શાળાઓ ચાલે છે તેમાં બોડિયા અક્ષરે કાગળ લખવા જેટલું જ્ઞાન માંડ ગુજરાતી ભાષાનું મળે છે. નવી કેળવણી શરૂ થયા પછી પણ કેટલાં યે વરસો સુધી ગુજરાતી કવિતાને શિક્ષણમાં સ્થાન નથી મળતું. મુંબઈ જેવા શહેરમાં અને એલ્ફિન્સ્ટન કૉલેજમાં અભ્યાસ કરતા નર્મદ જેવા બુદ્ધિશાળી વિદ્યાર્થીને પણ પિંગળ એટલે શું તેનો ખ્યાલ નથી. સામળની વાતો કે 'ચાર દરવેશ'ની વાતો એની કોઇ ચોપડીઓ જ ગુજરાતી ભાષામાં તો મળે છે. પદ્ય ને કાવ્ય વચ્ચેના ભેદની હજુ કોઇને ખબર નથી. ગદ્યને હજુ સાહિત્યમાં પ્રતિષ્ઠિત સ્થાન મળ્યું નથી. નાટક જેવી કોઇ રચના હજુ ગુજરાતી ભાષામાં અવતરી નથી. ચરિત્રગ્રંથ તો હજુ હવે ગૂંથાવાનો છે. ઇતિહાસનું આલેખન થવાને પણ હજુ વાર છે ને પ્રકૃતિસૌંદર્યની કવિતા લખનારો હજુ હવે આવવાનો છે.

નર્મદજન્મસમયનું આપણું જીવન આવું હતું. એને વરસ તો માંડ સો જ થયાં છે, પણ દીવાસળી કે પથ્થરપાટી વિનાના એ દિવસો આપણને આજથી એક નહિ પણ અનેક સદીઓ જેટલા દૂર નથી લાગતા? જ્યાં પૂરાં દસ ગુજરાતી પુસ્તકો મળવાં પણ મુશ્કેલ હતાં, ત્યાં આજે દસ હજારનો સંગ્રહ જોઈ શકાય એમ છે; જ્યાં પદ ને આખ્યાન સિવાય કોઈ સાહિત્યપ્રકાર જાણીતો નહોતો, ત્યાં આજે અનેકવિધ સાહિત્યખેડાણ થઈ રહ્યું છે. આ બધું એક જ સૈકાનું પરિણામ? આજે જે ભાતભાતની વિપુલ સાહિત્યસામગ્રી નજરે પડે છે તેમાંની અત્યલ્પ જ સં. ૧૮૮૯માં હતી! ત્યારે

દિલથી'—એ જીવનભરનો જોદ્ધો યૌવનમૂર્તિ યુગપુરુષ

વીર નર્મદ



એક સૈકામાં આપણી પ્રજાએ સાધેલો વિકાસ આશ્ચર્યકારક નથી લાગતો ? જે અલૌકિક યુગબળને પ્રતાપે આવો આશ્ચર્યકારક વિકાસ સાધી શકાયો તેનો આપણા ગુજરાત ખાતે જે મહાન પ્રતિનિધિ થઇ ગયો તે વીર **નર્મદ**. ફક્ત સો વર્ષમાં આવી ચમત્કારી સૃષ્ટિ ખડી કરનારા પ્રવૃત્તિપ્રવાહનો આદ્ય પ્રેરક તે **નર્મદ**. જૂની જડતાને તોડી નવું ચાંચલ્ય જગાવ્યું તે એણે જ, ને એમાં જ એનો મોટામાં મોટો યશ.

જીવનરંગ

નવયુગના આ અરુણના જીવનરંગો કેવા હતા ? આપણે કવિતાની પાંખ પર ચઢી બેસીએ ને આ મહાપુરુષની ત્રેપન વરસની જીવનલીલાનાં થોડાં લાક્ષણિક દૃશ્યો (એ જમાનામાં ફોટોગ્રાફીનો પૂરતો પ્રચાર હોત, આપણા મહાજનોનાં મહત્ત્વનાં જીવનચિત્રો જાળવી રાખવાની પ્રજાને કાળજી હોત, તો આબેહૂબ ચિત્રો રૂપે જ તેમાંનાં કેટલાંક તો પ્રત્યક્ષ જોઇ શકત, પણ એ બધાને અભાવે હવે તો કલમ દોરી શકે એવાં આછાંપાતળાં રેખાચિત્રો રૂપે જ) ઝડપભેર જોઇ લઇએ.

પહેલું ચિત્ર કવિના પિતાનું જુઓ. ભલા, ભોળા, સાદા માણસ, છતાં ઉત્સાહી ને પ્રસન્ન, એવી છાપ લાલશંકર દવેની જે એકની એક છબી જળવાઇ રહી છે તે ઉપરથી પડે છે. વડીલપણાનું તો નામ નહિ; પુત્રનો વિકાસ એની રીતે નિરંકુશ થવા દે; દૂરથી તેને જોયા કરે ને જરૂર પડે ત્યાં જરાક માર્ગ દર્શાવીને કોરે ખસી જાય એવા; પિતા નહિ પણ પ્રેરક મિત્ર જેવા; ગદ્ધાપચ્ચીશીનાં ઇશ્કી તોફાનોને ઉદાર માનવભાવથી ગળી જનાર ને શાણી શિખામણથી ઠેકાણે લાવનાર; 'જો ! "બુદ્ધિપ્રકાશ"માં દલપતરામનું પિંગળ આવે છે; તું બડાઈ મારે છે, પણ એવું પિંગળ રચે ત્યારે તું ખરો !' એવી મીઠી ટકોર કરીને એની સુપ્ત શક્તિઓને જગાડનાર; પુત્ર પ્રસિદ્ધ થઇ સભાઓ ગજાવવા લાગ્યો ત્યારે એની જ સ્થાપેલી 'બુદ્ધિવર્ધક સભા'માં જઇ, જતે જન્મારે નવા જમાનાની ઢબનું ભાષણ આપી પુત્રની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લેનાર;—આવા સમભાવશીલ, ઉદાર, વત્સલ પિતા લાલશંકર દવે હતા.

બીજું ચિત્ર લ્યો. બારતેર વરસનો એક કુમાર નાનકડી ધોતલી, લાંબું અંગરખું ને ધારી રાખેલે માથે મૂકેલી ટોપી એવા વેશમાં, ચોપડીઓ લઇ ઘેરથી શાળાએ જવા નીકળે છે. રસ્તામાં કાળકાદેવીનું મંદિર આવે છે, ત્યાં એ જાય છે. દફતર ખૂણામાં મૂકી એ ભક્તિભાવપૂર્વક માતાનાં દર્શન કરે છે. સ્વચ્છતા ને આભડછેટના એના ખ્યાલ એટલા તીવ્ર છે કે કોઇની સાથે વાત કરતાં કંઇ થૂંક ઊડયાનો જરા સરખો વહેમ પડે તો એ પોતાના અંગરખાની ચાળ વતી પોતાના હોઠ આખો દહાડો જોરથી ઘસ્યા કરે છે.

એના શાળાજીવનના એકબે પ્રસંગો સ્મરણીય છે. એક વાર **નર્મદ** બ્લૅકવેલ નામે કોઇ ઇશ્કી શિક્ષકના વર્ગમાં હતો. **નર્મદ**ને એની સાથે પહેલેથી બનતું નહિ. એક દિવસ વર્ગમાં લખાવેલું કોઈ સમીકરણ **નર્મદે** પોતાની નવી ને સહેલી જ રીતે કરીને એ શિક્ષકને બતાવ્યું. શિક્ષકે તે ખોટું પાડયું ને ઉપરાંત વળી **નર્મદ**ને વર્ગ બહાર કાઢયો. **નર્મદ** આ સાંખે ? એ વખતે એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલ ને કૉલેજ બન્ને એક જ મકાનમાં બેસતી. એટલે કૉલેજનો મૅકડુગલ કરીને ગણિતનો અધ્યાપક ફરતો ફરતો **નર્મદ**ના વર્ગ પાસે આવી પહોંચ્યો. **નર્મદે** પોતાનો દાખલો બતાવી બ્લૅકવેલ સામે તેની આગળ રાવ ખાધી. મૅકડુગલે બ્લૅકવેલને કહ્યું, 'એનો હિસાબ સાચો છે ને એ તો હોશિયાર છોકરો છે.' આ વખતે 'બ્લૅકવેલનું મોઢું ચલ્લી જેવું થઇ ગએલું' એમ કવિ આનંદપૂર્વક નોંધે છે.

હવે આવે છે એક છાયાચિત્ર. ગદ્ધાપચ્ચીશીના

કારમા ચકડોળે ચડેલો એક જુવાન રાતદહાડો સામળની વિષયવાર્તાઓ વાંચ્યા કરે છે, છાનોમાનો લપાઇને સ્ત્રીઓની ખાનગી વાતચીતો સાંભળ્યા કરે છે, સ્ત્રીચરિત્રની કથનીઓમાં કૌતુકપૂર્વક લીન બને છે.

સં. ૧૯૧૧નો ભાદરવો મહીનો બેઠો છે. કવિ કૉલેજમાંથી ઘેર આવીને—સુરતમાં ઘર માંડવા ગએલા ત્યાં પત્નીનું અવસાન થતાં રાંદેર–સૂરતવાળી મહેતાજીની નોકરી છોડી, મુંબઇમાં ફરી પાછા કૉલેજમાં દાખલ થયા છે એટલે કૉલેજમાંથી ઘેર આવીને—ઘરની નાનકડી અગાશીમાં જોશભેર આંટા મારે છે.

પત્નીના અવસાન પછી એમનું ચિત્ત મોટી વંટોળચકરીમાં સપડાયું હતું. ઘડીમાં ઉદ્દામ વિષયલાલસામાં તો ઘડીમાં તીવ્ર વિરાગભાવમાં એ પડતું; ઘડીમાં એમને થતું કે કાયદાનો અભ્યાસ કરી વકીલ થવું; વળી થતું કે મામલતદાર બની ખૂબ સત્તા મેળવી પૂર દમામથી મહાલવું; વળી થતું કે સંસ્કૃત, મરાઠી, બંગાળી, હિંદી, ઉર્દૂ વગેરે ઘણી ઘણી ભાષાઓનો અભ્યાસ કરી સર વિલિયમ જોન્સ જેવા મહાન ભાષાશાસ્ત્રી બનવું; વળી થતું કે વિલાયત જઇને નામના મેળવવી; વળી થતું કે સ્વતંત્ર રોજી મેળવી વિદ્યાનંદમાં જિંદગી ગાળવી; ને આ બધાંમાં શું કરવું તે કાંઇ સૂઝતું નહિ. આવી દશામાં ધીરાનાં બેત્રણ પદ અકસ્માત્ એમના વાંચવામાં આવે છે, ને એમની તત્કાલીન વિરાગવૃત્તિને અનુકૂળ થઇ પડતાં તે કવિની જીભે ચડી જાય છે. પછી તો એનું સતત રટણ જ ચાલે છે. રટણમાં ને રટણમાં એ જ ઢાળનું એક પદ બે દિવસ પહેલાં તો બીજું આજે અત્યારે જ આપોઆપ રચાઇ જાય છે. આ બે પદ દ્વારા એમને પોતાના માનસિક રોગને નાબૂદ કરવાની 'બુટ્ટી' જડી જાય છે. એમને થાય છે કે મારું મન બીજી કોઇ રીતે સ્થિર થતું નથી ને આમ પદો રચવાથી શાંત સ્થિર બને છે, એટલે નક્કી થાય છે કે પદો રચવાં એ જ મારા ચિત્તરોગની જડીબુટ્ટી છે. તો બસ, મારે પદો રચવામાં જ જીવન ગાળવું. આ નિર્ણયે એમના બધા સંકલ્પવિકલ્પ શમી જાય છે અને નવા જોમથી અગાશીમાં આંટા મારતાં મારતાં એ સ્વગત બોલે છે કે: 'ભણવું, કમાવું, બૈરી કરવી એ સહુ આનંદને માટે છે, ને મને જ્યારે પદો બનાવવાથી આનંદ થાય છે ત્યારે હું તો એ જ કામ કરીશ—ને શેર જુવાર તો મળી રહેશે.' દ્રવ્યની નિઃસ્પૃહતા, સ્થૂલ સુખસગવડનો ત્યાગ કરવાની શક્તિ, એ મહત્તાનું પહેલું લક્ષણ. નર્મદે એના દૃઢ જીવનનિશ્ચયથી એ પહેલું લક્ષણ સિદ્ધ કરી બતાવ્યું. આ જીવનનિશ્ચયથી એના લાંબા મનોમંથનનો અંત આવ્યો ને એને માટે નવી જ કારકીર્દિ શરૂ થઇ. ત્રેવીસમી વરસગાંઠથી એના આ નૂતન જીવનનો આરંભ થયો.

હવે પ્રબળ ઇચ્છાશક્તિ, ખંત ને ઉદ્યોગ એ ગુણોના ચિરસ્મરણીય આલેખન જેવું આ ચિત્રઃ ત્રેવીસ વરસનો નર્મદ, ધોતિયું, અંગરખું ને ધંટીના પડ જેવી પાઘડી પહેરી, જમણા હાથમાં કાગળની થોકડી તથા ડાબા હાથમાં દોરી બાંધેલો શાહીનો ખડિયો પકડી કાને કલમ ખોસી સૂરતની એક ખૂણાની ગલીમાં સવારના આઠને શુમારે આવી પહોંચે છે. ગલીમાં એક દાદુપંથી કડિયાનું સાદું પણ સુઘડ મકાન છે ત્યાં એ જાય છે. કડિયો એને આવકાર આપી, પટારામાં ખૂબ જતન કરીને મૂકેલું પોતાના ગુરુ લાલદાસનું 'છંદરત્નાવળી' નામે હસ્તલિખિત પુસ્તક કાઢી આપે છે. નર્મદ જાણે મોટી થાપણ મળી ગઇ હોય એવા હર્ષભાવથી તે લે છે અને નીચે બેસી ભોંય પર કાગળ રાખી બે અઢી કલાક સુધી તેની નકલ કર્યા કરે છે. કડિયા માજન ભગત માણસ છે, એટલે નવ વાગ્યાથી તેને ત્યાં સત્સંગીઓની મંડળી ઘરના ચોકમાં જામવા માંડે છે અને ભજનકીર્તન, કથાવાર્તા તેમ જ્ઞાનચર્ચા શરૂ થાય છે. નર્મદને આ બધું નકલકાર્યમાં વિક્ષેપકર્તા થઇ પડે છે એટલે વચ્ચેવચ્ચે આ મંડળી સામે કચવાતે મોંએ જોતો જોતો બને તેટલી ઝડપે નકલ કર્યે જાય છે. અગિયારેક વાગ્યે જમવાનો વખત થતાં ગોરધન કડિયાને એ વિનવે છે કે 'આંહીં તમારે ત્યાં તો રોજ મંડળી જામે છે, તેના અવાજમાં મને ઉતારવું ફાવતું નથી. તો થોડા થોડાં પાનાં મને ઘેર લઈ જવા દ્યો તો ઉતારી રોજનાં રોજ તમને પાછાં પહોંચાડીશ.' બે દિવસના સહવાસથી સારી છાપ પડેલી એટલે ગોરધન કડિયો કોઇને ન ધારતો તે પુસ્તકનાં થોડાં પાના ને થોડાંક રંગીન ચિત્રકાવ્યો કવિને આપે છે. કવિ ખૂબ આનંદમાં આવી જાય છે ને આ બધું લઇને ઘર ભણી જવા રવાના થાય છે. રસ્તામાં એક ઓળખીતા ચિતારાની દુકાને આવી પેલાં રંગીન ચિત્રોની

નકલ કરવાનું તેને સોંપે છે. ઘેર જઇ જમી કારવી કવિ પેલી 'છંદરત્નાવળી'ની નકલના કામમાં લાગી જાય છે. નમતે પહોરે ચિતારાની દુકાને જઈ ચિત્રોની નકલ તૈયાર થઇ ગઇ હોય તે લઇ આવે છે ને મોડી રાત સુધી બેસી તેમાં મૂળમાં જોઇ જોઇ અક્ષરો પૂરે છે. આમ લાગટ મહેનત લઇને પિંગળનું રહસ્ય પ્રાપ્ત કરી લે છે તથા કવિપદની પાકી તૈયારી કરી લે છે.

અને હવે આવે છે એના સકળ જીવનના કેન્દ્રરૂપ, એના સમગ્ર ચારિત્ર્યના વિધાયક જેવો અને એની સમસ્ત મહત્તાનું તેમ ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિનું નિર્માણ કરનારો મહાન પ્રસંગ. 'હું તો મારે પદો જ રચીશ, ને શેર જુવાર તો મળી રહેશે' એ નિશ્ચય કર્યાને ત્રણ વરસ થઇ ગયાં છે. આ ત્રણ વરસમાં કવિએ પોતાની નેમ પાર પાડવાને વિસ્મયજનક વિકાસ સાધ્યો છે. પિંગળ શબ્દની પણ ખબર નહોતી તેણે સ્થળેસ્થળે તપાસ કરી, રખડીરવડી, એ વિષયનાં જુદાંજુદાં સંસ્કૃતપ્રાકૃત પુસ્તકો મહામહેનતે મેળવી તેનું જ્ઞાન સંપાદન કરી લીધું છે અને ગુજરાતી ભાષામાં પહેલો જ પિંગળપ્રવેશ સપાટાની સાથે રચી નાખી પ્રકટ કરી દીધો છે. એ જ રીતે અલંકારપ્રવેશ ને રસપ્રવેશ પણ ઉપરાઉપર બહાર પાડ્યા છે. બાજુમાં 'સાદસ દેસાઇ' 'લલિતા' આદિ અત્યારની 'નર્મકવિતા'ની પચાસેક પાનાં જેટલી છૂટક કવિતા પણ લખી નાખી છે. આ બધું જોઇને કાવ્યપ્રદેશમાં આ કોઈ નવો જ સૂર્ય ઊગ્યો છે એમ લોકોને લાગવા માંડ્યું છે. કવિને પણ પોતાની સિદ્ધિથી સ્વાભાવિક રીતે જ આત્મવિશ્વાસ આવતો જાય છે. કવિતાની આરાધનાની સાથે કૉલેજનો અભ્યાસ પણ બરાબર ચાલે એ તો અશક્ય જ હતું, એટલે કૉલેજને એણે છેલ્લી સલામ કરી છે, ને પ્રારંભમાં ગોકળદાસ તેજપાળ હાઇસ્કૂલમાં તથા પાછળથી એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટની સેન્ટ્રલ સ્કૂલમાં નોકરી લીધી છે. પણ કેટલાક વખતથી એના ચિત્તમાં વળી એક બીજી ગડમથલ શરૂ થઇ ગઇ છે. કાવ્યરચનામાં પોતાને મળેલી સફળતા ઉપરથી એને પ્રતીતિ થાય છે કે શાળાના શુષ્ક વાતાવરણમાં પોતાની શક્તિનો દુર્વ્યય જ થઈ રહ્યો છે, ને પોતે કવિતાક્ષેત્રમાં હજુ ઉચ્ચતર કાર્ય કરી શકે એમ છે, પણ આજીવિકાની દુગ્ધામાં એ વિષયની પાછળ જેટલાં સમયશક્તિ આપવાં જોઇએ તેટલાં આપી શકાતાં નથી. આ દશામાંથી કોઇ પણ ઉપાયે છૂટવું જોઇએ એમ એને કેટલાક સમયથી લાગી ગયું છે. પણ બીજી બાજુ નિર્વાહનો પ્રશ્ન પણ ગંભીર છે, એટલે શું કરવું તે સહેજે નક્કી થઈ શકતું નથી. પણ આજે એ સહસા નિશ્ચય કરી નાખે છે કે હવેથી કોઇ પણ જાતની નોકરી કરવી જ નહિ ને કેવળ શારદાસેવનમાં જ સમગ્ર જીવન ગાળવું. એટલે આજે સેન્ટ્રલ સ્કૂલમાં એણે રૂ. ૪૦)ની જગ્યાનું રાજીનામું આપી દીધું છે, ને સાંજે ઘેર આવી એ, પોતાની અનન્ય ઇષ્ટદેવતા પ્રત્યે જુએ એવા ભક્તિભાવપૂર્વક મેજ પર પડેલી પોતાની કલમ પ્રત્યે જુએ છે, ને લોકોત્તર ભાવોદ્રેકથી આંખમાં આવી ગએલાં ઝળઝળિયાં સમેત ગદ્‌ગદ કંઠે એ તેને માનસિક સંબોધન કરી ઊઠે છે કે 'હવે હું આજથી તારે ખોળે છઉં.' આજે પોણોસો વરસ પછી પણ જંઇ જંઇ માટે મરી ફીટનાર વેપારપ્રધાન ગુજરાતમાં કલમને ખોળે માથું મૂકતાં ભલભલાની પણ છાતી ચાલે એમ નથી, એ જોતાં કવિના એ પગલામાં જે શૌર્ય શ્રદ્ધા, ને ત્યાગ રહેલાં હતાં તેના પ્રતિ ભક્તિપૂર્વક મસ્તક નમ્યા વિના રહેતું નથી.

નર્મદદલપત ઝઘડો આપણા સાહિત્યમાં ખૂબ મશહૂર છે. એ ઝઘડાનાં મૂળ કેવી રીતે રોપાયાં એ જોવા જેવું છે. સં. ૧૯૧૫ના જેઠ માસની એક સાંજે મુંબઇમાં શેઠ ભગવાનદાસને બંગલે વાલકેશ્વરમાં એક નાનકડી મંડળી મળી છે. અમદાવાદથી કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇ આંખનું ઓસડ કરાવવા આવ્યા છે, તેમને મળવાને ઉત્સુક એવા મુંબઇના કેટલાક જુવાન શેઠિયાઓ એકઠા થયા છે. બંગલાના વિશાળ દીવાનખાનામાં એક ગાદી પર કવિ દલપતરામ સફેદ પોશાક પહેરીને બેઠા છે. ગાદીની કોર આગળ બાજુમાં તકિયા કને એમનો ભાણેજ બેઠો છે. નજીકમાં એક તરફની ગાદી પર ઓરીએન્ટલ ટ્રાન્સ્લેટર વિનાયકરાવ વાસુદેવ અને તેને પડખે થોડાં વરસથી પંકાવા લાગેલો જુવાન કવિ નર્મદ એ બે જણ બેઠા છે. બીજી બાજુએ 'બુદ્ધિવર્ધક સભા'ના પ્રમુખ ગંગાદાસ કિશોરદાસ તથા આ સમારંભ યોજનાર યજમાન શેઠ ભગવાનદાસ બિરાજ્યા છે. શેઠિયાઓમાંથી કોઇકોઇ હાથમાં હુક્કો લઇ અવારનવાર તેની ઘૂંટ લઇ રહ્યા છે. સાડા છને શુમારે

શેઠ ભગવાનદાસ નર્મદને સંબોધીને કહે છે કે 'થોડું કવીશ્વર દલપતરામભાઇ બોલે ને થોડું તમે બોલો.' 'પિંગળપ્રવેશ' આદિ પુસ્તકો તથા 'ગુરુશિષ્યના ધર્મ' આદિ નિબંધોના લેખક, પોતાનાં ગદ્યપદ્યાત્મક ભાષણોથી 'બુદ્ધિવર્ધક સભા' ગજાવનાર નર્મદની પ્રતિષ્ઠા મુંબઇમાં તો સ્થાપિત થઇ ચૂકી છે, પણ હજુ એને દલપતરામ જેવા વરસોથી કવિતાક્ષેત્રમાં ઘૂમતા ને એકે અવાજે વખણાએલા કવિની સામે ઊભા રહેવા જેટલી આત્મશ્રદ્ધા આવી નથી. એટલે છટકી જવા માટે એ કહે છે: 'દલપતરામભાઇને સાંભળવાની તમારી જેવી આતુરતા છે તેવી જ મારી પણ છે. ને મારૂં તો તમે ઘણી વાર સાંભળ્યું છે.' પછી દલપતરામને સંબોધીને નર્મદ કહે છે, 'ચલાવો આપ.' દલપતરામ ધીરે રહીને ઊભા થઈ પ્રથમ હિંદી કવિત બોલે છે. પછી હોપસાહેબ ને દોલતરામ એવાં નામ નીકળે એવી બાહ્યાંતરલાપિકાવાળું ગુજરાતી કવિત બોલી તેની અંદરની ખૂબી શ્રોતાઓને સમજાવે છે. વણિકો ખુશ થાય છે, પણ નર્મદ જરા મુખ મરડે છે. પછી દલપતરામ પોતાના ભાણેજના સાથમાં 'જાદવાસ્થળી'માંથી કેફનિષેધક પંક્તિઓ ગાઈ સંભળાવે છે. એક બાજુથી શેઠિયાઓના હુક્કાનો ગુડગુડાટ આવે છે ને બીજી બાજુ દલપતરામ આમ કેફ વિરૂદ્ધ બોધ આપે છે એ જોઈ નર્મદ મનમાં હસે છે કે આ બધા હુક્કા લઇને બેઠા છે એની આગળ કેફ ન કરવા વિશે બોલવું એ તો ભેંશ આગળ ભાગવત! 'જાદવાસ્થળી' પૂરી થતાં શ્રોતાઓનાં પ્રશંસાવચનો વચ્ચે દલપતરામ બેસી જાય છે ને તરત વિનાયકરાવ મોટે અવાજે બોલી ઉઠે છે કે 'હવે આપણે આપણા મુંબઈના કવિને સાંભળીએ.' નર્મદને ઊંડેઊંડે બીક છે કે પોતાની કવિતા દલપતરામ આગળ કદાચ ફીકી પડશે. એટલે એ કહે છે કે 'આજે તો નહિ જ.' પણ વિનાયકરાવ તો હઠ લઇને જ બેઠા છે કે 'મુંબઈના કવિને સાંભળ્યા વિના આંહીંથી ઊઠવું જ નથી.' નર્મદ ગભરાય છે; પણ ઊઠ્યા વિના ચાલે એવું નથી એટલે ઊભો થાય છે ને દલપતરામ સામે જોઈ વિનયપૂર્વક કહે છે, 'દલપતરામભાઈ તો સાગર છે ને ઘણાં વરસ થયાં કવિતા કરે છે, અને હું તો ખાબોચિયા જેવો ને નવો જ શિખાઉ છઊં. એમને કવિતા કરતાં વીસ વરસ થયાં ને મને તો હજુ ચોથું જ ચાલે છે. એટલે એમના જેવું કશું મારી પાસે નથી, પણ વિનાયકરાવનો આગ્રહ છે માટે બોલું છ.' આમ કહીને ઝંપલાવે છે ને પોતાના 'રસપ્રવેશ'માંથી દોહરા ને માલિની એક પછી એક લલકારવા લાગે છે. શ્રોતાઓ 'દંગ' થઈ જાય છે. વિનાયકરાવ કવિને પડખે જ એને ખભે હાથ મૂકીને ઊભા છે ને જેમજેમ આ શ્લોકો બોલાતા જાય છે તેમતેમ વચ્ચેવચ્ચે ઉત્સાહથી પીઠ થાબડતા થાબડતા 'વાહ વાહ, ખૂબ કીધી', વગેરે કહેતા જાય છે. નર્મદ પગ વતી તેના બૂટ દબાવે છે કે 'હવે બહુ વાહવાહ કરો મા, દલપતરામ ખિજાશે'; પણ પેલા તો બોલ્યે જ જાય છે. દલપતરામ આ બધું જોઈ રહે છે. તેને આ ઊગતા કવિમાં કોઈ પ્રબળ પ્રતિસ્પર્ધી છુપાઈ રહેલો લાગે છે. તે પછી તો નર્મદે દલપતને પોતાને ત્યાં બોલાવી બાસુદીપુરી જમાડેલાં; પણ આ સભા પછી બન્નેનાં દિલમાં સ્પર્દ્ધાનાં બીજ ઊંડાં વવાઈ ગએલાં. ને તેને એ વખતનાં વર્તમાનપત્રોએ જાતજાતની ટીકા કરીને ને 'હિંદી પંચે' તો બન્ને એકબીજાની ચોટલી પકડીને લડતા હોય એવું ચિત્ર છાપીને ખૂબ પોષેલાં. આ બધી ચર્ચાચર્ચી ને કટાક્ષપરંપરાથી બન્નેનાં દિલમાં આંટી પડી ગઈ ને લાંબા વખત સુધી છૂટી નહિ. દલપતરામ મુંબઇમાં આઠ માસ રહ્યા, એ દરમિયાન એ બન્નેની કવિતા સાંભળવા લોકોની અનેક સભાઓ થવા લાગી. બન્ને કવિ પણ જાણે પોતાની કસોટીનો ખરો પ્રસંગ આવ્યો હોય ને એકએકથી જરા પણ ઊણા નહિ ઊતરવાનો ઠરાવ કરીને બેઠા હોય એમ ઘૂમવા લાગ્યા. નર્મદ કહે છે કે 'એ દિવસોમાં મને ને કવિ દલપતરામને રાતદહાડો ઝંપ ન્હોતો.' આમ આ સમાગમને લીધે એ બન્ને કવિનાં મન તો ચડસાચડસી પર આવી ગયાં, પણ એથી ગુજરાતી સાહિત્યને મોટો લાભ થયો. અત્યાર સુધી કવિતા એટલે શું તેની જ મુંબઈના આમવર્ગમાં કોઇને ખબર નહોતી. નર્મદના 'પિંગળપ્રવેશ' વગેરેથી લોકો તેમાં કંઇક ચંચુપાત કરવા લાગ્યાં હતાં, તેવામાં દલપતરામ આવી ચડ્યા ને વર્તમાનપત્રોમાં ઉભય કવિ વિશે પુષ્કળ ચર્ચા ચાલી તેથી લોકોનું કવિતા તરફ ખૂબ લક્ષ ખેંચાયું ને સૌ હવે તેમની બન્નેની કવિતા વાંચવા લાગ્યાં. બીજો લાભ એ થયો કે નર્મદ દલપત બન્નેનાં દિલમાં હરીફાઇનાં મૂળ રોપાયાં તેથી બન્નેના વિકાસને

અત્યંત વેગ મળ્યો. ત્યારથી બન્નેની દૃષ્ટિ સતત રીતે અન્યોન્ય પર રહ્યા કરતી ને કોઇ રીતે પોતે સામા કરતાં પાછળ ન પડી જાય તેની ખાસ ચીવટ બન્ને રાખતા. નર્મદને તો આ વખતે મનમાં ખાસ વસી ગયું કે દલપતરામ ઘણાં વરસથી કવિતા કરે છે માટે એમનો કાવ્યસંગ્રહ બહુ મોટો છે, ને મારી શરૂઆત તો હજુ હમણાંની જ છે માટે મારો સંગ્રહ બહુ નાનો છે. તેથી એ તો જે કોઇ તક મળે તે ઝડપી લઇને કાવ્યો રચ્યાં જ કરતો. પરિણામ આપણો 'નર્મકવિતા'નો હજારેક પાનાનો દળદાર ગ્રંથ. દલપતપક્ષે પણ આ પ્રસંગની અસર જેવીતેવી નહોતી. તેને લાગી ગયું કે આ કોઇ સમર્થ પુરુષ કવિતાના પ્રદેશમાં પેઠો છે, એટલે જો બરાબર સાવધ નહિ રહીએ તો આપણને ઉથલાવી નાખી સમ્રાટપદ એ જ સર કરી લેશે. આથી આ છવ્વીસ વરસનો જુવાનિયો આજથી દલપતની દહેશતનો વિષય થઈ પડ્યો. એ શું કરે છે તેના પર તેની નિરંતર નજર ચોંટી રહેવા લાગી.

આ પ્રસંગથી નર્મદને જે ખ્યાતિ મળી તેમાં એની કૃતિઓ ઉત્તરોત્તર ઉમેરો જ કરતી રહે છે. અંગ્રેજી ભણેલા તો એના પર મુગ્ધ જ બની ગયા છે. એમને મન તો ગુજરાતનો સાચો કવિ એ જ છે. એનું નામ લોકોમાં ઘરગથુ થઇ પડે છે. મુંબઈમાં તો 'કવિ' શબ્દ જ નર્મદાશંકરનો વાચક બની જાય છે. એ બહાર નીકળે તો ઠેરઠેર લોકો એને જોવાને ટોળે મળે છે. કામપ્રસંગે એ સૂરત જઇને પાછા આવે તો દસ દસ હજારની મેદની એને લેવા બંદર પર જાય છે. મુંબઈ નગરીને ડોલાવનારા આ યુગમાં બે જ મહાપુરુષો થઈ ગયા: એક દ્રવ્યસૃષ્ટિનો સમ્રાટ પ્રેમચંદ રાયચંદ ને બીજો સાહિત્યસૃષ્ટિનો સમ્રાટ—જૂનાગઢનો એક જૂની ઢબનો શાસ્ત્રી પણ જેની નવી કવિતાથી મુગ્ધ થઈ એને કવિતા-કામિનીકાન્તનું નામ આપે છે એવો ચક્રવર્તી નર્મદ.

નર્મદજીવનનો કીર્તિકાળ હવે પૂરો થાય છે અને તિતિક્ષાકાળ શરૂ થાય છે.

સવારના નવેક થયા છે. કવિ પોતાના લેખનકાર્ય-માં મશગૂલ છે. એવામાં કોઈ કાઠિયાવાડી ડોસો ભલા-મણપત્ર લઇને કવિની પાસે આવે છે. કવિ તે વાંચીને પોતાના કારકુન નરભેરામને બોલાવી ડોસાને સો રૂપિયા આપવાનું કહે છે. આ વખતે કવિ કરજમાં ગળાબૂડ ડૂબી ગયા છે, ત્યાં એમની પાસે કોઈપણ યાચક ખાલી હાથે પાછો ફરતો નથી. એ પ્રમાણે આજે પણ એ આ ડોસાને મોટી રકમ આપવાનો હુકમ કરે છે. પણ નરભેરામ પાસે સિલકમાં રોકડા છસાત રૂપિયા છે. નરભેરામ ડોસાને પોતાની ઓરડીમાં લઈ જઈ ત્રણચાર દિવસ પછી એ રકમ પોતાની પાસે આવી લઈ જવાનું બાંધ્યે ભરમે કહી વદાય કરે છે, કવિને માથે મોટી રકમનું કરજ છે તે ઉપરાંત અનાજવાળા, દૂધવાળા વગેરેનું પરચૂરણ કરજ પણ વધી ગયું છે. તેથી ક્યાંયથી ઉધાર મળે એમ નથી. પેલા છસાત રૂપિયા પણ ચારેક દિવસના ચાપાણી વગેરેના રોકડા ખરચમાં ચટ થઇ જાય છે. ફક્ત એક પાવલી તેમાંથી સિલકે રહે છે. એ પાવલી સિવાય ઘરમાં અનાજનો કણ સરખો નથી. પાંચમે દિવસે નિત્યનિયમાનુસાર અગિયારેક વાગ્યે લખાણકામથી પરવારી કવિ નહાવા નીચે ઊતરે છે. કુટુંબ બધું સૂરત છે, એટલે રસોઇનો ભાર નરભેરામને માથે છે. પણ રસોડામાં જઇને જુએ છે તો બધું ઠંડુંગાર છે. ચકિત થઇને કવિ કારકુનને પૂછે છે, 'નરભેરામ, આજે આમ કેમ?' એટલે કારકુન સઘળી હકીકત સજળ નેત્રે સમજાવે છે. કવિ લગારે ક્ષોભ પામ્યા વિના શાંતિથી કહે છે: 'ઓહો, એમ છે? તો એમાં આટલો બધો ગભરાય છ શું? એ પણ એક રંગ છે! ઠીક, ચાલો, એ પાવલી છે તેમાંથી જે થાય તે કરો.' નરભેરામ બજારમાંથી બે આનાના પૌંઆ ને બે આનાનું દૂધ લાવે છે. એમાંથી અલ્પાહાર કરી જાણે કશું જ ન બન્યું હોય એમ સ્વસ્થ રીતે કવિ પોતાના સાહિત્યસેવનમાં ગૂંથાઇ જાય છે.કેટલી તિતિક્ષા! કેટલી અલિપ્તતા! ને આવી વિષમ સ્થિતિ છતાં નોકરી નહિ કરવાના નિશ્ચયને વળગી રહેવામાં કેટલી દૃઢતા ને વિરલ ચારિત્ર્યબલ? 'એ પણ એક રંગ છે!' સ્મશાનમાં પણ મુક્ત હાસ્ય કરનારા મહાદેવની જેમ આવી ઘોર વિપત્તિમાં પણ જીવનનો એક ન્યારો રંગ જ જોનાર કવિને પણ રંગ જ છે ને?

અને આ કોણ? મૃગચર્મ પાથરીને તેના પર એક દેદીપ્યમાન મૂર્તિ સૌમ્ય મુખમુદ્રા ધારણ કરીને બેઠી છે. કપાળમાં ત્રિપુંડ છે, ગળે રુદ્રાક્ષની માળા છે, હાથમાં ગૌમુખી છે, સામે ઋગ્વેદ યજુર્વેદની પોથીઓ તથા સરસ્વતીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરેલી છે, બાજુમાં બે

ઘીના દીવા બળી રહ્યા છે, ગૌમુખીમાં માળા ફરતી જાય છે ને મુખેથી 'ૐ સાંબશિવાય નમઃ'નો જપ થતો જાય છે. આ કોણ, નર્મદ ? જૂનું બધું નિંદનારો, મૂર્તિ-પૂજાને મિથ્યા માની પોતાના કુટુંબના દેવસમૂહને પંદર વરસ પર પડોશીને સોંપી દેનારો, મદ્યમાંસનું ઉઘાડે છોગે સેવન કરનારો નર્મદ ? હોય નહિ. પણ લાગે છે તો એ જ. એનું એ જ પ્રતાપી મુખ શોભી રહ્યું છે, પણ એમાં પ્રતાપની સાથે વિષાદની આછી છાયા પથરાઇ ગઇ છે. આંખોમાં એનું એ બુદ્ધિતેજ ચમકી રહ્યું છે, પણ બુદ્ધિની પેલી પાર પણ કંઇક અગમ્ય તત્ત્વ છે ખરૂં એવી પ્રતીતિ થતાં એનું અભિમાન ઓસરી ગયું છે ને એ શાન્ત બન્યો છે. જગત સામે ઝૂઝવાનું બળ હજુ ચાલ્યું નથી ગયું, પણ એમ ઝગડવામાં હવે એને બહુ સાર લાગતો નથી. એ કરતાં તો જાત સામે ઝગડવાની એને વિશેષ જરૂર લાગે છે. આ બધું શાથી થયું ? વાંચો 'ધર્મવિચાર'. દુનિયાના જાતજાતના રંગો એણે વીસ વરસમાં જોયા. સુધારાપક્ષનો દંભ, એની કાયરતા, એનો કુસંપ ને એનો સડો એણે નિરખ્યો; સ્નેહનાં જૂઠાણાં, પુરુષપ્રયત્નની મર્યાદા, અદશ્ય શક્તિનું સામર્થ્ય એ સઘળું એણે અનુભવ્યું; દેશદેશના ઇતિહાસના અભ્યાસે—પૃથ્વી પર આજસુધીમાં થઈ ગએલાં અનેક રાજ્યોના રંગોના દર્શને—સંસ્કૃતિનાં સ્વરૂપ ને નિયમોનો એને ખ્યાલ આપ્યો; એટલે હવે એને પોતાના પૂર્વજીવનની સુધારાપ્રવૃત્તિ ભૂલભરી લાગી છે ને એ ભૂલ નામર્દાઇથી છુપાવી ન રાખતાં છડેચોક એણે 'ભૂલ્યા રે ભાઈ ભૂલ્યા !' 'ભાઈ, ભૂલ્યા રે પાછા હઠો, હઠે દુઃખ ભાગે' એવો પોકાર કરવા માંડયો છે. એ આ પરિવર્તનનો ખુલાસો.

નવલરામકૃત 'કવિજીવન'માં વાંચીએ છીએ કે કવિને આખર અવસ્થાએ મિત્રોના આગ્રહને વશ પોતાનો ટેક છોડી નોકરી લેવી પડી હતી. એ શી રીતે બનેલું ? આ રહ્યું એ પ્રસંગનું ચિત્ર.

સાંજના ૭ થયા છે. કવિ પોતાના ઇષ્ટમિત્રો સાથે બેઠા છે. જુદાજુદા સાર્વજનિક પ્રશ્નો પર ઉત્સાહભેર ચર્ચા ચાલી રહી છે. કવિ સૌની વાત આદરપૂર્વક સાંભળીને છેલ્લે પોતાનું દૃષ્ટિબિન્દુ સચોટ રીતે મૂકે છે. એવામાં એક પરબીડિયું મળે છે. ખોલીને વાંચતાં જ કવિના અંતરમાં મર્મદારક મંથન શરૂ થતું મુખ પર જોઈ શકાય છે. આશ્ચર્ય, ક્રોધ, ગ્લાનિ ને દીનતાના ભાવોની પરંપરા સપાટાબંધ મુખ પરથી પસાર થઈ જાય છે, ને પળવારમાં જ આંખમાંથી આંસુની ધાર થાય છે. કશું જ બોલ્યા વિના કવિ એ પત્ર પોતાની પડખેના મિત્રને વાંચવા આપે છે, તે બીજાને આપે છે, એમ મંડળમાં સૌના હાથમાં તે પસાર થાય છે. પત્રમાંની હકીકતથી સૌ પહેલેથી જ વાકેફ છે, પણ કવિની અત્યારની દર્દભરી હાલત દેખી લાંબા વખત સુધી કોઈના મોંમાંથી શબ્દ જ નીકળી શકતો નથી. આખરે કવિ જ એ મૌન તોડે છેઃ 'ચોવીસ ચોવીસ વરસ સુધી પાળ્યા પછી પણ આખરે ટેક મૂકવાનો વખત આવ્યો ! હું તમને સૌને કહેતો હતો કે ભાઈ, કવિરાજ કહેવું રહેવા દ્યો; પણ તમે ન માન્યું ને જુઓ હવે કવિદાસ કહેવડાવવાનો વારો આવ્યો. વાત બધી તમે જાણો જ છો. તમારા જ પ્રયાસનું આ પરિણામ છે, એમ મારો અંતરાત્મા સાક્ષી પૂરે છે. ભલે, સૌની એમ જ ઇચ્છા હોય તો તથાસ્તુ ! મારા અંતરનું મંથન એક હું જ જાણું છું. "કોડી સદાવ્રતની આ મારી રે, ભૂખ્યા ભક્તિના તું રાખજે ભરી." એમ ગાનારને જ સદાવ્રતનું અન્ન ખાવાનો સમય આવ્યો ! પરમાત્મા, તારી લીલા અકળ છે, તો આજ સુધી તંગ ખેંચી રાખેલી લગામ હવે તારા જ હાથમાં મૂકી દઉં છું.'

આ નોકરી કવિએ સાડાત્રણ વરસ જ કરી, પણ આજથી એમના મુખ પરથી સ્મિત સદાને માટે ઊડી જાય છે. કવિના આ સેવાસ્વીકારથી સૌ ખુશ થાય છે. એક એના સુખદુઃખની સાચી ભાગિયણ એની ધર્મપત્ની ડાહીગૌરીને એ વાત ગમતી નથી. જે દિવસે નોકરીનો પત્ર આવેલો ને નર્મદની આંખમાંથી અત્યંત દુઃખનાં આંસુ પડેલાં એ જોઇને તેને પુષ્કળ પીડા થએલી ને ત્યાં બેઠેલા મિત્રોને સંબોધીને તે છેડાઇને બોલી ઊઠેલી કે 'તમે સૌએ ભેગા મળીને આ શું કરવા માંડયું છે ? મારા ઘરની દીનતા કોણ ક્યારે દેખી ગયું કે મારા સિંહને તમે પાસલામાં નાખો છો ? મારો રાજા કોઇનો દાસ છે નહિ ને થશે પણ નહિ. એમને પરાધીન બનાવી એમનો જીવનનિયમ કેમ તોડાવો છો ?' કવિપત્નીના આ ટેકપ્રેમને, પતિ સાથેની તેની તાદાત્મ્યવૃત્તિને, અને એના પ્રત્યેના તેના પ્રેમાર્દ્ર ભક્તિભાવને ધન્યવાદ જ ઘટે છે. કવિની અનેક ખેવકાઇઓ છતાં ને ઘરમાં જ

એ વિધવાને એણે આશરો આપેલો છતાં એના પ્રત્યેના પોતાના ભાવમાં લેશમાત્ર ન્યૂનતા ન આવવા દેનાર ડાહીગૌરી ખરેખર નંદશંકરે કહેલું તેમ અર્વાચીન યુગની સતી જ ગણાય, અને એવી સતી સ્ત્રીના ઉલ્લેખ વિના કવિની આછી જીવનરેખા પણ અપૂર્ણ જ લેખાય.

અને હવે આવે છે અંતિમ દૃશ્ય. સં. ૧૯૪૨ની શિવરાત્રિનો દિવસ છે. લાંબી માંદગી છતાં કવિ આજે મૃગચર્મ બિછાવીને તે પર બેઠા છે. સામે બે સ્ત્રીઓ ને એક કૉલેજિયન બેઠાં છે. સ્ત્રીમાં એક ડાહીગૌરી પોતે છે. કૉલેજિયન તે કવિએ પોતાના ઘરમાં રાખી ભણાવેલ, પોતાના કારકુનનો પુત્ર રાજારામ શાસ્ત્રી છે. જીવનદીપ બુઝાઈ જવાની તૈયારીમાં છે. કવિને તેનું ભાન છે, તેથી પોતાનાં સ્વજનોને પાસે બોલાવી છેલવેલ્લું જીવનનિવેદન કરી લેવા બોલવા માંડે છે: 'ત્રેપન વરસ થયાં મને. એ ત્રેપન વરસના ગાળામાં જગતના કેટલા પાર વિનાના રંગો જોયા મેં, ને જગતે પણ મારા કેટલા પાર વિનાના રંગો જોયા? સંસારના કડવા મીઠા સઘળા સ્વાદો નિઃસ્પૃહતાથી ને નિર્ભયતાથી માણવા એ મારી મૂળથી જ પ્રકૃતિ હતી ને મેં એ પેટ ભરીને માણ્યા પણ ખરા. જીવનનું મોટું સદ્ભાગ્ય સમજું છું એને. મારી બુદ્ધિ જે જે સમયે જ્યાં જ્યાં મને દોરી ગઈ ત્યાં ત્યાં તે તે સમયે નિઃસંકોચપણે મેં ઝોકાવ્યું ને તેના પરિણામે જે સુખદુઃખ આવ્યાં તે આનંદપૂર્વક વધાવી લીધાં. મારા પૂરતો મને એમાં જરાએ હર્ષશોક નથી. પણ એમાં એક વાત ખોટી થઈ ગઈ, મારા એ સ્વચ્છંદથી, ડાહી, તારે બહુ સહન કરવું પડ્યું. સ્ત્રીસ્વભાવ જ સહનશીલ છે, પણ તેમાંએ તેં તો અવધિ કરી. માટે જ તને ઘણીવાર હું દેવી કહું છું. તારી આ પાત્રતા જોઈને વંદન જ કરશે સૌ તને. . . .
ને રાજુ, જો, સમય અવ્યવસ્થિત છે, લોકસમૂહ બેહદ સ્વચ્છંદી બની ગયો છે. આજના યુવકો પાશ્ચાત્ય પ્રવાહમાં ઘસડાઈ જવાના છે. તું પણ તેમની પેઠે ઘસડાઈ ન જાય માટે મારા જીવનનું ઝીણવટથી અવલોકન કરજે. લક્ષમાં રાખજે કે આજ સુધીનાં તમામ તત્ત્વશાસ્ત્રો ને ધર્મોનું મેં નિષ્પક્ષપાત નિરીક્ષણ કર્યું હતું, ને અનેક માર્ગોમાં ફાંફાં મારી આખરે હું આર્યમહર્ષિઓના માર્ગમાં પાછો આવ્યો છું. સૌની પણ એ જ દશા થવાની છે, અથડાઈકુટાઈને સૌ એ જ માર્ગે પાછું આવવાનું છે. જમાનો વિચિત્ર છે. ઘણી વાર તને શંકા થશે, ઘણી વાર મન પાછું હઠશે, ઘણી વાર સ્નેહી મિત્રો આડેઅવળે રસ્તે લઈ જવા મથશે, પણ એ બધા સંજોગોમાં અડગ રહી સ્વધર્મને વળગી રહેજે. ભૂલીશ નહિ કે स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः જય સાંબ સચ્ચિદાનંદ!' આવો આખરી આદેશ આપીને આ સત્યવીરે જીવનલીલા સંકેલી લીધી.

આ જીવનનું જરાક સમગ્રદર્શન કરી જુઓ. આંહીં તો એનો અંશમાત્ર જ આલેખી શકાયો છે, છતાં ખરેખર અદ્ભુત નથી લાગતું તે? સાધારણ રીતે સાહિત્યકારનું જીવન પાંખું, સાદું કે લૂખું જ હોય. જન્મ્યો, ભણ્યો, કમાયો, મર્યો એથી વિશેષ તેમાં ભાગ્યે જ કંઈએ કહેવાનું જડે. ત્યારે આ સાહિત્યકારશિરોમણિનું જીવન કેટલું ઘટ્ટ ને ભરચક, કેટલું સંકુલ અને કેટલું રોમાંચક? કોઈ જૂના જમાનાના બહારવટિયાની કથા જેવી એ રોમાંચક નથી લાગતી? વહેમજાળ, રૂઢિ, સમાજ આદિની સામે જીવનભર ઝૂઝવામાં એણે એટલું જ શૌર્ય, ધૈર્ય ને સામર્થ્ય નથી દાખવ્યું? સુખદુઃખ, ચડતી-પડતી, રાગવિરાગના અજબ પલટા પણ એના જીવને કેટલા બધા અનુભવ્યા છે? આજે એ દ્રવ્યની છોળોમાં રમતો હોય; કાલે 'ડાંડિયા'માં એની કલમ કોઈક જ્ઞાતિ કે વર્ગને ઘાયલ કરે, એટલે થોડા જ દિવસમાં એનાં પુસ્તકોની ઘરાકી જ ઘટી જાય, એણે માથે લીધેલા કોઈ કામને મળતો આશ્રય જ બંધ થઈ જાય, ને ઘરખટલાના જબરા ખર્ચને લીધે થોડા જ વખતમાં પૈસાની તંગી પડવા લાગે એટલે દહાડામાં દસ વાર 'દોઢિયાં!' એમ ઊંડો નિઃશ્વાસ નાખતો પણ તમે એને જુઓ. એક કાળે તમે એને ચાંદનીમાં બેસી શરાબના જામ ઢાલવતો દેખો, તો થોડા જ સમય બાદ તમે એને શુદ્ધ બ્રાહ્મણ બની 'નમઃ શિવાય'નો મંત્ર પૂરી આસ્થાથી જપતો પણ દેખો પાછા. એક વાર 'યાહોમ કરીને પડો'નું બ્યૂગલ બજાવી સૌને સુધારાના કાર્યમાં જોમભેર પ્રેરતો હોય, તો એનો એ જ નર્મદ પાછો 'ભૂલ્યા રે ભાઈ ભૂલ્યા! પાછા હઠો, જૂનું સંભાળો' એમ પડકાર પણ કરતો હોય. પોતાના કાવ્યસમૂહને 'સુધારાનું બાઈબલ' કહીને એક દિવસ એ અભિમાનમાં મહાલતો હોય તો કાળાંતરે વળી એ જ કાવ્યસમૂહ દીઠો પણ ન ગમતો હોય ને 'ખાપડે, બાળી નાખો, બાળી

નાખો એ. થોથું. મારી પાસે એનું નામ લેશો મા.' એમ ઊંડા આત્મ-તિરસ્કારથી એને ફેંકી પણ દેતો હોય. આટલી નાનકડી જિન્દગીમાં એણે કેટલાં તીવ્ર મંથનો અનુભવ્યાં છે? કેટલાં બધાં વમળોમાં અટવાતો ને વળી પાર ઊતરતો એ દેખાય છે આપણને? એનું સહેલાણીપણું, એની ધૂન, એની લાલાઈ, એનાં ઇશ્ક-તોફાનો, એની છોકરવાદીઓ એ બધું પણ કોઈ વિલક્ષણ પ્રકારનો રસ નથી આપતું? આદિથી અંત સુધી જોઈએ તો કાવ્યશાસ્ત્રના મુખ્ય મુખ્ય સઘળા રસોનું કોઈ રમણીય સંયોજન નથી થયું લાગતું એના જીવનમાં? શૃંગાર, વીર, કરુણ ને શાંત એ પ્રધાન રસોની તો છોળો જ નથી ઊછળતી એમાં? નાના રસથી નીગળતું, આબાલવૃદ્ધ સર્વ પ્રકારનાં મનુષ્યોને આકર્ષક થઈ પડે એવું—ચરિત્ર જેના ઉપરથી લખી શકાય એવું અનેકરંગી જીવન ગુજરાતના વિદેહ સાક્ષરોમાં કોઈ ગાળી ગયો હોય તો તે નર્મદ જ છે.

યૌવનમૂર્તિ

યૌવનનું સ્થૂલ પ્રાકૃત સ્વરૂપ તે શક્તિનો ઉદ્રેક છે. યુવાન દેહમાં શક્તિનો ઓઘ ઊભરાતો હોય છે. એનાં શરીર મન ઉભયમાં ચેતન લખલખતું હોય છે. આ બધો બળપ્રવાહ હાલવવો કયાં તેનો એને જાણે કે વિચાર થઈ પડે છે. એ બળપ્રવાહ પછી ઉત્સાહ, સંકલ્પશક્તિ, ઉદ્યોગશક્તિ આદિ રૂપે મૂર્ત થાય છે. **નર્મદ**થી ઇષત્પરિચિત જન પણ જાણે છે કે તેનામાં આ સર્વ લક્ષણો પ્રબળ પ્રમાણમાં હતાં. એનામાં પણ શક્તિનો ઓઘ ઊછળતો હતો. 'આ કરી નાખું, તે કરી નાખું' એવી એની નિત્યની લગની હતી. ઉત્સાહથી ઊછળતું જીવનબળ એની નાડીઓમાં ધસમસી રહ્યું હતું. એ જીવનબળ આગળ એને કશું અશકય લાગતું નહિ. વિષમ સંજોગોમાં એણે કરેલી પિંગળજ્ઞાનની પ્રાપ્તિ એ એના સંકલ્પબળ ને જીવનબળના ઉદાહરણરૂપ છે. અને છેક ઉત્તરાવસ્થા સુધી તેનામાં યૌવનનું ઊભરાતું ચેતન તેમ ઉત્સાહ, ઉદ્યોગશક્તિ, અને ધાર્યું પાર પાડવાનું સામર્થ્ય આ પિંગળજ્ઞાનની પ્રાપ્તિ સમયે હતું તેથી પણ વિશેષ પ્રમાણમાં હતું તેનાં બે યાદગાર દૃષ્ટાંત એ ગુજરાતી વાઙ્મયને આપતો ગયો છેઃ (૧) 'નર્મકોશ' ને (૨) 'રાજ્યરંગ'. ભરજુવાન માણસ પણ જેના વિચારે થડકી જાય એવાં એ બે ગંજાવર કામો એણે ઊતરતી અવસ્થાના દિવસોમાં શરૂ કર્યાં અને પાર વિનાનાં વિઘ્નો છતાં અતુલ પ્રયત્ને એણે પાર પાડ્યાં. **નર્મદ** જેવો જબ્બર જુવાન જ તે કરી શકે. બાકી એકલે હાથે પહેલવહેલો કોશ કરવો એ રમતવાત નથી. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી સ્થપાઇ ત્યારથી કોશ કરવાની વાતો કરતી હતી, અને એના જેવી સંસ્થાને તો પ્રમાણમાં તે બહુ સહેલી વસ્તુ હતી, છતાં તે વાતો કરતી જ રહી, અને નર્મદે એ ધમાકામાં તૈયાર કરી નાખ્યો, અને તૈયાર કર્યા પછી પ્રકટ કરવામાં પારાવાર મુશ્કેલી પડ્યા છતાં તે સઘળીની સામે થઇ, 'ગરવી ગુજરાત'ને ચરણે તે ધર્યો ત્યારે જ નિરાંત અનુભવી શકયો તે એની ઊભરાતી યૌવનશક્તિનું જ પરિણામ છે. 'રાજ્યરંગ' જેવો આદિકાળથી આજ સુધીનો, દુનિયાનાં મુખ્ય મુખ્ય બધાં રાજ્યોનો ઇતિહાસ આલેખવાની એની યોજના પણ 'નર્મકોશ' જેવી જ ગંજાવર—સાધારણ માણસનાં હાંજાં ગગડાવી મૂકે એવી ગંજાવર—હતી. આજની ઘડીએ પણ એવું કામ માથે લેવાની હામ ગુજરાતમાં કોઇ ભીડી શકે એમ નથી, તો આજથી સાઠ વરસ પર **નર્મદે** તે માથે લઇ સંજોગોના પ્રમાણમાં ઉત્તમરૂપે પાર પાડયું એમાં જેવુંતેવું પરાક્રમ એણે દાખવ્યું નથી.

પ્રેમશૌર્ય એ યૌવનનો અસાધારણ ધર્મ છે, અને **નર્મદે** એની ભાવનાને પોતાના જીવનમંત્ર તરીકે સ્વીકારીને પોતે જ પોતાનું સનાતન યૌવન જાણે કે સિદ્ધ કરી બતાવ્યું છે. એનું આખું જીવન જ એણે સ્વીકારેલા આ-સૂત્રવાકયના વિવરણ જેવું છે. એનામાં પ્રેમવૃત્તિ પ્રબળ હતી એ તો જાણીતું જ છે. એ પ્રેમવૃત્તિ વ્યકિત આગળથી જ અટકી ગએલી નહિ. વ્યકિતથી આગળ વધીને એ નગર ને દેશ સુધી વિસ્તરેલી, અને શૌર્યનો તો **નર્મદ** અવતાર જ હતો. એના ચારિત્ર્યમાં જો કોઇ સૌથી આગળ તરી આવતું લક્ષણ હોય તો તે શૌર્ય જ છે. એના જીવનમાં જે ઉચ્ચતા આવી છે તે પણ મુખ્યત્વે કરીને એની વીરતાને જ આભારી છે. એના ચિત્તની સૌથી સાચી ને અકૃત્રિમ લાગણી પણ આ વીરતાની જ છે. એની કવિતામાં પણ સૌથી વધુ જીવશે તે એનાં વીરરસાત્મક કાવ્યો જ.

ધૂન એ યુવકચિત્તનું એક વિશેષ લક્ષણ છે. એનામાં ડાવકાઇ, શાણપણ કે સમતોલના બહુ નથી

હોતી, પણ વેગ, ખુમારી, ને એકાંગનિષ્ઠા વિશેષ હોય છે. યુવકજન મોટે ભાગે આત્મનિમગ્ન જ હોય છે. પોતાના જ ખ્યાલમાં મસ્ત રહેવું એ જ એનો બહુધા સ્વભાવ હોય. યુવાન હૃદયની આત્મશ્રદ્ધા, સ્વમાનવૃત્તિ, ને નિઃસ્પૃહતા એને સર્વદા આત્મનિરત રાખે છે. નર્મદ પણ આવો આત્મનિરત ધૂની જ હતો.

ગુજરાતી ભાષાને 'લાગણી' શબ્દ નર્મદે આપ્યો એ ઇતિહાસ બહુ સૂચક છે. અંગ્રેજી 'feeling' શબ્દનો કોઇ યથાર્થ પર્યાય જ આપણે ત્યાં મળતો નહોતો, એટલે એણે 'લાગવું' ધાતુ ઉપરથી આ 'લાગણી' શબ્દ તેને માટે નવો જ યોજી કાઢ્યો, અને એ નવી યોજના કરવાની સૌથી વિશેષ જરૂર એને હતી તેમ સૌથી વિશેષ લાયક પણ એ જ હતો, કેમકે એનું આખું જીવન જ લાગણી ઉપર રચાયું હતું. વિચાર નહિ પણ લાગણી એ જ એના જીવનનું પ્રેરક તેમ નિયામક બળ હતું. એના જીવન તેમ સાહિત્ય ઉભયમાં ક્યાં યે બહુ ઊંડો વિચાર આપણે જોઇ શકીશું નહિ, પણ સર્વત્ર પ્રબળ લાગણીનું જ દર્શન થશે.

નર્મદજીવનનું પરમ ગૌરવાન્વિત તત્ત્વ આ ચેતનભરપૂર યૌવન છે. એ યૌવનને પ્રતાપે જ ગુજરાતના ઇતિહાસમાં એ અમર છે. એનું આ યૌવનવિભૂષિત વ્યક્તિત્વ સૌને સદાકાળ આકર્ષ્યા કરશે.

જીવનભરનો જોદ્ધો

નર્મદને સંભારો એટલે તમને કોઈ વીર યોદ્ધો યાદ આવશે—સદાય યુદ્ધને જ ઉત્સવ માનનાર, હાથમાં માથું લઇને જ ઝૂઝનાર, સામી છાતીએ ઘા ઝીલતો ઝીલતો હસનાર, ને પ્રતિપક્ષીનું જોર જેમ ઝાઝું તેમ ઊછળી ઊછળીને લડનાર કોઈ વીર યોદ્ધો જ યાદ આવશે. જન્મે ને કર્મે એ બ્રાહ્મણ હતો, પણ સ્વભાવે એ ક્ષત્રિય હતો.

આ ક્ષત્રિયસ્વભાવને લીધે જ એને જિંદગી ભોગભૂમિ નહિ પણ રણભૂમિ લાગતી હતી. તેમાં તમે એને સદાય 'શૂર પુરુષને તેડું' કરતો, રણનો 'કારી કારમો ઉગ્ર ઊછળતો શંખનાદ' સાંભળતો, ને સાંભળતો તેવો જ 'હા ભૈયા હું તો આ ચાલ્યો' કરતો સત્વર ઊઠીને ધસતો જોશો. જીવનને એ પહેલેથી 'ભવરણ' જ કહેતો અને એ ભવરણમાં પરાક્રમ કરતાં કરતાં ઘૂમવું તેમાં જ એ કૃતાર્થતા લેખતો. નિત્ય નૂતન યુદ્ધમાં રાચતા વીર નર્મદના આ લડાયક જીવનના થોડાક અંશોનું દર્શન કરીએ.

નિર્ભયતા, હિંમત, સલામતીની બેતમા, સુખચેનની અલોલુપતા ને ફના થવાની તૈયારી એ સૌ વીરત્વનાં પ્રાથમિક લક્ષણો છે. આ બધાં લક્ષણો નર્મદમાં જોઇ શકાય છે. સુખસલામતીના મોહને માટે એને પણ તિરસ્કાર જ હતો, સ્વમાન સ્વાતંત્ર્યને ભોગે પણ સુખશાન્તિ જાળવી રાખવાં એવું કહેનારું શાણપણું એને ધિક્કારપાત્ર જ લાગતું હતું. એનું જીવનસુકાન પણ ઉપર જણાવ્યું તેમ વિચારના નહિ પણ લાગણીના હાથમાં હતું. અને નિર્ભયતાનો તો એ અવતાર હતો.

'વીર સત્ય ને રસિક ટેકીપણું અરિ પણ ગાશે દિલથી', એમ નર્મદ પોતાના ચારિત્ર્ય વિશે એના અવસાનસંદેશમાં કહે છે, અને તે સર્વથા સાચું છે. દુશ્મન પણ અંતઃકરણપૂર્વક સ્વીકારે ને હોંશે હોંશે ગાય એવા આ બે ગુણ તે એના ચારિત્ર્યની મુખ્ય વિશિષ્ટતા હતી. આ 'વીર સત્ય'—શૌર્યભરી સત્યનિષ્ઠા—એ આપણે ઉપર જણાવી તે નિર્ભયતાની નીપજ હતી.

નર્મદ મૂળથી જ નિર્ભય હતો, એટલે એ મૂળથી જ સત્યપ્રિય બન્યો હતો. કશાથી ડરવું તે એને હીચકારાપણું લાગતું હતું, તેથી કશું છુપાવવું કે અન્યથા કહેવું તેમાં પણ એને નામર્દાઈ જ લાગતી હતી. ટૉલ્સ્ટૉય ને નર્મદ વચ્ચે ઘણી વાતોમાં સામ્ય દેખાય છે, તેમાંની એક વાત આ હતી કે બન્નેમાં અસાધારણ સત્યનિષ્ઠા હતી. ટૉલ્સ્ટૉયની પેઠે નર્મદ પણ મહાન બની શક્યો ને એની ઉત્કટ સત્યપ્રીતિને લીધે નર્મદની આ ઉત્કટ સત્યપ્રીતિનું સર્વોત્તમ દૃષ્ટાંત તે એનો 'ધર્મવિચાર'. આ ગ્રંથમાંના એના વિચારોને આપણે ગમે તેવા કહીએ, પણ એમાં જે વિરલ સત્યનિષ્ઠા રહેલી છે તથા એ વ્યક્ત કરવામાં એણે જે અસાધારણ નિર્ભયતા ને નીતિબળ દાખવેલાં છે તેનાં તો વખાણ કર્યા વિના ચાલે એમ નથી. નર્મદને સ્થાને બીજો કોઈ અલ્પાત્મા હોત તો નવો પ્રકાશ મળ્યા છતાં તેણે ઘૂવડની પેઠે આંખો મીચી જ રાખી હોત ને એક વાર સ્વીકારેલા તથા અગ્રણીપદેથી પ્રબોધેલા સુધારાના મતોને કેમ છોડાય એવી ભીતિથી એમને નિર્બળતાથી વળગી રહ્યો હોત. છતાં એ કશા વિચારથી જરા પણ થડક્યા વિના જે બેધડકરીતે પોતાનું દૃષ્ટિપરિવર્તન એણે જાહેર કરેલું તે એની ઉચ્ચ કોટિની સત્યનિષ્ઠા પુરવાર કરે છે.

નર્મદનો 'ધર્મવિચાર' જેમ એના આત્મલક્ષી સત્ય-

પ્રેમ—પોતાની જાત પૂરતા સત્યપ્રેમ—નો પુરાવો છે તેમ એનો 'ડાંડિયો' એના પરલક્ષી સત્યપ્રેમ—અન્ય સૌ પણ સત્ય, શુદ્ધ, ન્યાયી, પ્રમાણિક હોવાં કે થવાં જોઇએ એવા સદાગ્રહ—નો પુરાવો છે. **નર્મદ** એટલે સૌથી પહેલો લડવૈયો, બીજું બધું પછી, એ વાતની અસંદિગ્ધ સાબિતી જોઈતી હોય તો આ 'ડાંડિયો' જોવો. તેમાં એણે પોતાના જમાનાના સમસ્ત શયતાન-દળ સામે જાણે કે જેહાદ જ પોકારેલી, ને અમલદારો, શેઠિયાઓ, આગેવાનો, વિદ્વાનો એ સૌ ઉપર એવા સખત સપાટા લગાવેલા કે ટૂંક મુદતમાં જ મોટા મોટા પણ તેનાથી થરથર ધ્રૂજવા લાગેલા. આ 'ડાંડિયા'માં **નર્મદ** સોળે કળાએ પ્રકાશી નીકળેલો. એની પ્રકૃતિનાં શુભાશુભ સઘળાં લક્ષણો તેમાં પૂર જોસથી ભભૂકી ઊઠેલાં. એની સત્યનિષ્ઠા, ન્યાયપ્રેમ, જુલમવિરોધ, સાર્વજનિક હિતની લાગણી, નિડરતા, લડાયકવૃત્તિ તેમ અશ્લીલતા, ટીખળ, મસ્તી, ઉદ્ધતાઇ, આખાબોલાપણું એ બધી એની સારીમાઠી ખાસિયતોનું 'ડાંડિયો' અતિ અનુકૂળ વાહન થઈ પડેલું. મોટા માંધાતાની પણ શેહમાં ન તણાતાં સૌને તડ ને ફડ કહી નાખવું એ જ એનો નિયમ હતો, અને 'ડાંડિયા'માં એનાં ઉદાહરણો ઠેરઠેર જડે છે. સમાજમાં જ્યાં જ્યાં એણે સડો દીઠેલો ત્યાં ત્યાં એ 'જોસ્સા'થી તૂટી પડેલો. અસત્ય સામેના એના આ જંગથી એને અળખામણું ખૂબ થવું પડેલું. ઘણા વગ-વાળા ને સમર્થ માણસો સાથે આથી એને અદાવત થએલી. જે જે વ્યક્તિ કે વર્ગનાં દૂષણો એ ખુલ્લાં કરતો તે તે વ્યક્તિ કે વર્ગની નાતરાજી એના પર ઊતરતી, ને **નર્મદ**ને એથી સારી પેઠે સોસવું પડતું. આ રીતે 'ડાંડિયા'ની નિડર સત્યપ્રિયતા ને જાહેર હિંમતથી **નર્મદ**ને જે સહન કરવું પડેલું તેનું એક જાણવા જેવું દૃષ્ટાંત એના સાહિત્યજીવનમાં મળી આવે છે. **નર્મદે** પોતાની ઉત્તરવયનાં કેટલાંક વરસો ગુજરાતી ભાષાનો કોશ તૈયાર કરવામાં ગાળેલાં, એ જાણીતી હકીકત છે. પણ કોઈ પણ ગ્રંથ તૈયાર કરવા માત્રથી કંઈ પ્રજાનું દળદર ફીટે નહિ. તે પ્રકટ પણ કરવો જોઇએ; ને કોશ જેવો ખર્ચાળ ગ્રંથ છપાવી પ્રકટ કરવો એ કોઇ વ્યક્તિનું ગજું નહિ. આથી **નર્મદ**ને તેના પ્રકાશન માટે ઘણાં આવલાં મારવાં પડેલાં. આખરે **ભાવનગર**ના છગનલાલ દેસાઇએ મુદ્રણનો સઘળો ભાર પોતાને માથે લેવાનું સ્વીકારેલું. એથી **નર્મદ**ને નિરાંત થએલી ને એ યોજના મુજબ કોશ **ભાવનગર**ના છાપખાનામાં છપાવા પણ માંડ્યો હતો. પણ કહેવાય છે કે એવામાં **નર્મદ**ના 'ડાંડિયા'માં **ભાવનગર**ના **નાગરો** વિશે કંઈક નિંદાની વાત આવેલી. એથી **ગગા ઓઝા** ખૂબ ખિજાઈ ગએલા ને કોશનું મુદ્રણકામ એમણે તરત અટકાવેલું. **નર્મદ** આથી ભારે મુશ્કેલીમાં આવી પડેલો. પણ એ કંઈ એવી મુશ્કેલીથી હારી જાય એવો નહોતો. એણે તો 'ગ્રન્થ પ્રકટ કરવાના માર્ગમાં નડતાં' આવાં બધાં 'વિઘ્નો સાહસબુદ્ધિયે તોડી', આશ્રયદાતાની ઓથ વિના પણ આવું ગંજાવર કામ પોતે એકલે હાથે પાર પાડી શકે છે એમ બતાવી આપી 'તરુણ યોદ્ધાના પ્રફુલ્લ આનંદ-નો લાભ' ત્યાં પણ લીધેલો.

સ્પષ્ટવક્તૃત્વનો આગ્રહ ને દાંભિકતાનો તિરસ્કાર એ બે ચારિત્ર્યલક્ષણો **નર્મદ**માં જોવામાં આવે છે તે પણ એના 'વીર સત્ય'ના આવિર્ભાવરૂપ હતાં.

જેવું હોય તેવું બોલી નાખવું એમાં વાંધો શો હોઈ શકે એ જ એની સરળ, નિર્વ્યાજ પ્રકૃતિને સમજાતું નહિ. એનો સત્યપ્રેમ એવો ઉત્કટ હતો કે ક્યાંયે ઢાંક-પિછોડો કરવો એને ગમતો નહિ. અંદર કંઈક ને બહાર કંઈક એવી દેખાડાનીતિમાં એને બાયલાપણું જ લાગતું. દુનિયાદારી માણસોમાં પોતાના દોષો છુપાવી ડાહ્યાડમરા દેખાવાની જે દક્ષતા હોય છે તે એનામાં નહોતી તેમ તે એને નહોતી રુચતી. 'મારી હકીકત' નામે જે આત્મ-કથા એણે લખવા માંડેલી તેમાં આ આગ્રહ સ્થળે સ્થળે દેખાઈ આવે છે. તે એ પૂરી કરી શક્યો નહિ, એ ગુજરાતી પ્રજાના દુર્ભાગ્યની વાત છે. નહિ તો આપણા સાહિત્યમાં નિર્દંભ સત્યપરાયણતાના નમૂના તરીકે **ગાંધી**-જીની આત્મકથાની પેઠે તે પણ અતિ મૂલ્યવાન કૃતિ થઈ પડત.

આટલું એના 'વીર સત્ય' વિશે. હવે એનું 'રસિક ટેકીપણું' લઇએ. ટેકનું તો એ કોઈ અનેરું મહોરું જ હતો. તળપદી ભાષામાં બોલીએ તો **નર્મદ** એટલે વટનો કટકો. હીણપત એને મોટી નામદોઈ લાગતી હતી. માનભંગ કરતાં મરવું એ પસંદ કરતો હતો.

એને કાયાની પરવા નહોતી, પણ પોતાની યશઃકાયા સદા અક્ષત રહે એ એની સતત ચિંતાનો વિષય હતો. એક વાર એક વાત લીધી, તો પછી ગમે તેટલી દારુણ

મુશ્કેલીઓ આવી પડે તો પણ હરગિજ તેને વળગી જ રહેવું એ જ એનો નિશાનો હતો. જાન જાય, પણ મામ ન જાય એ એનો હૃદયમંત્ર હતો.

ડગલું ભર્યું કે ના હટવું ના હટવું;
વેણ કહાડયું કે ના લટવું ના લટવું.

એનું આખું જીવન આ પંક્તિઓના ચરિતાર્થ જેવું જ હતું. નોકરી નહિ કરવાના એના પણને લીધે એની પર પણ 'આભ પડે કે પૃથ્વી ફાટે' એવી આફતો આવી પડી હતી, અને છતાં એ કશાથી લેશ પણ ન ડગતાં પોતાના એ ટેકને એ લગભગ છેક સુધી વળગી રહેલો. આ આફતો ને આ ટેકની જો સંપૂર્ણ વીગતો મળી આવે ને પછી જો એનું યથાર્થ બ્યાન કરી શકાય તો નર્મદની મૂર્તિ કોઇ પરમરસિક, પરમભવ્ય, કરુણાન્ત નાટકના ધીરોદાત્ત વીર નાયકરૂપે જ આપણી સમક્ષ ઊભી રહે. પણ એવી સંપૂર્ણ વીગતો તો હજુ મળી શકતી નથી.

એક ટેક સાચવવાને વીર નર્મદે કેટલાં કેટલાં કષ્ટો સહન કરેલાં? કેટલી કેટલી મૂંઝવણો ભોગવેલી? કેટલી સમવિષમ મનોદશાઓ પસાર કરેલી? અને એ બધું કેટલાં વરસો સુધી? બે પાંચ? ના. આઠ દસ? ના. લાંબાંલાંબાં વીસત્રીસ વરસ સુધી એ મહાપુરુષે અનેક ચિત્તયંત્રણાઓ ભોગવેલી. હાલ ખાવાનું ન હોય, કુટું-બીઓ માંદાં હોય, કરજનો પાર ન હોય, નાખી નજર ક્યાંય પહોંચતી ન હોય, ઘરમાં સમ ખાવા એક જ રૂપિયો હોય તે દાનમાં આપી દીધો હોય, ભાડાવાળાને આપવા પાઇ ન હોય, અને છતાં જાતજાતનાં મંથનો અનુભવીને અંતે નિર્ણય ત્યારે એક જ કે, એ સઘળું અનિત્ય છે, ધીર થઇને સહી લેવું, મરી જવું પણ ટેક મૂકવો નહિ. આવા અટંક ટેકી નર ગુજરાતમાં તો શું જગતમાં પણ કેટલા થોડા હોય છે?

અને દિલમાં આવા ભડકા બળી રહ્યા હતા છતાં બહારથી તો એ એવો ને એવો જ શાંત, સ્વસ્થ, સ્થિતપ્રજ્ઞ સદાને માટે રહ્યો છે. ક્યાં યે હાથ લાંબો કર્યો નથી. ક્યાં યે દીનતા બતાવી નથી, અરે મિત્રને પણ દુઃખ જણાવા દીધું નથી. જેનેજેને મદદની જરૂર પડી છે તેને તેને, પોતાની જાતનો તલભાર વિચાર કર્યા વિના વગર સંકોચે આપી છે. પોતાનો ટેક તો એણે નથી જ મૂક્યો, પણ જે ઉચ્ચ આદર્શ એણે પોતાના જીવન માટે ઘડી રાખેલો, તેની ઉચ્ચ ભૂમિકા પરથી એક ડગલું પણ એ નીચે નથી ઊતર્યો; ને, જે શુદ્ધ નિઃસ્પૃહતાની વૃત્તિ પોતાને માટે નક્કી કરી રાખેલી તેમાં રજમાત્ર ફેરફાર થવા નથી દીધો. જે દિવસોમાં એને નાણાંની અતિશય ભીડ હતી તે દિવસોમાં આખું ગુજરાત 'લૂંટો ભાઇ લૂંટો!'ની ધમાલમાં—શેર-સટ્ટાની ધમાલમાં—પડયું હતું. સૌને ઝટપટ પૈસાદાર થઇ જવાની જ લગની લાગી હતી. પૂરા પાંચસે પાસે નહોતા એવા માણસો પાંચ લાખના ધણી જોતજોતામાં થઇ બેસતા હતા. શેરનો જુગાર તડામાર ચાલી રહ્યો હતો. ભલભલા સમજુ ને સુશિક્ષિત જનો પણ એની લાલચને વારી શકતા નહોતા. ભોગીલાલ પ્રાણવલ્લભ ને કવિ દલપતરામ જેવા શાણા માણસો પણ પોતાની લાંબા વખતની નોકરી છોડીને શેરબજારમાં ધસતા હતા. પણ વીર નર્મદ તો યોગીરાજ જેવો જ અચળ રહેલો. આટલાં બધાં દુઃખો હોવા છતાં, હાથ આટલો બધો ભીડમાં હોવા છતાં એની અલોલુપતામાં લગારે ફેર પડ્યો નથી. એ તો પોતાના આદર્શની ઊંચી અ-ટારીએ ઊભો ઊભો આ બધી ભવાઇ ઉપહાસપૂર્વક જોઇ રહેતો અને સૌ પામરજનો પર સખત સપાટા લગાવતો.

સાહિત્ય સેવા

આજ લગભગ પોણોસો વરસથી નર્મદને આપણે કવિ કહેતા આવ્યા છીએ. એની કવિતાનો સામટો સંગ્રહ પહેલી વાર પ્રકટ થયો ત્યારે વિવેચનક્ષેત્રમાં પગલાં માંડતા યુવાન નવલરામે યૌવનસુલભ ઉત્સાહથી એને न भूतो न भविष्यति જેવા અદ્વિતીય કવિ તરીકે ઓળખાવેલો. નર્મદને સૌથી પ્રિય વસ્તુ સત્ય, નિખા-લસતા, સ્પષ્ટવક્તૃત્વ હતી. તો એની કવિતાના સંબંધમાં આજે આપણે સ્પષ્ટવક્તા બની આપણને જે સત્ય લાગતું હોય તે કહીએ તો તેમાં આપણે એની સાચી પૂજા જ નથી કરતા?

ત્યારે સત્ય શું છે?

સત્ય વાત એ છે કે કવિતાની કોઇ પણ કસોટીએ કસી જોતાં નર્મદ બહુ ઊંચી કોટીમાં આવી શકતો નથી. સાચી કવિતાના આસ્વાદથી જે ઉચ્ચ પ્રકારનો રસાનંદ પ્રાપ્ત થવો જોઇએ તે નર્મદની રચનાઓ ભાગ્યે જ કરાવી શકે છે. નવી કાવ્યભાવનાને અનુસરી નર્મદ ગુજરાતને નવી જ જાતનું કાવ્ય સંભળાવવા

લાગ્યો એ વાત મુદ્દે સાચી છે, પણ આવી ઉન્નત કાવ્યભાવનાથી અંકિત, આવા પ્રેરક વાતાવરણમાં ઘડાએલા, ને આવા નૂતન સાહિત્યપ્રકાશથી પ્રજ્ઞા પામેલા પુરુષ પાસેથી જે સિદ્ધિની કોઇ પણ માણસ આશા રાખે તે નર્મદ દાખવી શકતો નથી. નવીન કાવ્યભાવના નજર આગળ રાખી એણે કેટલાક પ્રયોગો કર્યા છે ખરા, ને તેમાંથી વનવર્ણન, પ્રવાસવર્ણન, ઋતુવર્ણન આદિની અંદર એણે કરેલું પ્રકૃતિલીલાનું ગાન, 'રુદનરસિક,' 'વીરસિંહ' ને 'જીવરાજ' એ અપૂર્ણ કૃતિઓ દ્વારા અંગ્રેજી શૈલીનું મહાકાવ્ય રચવાના એણે પ્રકટ કરેલા કોડ, તથા પ્રેમશૌર્યની લાગણીથી ઊછળતું એનું 'હિંદુઓની પડતી' એ દીર્ઘકાવ્ય તેમ એવાં જ પ્રીતિ તેમ વીરતાનાં બીજાં છૂટક પદો ઇતિહાસદૃષ્ટિએ ગુજરાતી સાહિત્યમાં એને નામે સદાને માટે નોંધી રાખવાનાં છે; છતાં કેવળ રસદૃષ્ટિએ જોઇએ તો કોઇ પણ કાવ્યભોગીને એની રચનાઓ પૂરતો સંતોષ આપી શકતી નથી. એની કૃતિઓનું કલેવર તેને અણઘડ લાગે છે. એની ભાષા તેને કિલષ્ટ લાગે છે, પ્રસાદની ખામી તેમાં પગલે પગલે દેખાય છે, એના ભાવો પણ તેને સર્વત્ર સમુચિત જણાતા નથી, એની કાવ્યપંક્તિઓ સ્વ. કાન્તે કહ્યું છે તેમ પૂરતી પ્રવાહી હોતી નથી, ને એની વૃત્તરચનામાં એ-સર્વત્ર સમર્થ કવિને સહજ એવું પ્રભુત્વ દર્શાવી શકતો નથી. નર્મદ આવડો મોટો કાવ્યસંગ્રહ મૂકતો ગયો છે, ને તેમાંથી 'જય જય ગરવી ગુજરાત' જેવાં કાવ્યો તો પ્રજાએ સદાને માટે સ્વીકારી લીધાં છે, છતાં જેમાં એનું કવિત્વ આદિથી અંત સુધી એક સરખી ઉચ્ચ કક્ષા સાચવી શક્યું હોય, જરાએ રસભંગ કરાવ્યા વિના એક સરખો ઉત્તમ પ્રકારનો કાવ્યાનંદ આપતું હોય એવાં સર્વાંગ સંપૂર્ણ કાવ્યો 'નર્મકવિતા'નાં પાનાં ફરીફરીને ઉથલાવતાં છતાં એમાં મળતાં નથી. નવીન કાવ્યપ્રદેશના આદિ સંસારી પુરુષ તરીકે એની સેવા અવિસ્મરણીય છે, છતાં નિરપેક્ષ દૃષ્ટિએ કવિતાના સર્વોચ્ચ ધોરણે તપાસતા નર્મદનું સ્થાન બહુ ઊંચું આવતું નથી એ વાત સ્પષ્ટ છે.

અને આમ છતાં ગુજરાતી કવિતાના ઇતિહાસમાં તો નર્મદનું સ્થાન સદાને માટે અચળ જ છે. આ નવી કાવ્યભાવનાને એ સાંગોપાંગ મૂર્તિમાન કરી શક્યો નહોતો એ સાચું, પણ એ કાવ્યભાવના તરફ ગુજરાતીનું સૌથી પહેલું લક્ષ દોરનાર એ જ હતો. કવિતાનો નવો યુગ સતત પ્રયાસથી પ્રવર્તાવ્યો તે એણે. અનેક દોષો છતાં આ યુગનો કાવ્યાધિષ્ઠાતા તેમ કવિકુલનાયક તો એ જ છે. સાચી કવિતા તે શું તેનો આછો આછો પણ ખ્યાલ આપી તેની પિપાસા ઉત્પન્ન કરી તે એણે જ. ગુજરાતમાં અભિનવ કવિતાક્ષેત્રને અસાધારણ બળ વડે ખેડી પોતાના અનુગામીઓને એમાં સરસ પાક પેદા કરવાની સગવડ કરી આપી તે એની સેવા જેવી તેવી નથી. ગુજરાતી કવિતામાં એણે જે વિષયવિસ્તાર કર્યો તે પણ અવિસ્મરણીય છે. જ્યાં કેવળ ધર્મ ને ગૃહ, ભક્તિ ને વૈરાગ્યનાં જ પદ ગવાતાં હતાં ત્યાં જાત ને દેશને પહેલાં આણ્યાં તે એણે જ. પ્રેમ ને પ્રકૃતિના સૌંદર્યનાં ગાન પણ ગુજરાતમાં સૌથી રીતે મુગ્ધ બનીને ગાનારો પહેલવહેલો કવિ તે જ. યૌવનનો થનગનાટ, નિજાનન્દની મસ્તી, હૃદયદ્રવ્યનો ઉકળાટ, અન્યાય પ્રત્યેનો પુણ્યપ્રકોપ, ઉદ્દામ લડાયકવૃત્તિ, ઉત્કટ અસ્મિતા, ઉગ્ર સત્યનિષ્ઠા ને અજબ નિર્ભયતા એ બધી વૃત્તિઓ ગુજરાતી કવિતાએ કદી નહોતી દીઠી તે નર્મદે જ સૌથી પહેલી દેખાડી. કોઇ પણ ભાષાના ઇતિહાસમાં અમર રાખવાને આ ઓછું છે? અલબત્ત, એ સર્વમાં એ સંપૂર્ણતા સાધી શક્યો નથી, પણ સંપૂર્ણતા એના સંજોગોમાં શક્ય જ નહોતી. આખરે એ તો નવયુગનો અરુણ જ હતો—જ્વલંત છતાં અપૂર્ણ, જીવનમાં તેમ સાહિત્યમાં, સર્વત્ર.

યુગપુરુષ

૯૬. નર્મદ નવયુગનો અરુણ જ હતો, જીવનમાં તેમ સાહિત્યમાં, સર્વત્ર. અને અરુણના ભાગ્યમાં શું લખાયું હોય છે? યુદ્ધ જ. તિમિર અને તેજ વચ્ચેનું યુદ્ધ એ જ એના યુગની મુખ્ય પ્રવૃત્તિ હતી. જે વિવિધ ક્ષેત્રોમાં વિવિધ પ્રકારે એ યુગને ઝૂઝવાનું હતું તે સઘળામાં એ વીર સૈનિકરૂપે તેમ પ્રેરક પ્રબોધક સેનાનીરૂપે મોખરે જ હતો. આ રીતે એ યુદ્ધનો મહાન આચાર્ય બનેલો, માટે જ એને આપણે યુગપુરુષ તરીકે ઓળખીએ છીએ. એના આ જીવનસ્વરૂપનું ઝપાટાબંધ દિગ્દર્શન કરી લઇએ.

પ્રથમ દર્શાવ્યું તેમ દેશમાં દીર્ઘ રાત્રિ વીતતી હતી અને તેનું ઘોર અંધારું જામ્યું હતું. જડતા, અજ્ઞાન, વહેમ, પામરતા આદિ દુર્ગુણદળે દેશને ઘેરી લીધો હતો

તેની બધી લક્ષ્મી હરી લઈ તેને દીનહીન ને નિસ્તેજ બનાવી દીધો હતો. આ પ્રમાણે વહેમજવને જે કોટ રચ્યો હતો તે તોડી પાડવો એ તે જમાનાનું મોટું કર્તવ્ય હતું. નર્મદે એનું આખું જીવન તે તોડી પાડવામાં જ ખર્ચ્યું. આમ સુધારાના સેનાની રૂપે જીવનભર જે જંગ એ ખેલેલો તેની યુદ્ધવાર્તા પણ પરમ યશસ્વી ને રમ્ય છે. તેના થોડાક પ્રસંગોનું જ ત્વરિત સ્મરણ કરી એકદમ સમગ્રાવલોકન કરી જઈએ.

આ જુઓ સુરતની નાગરી નાત જમવા બેઠી છે. એ જમાનામાં એક એવો વિચિત્ર રિવાજ હતો કે નાતમાં જમવા બેસતી વખતે ગૃહસ્થવર્ગની સ્ત્રીઓ કાંચળી પહેરીને બેસે, પણ ભિક્ષુકવર્ગની સ્ત્રીઓને ફરજિયાત કાંચળી કાઢી નાખી કેવળ અબોટિયાભર બેસવું પડે. જુવાન નર્મદ આ અન્યાય સાંખી શકતો નથી. તે પોતાના કુટુંબથી જ પહેલ કરે છે ને પોતાના ઘરની સ્ત્રીઓને કાંચળી પહેરાવીને નાતમાં બેસાડે છે. આથી નાતમાં હોહા થઇ જાય છે. બ્રાહ્મણો બધા ચિડાઇ જાય છે ને કેટલાંક બૈરાં તો પંક્તિમાંથી ચાલ્યાં પણ જાય છે. પણ નર્મદ તે ગણકારતો નથી ને ત્યારથી આ અન્યાયી રિવાજ નાબૂદ થાય છે. પછીને વરસે એક મહત્ત્વનો બનાવ બને છે. જદુનાથજી મહારાજ —લાઇબલ કેસવાળા નામીચા વૈષ્ણવ આચાર્ય—સાથે પુનર્વિવાહ સંબંધે વાદવિવાદનો પ્રસંગ ઊભો થાય છે. આખા સુધારકપક્ષે ભાગ લેવો જોઇએ એવો એ પ્રસંગ છે, પણ બધા સુધારકો જદુનાથજીની ડોળી નીતિથી અંજાઇ ગયા છે એટલે કોઇ જતા નથી, ને નર્મદને દબાવે છે કે 'અમે તો નથી આવવાના તેથી તમે એકલા પડી જશો, માટે તમારે પણ ન જવું.' નર્મદ જવાબ આપે છે કે 'દાયર ઉપર શું દીકરી જણી છે? જાઓ જાઓ બાયલાઓ, હું એકલો જઇશ.' સભામાં હુલ્લડ થાય એવો સંભવ હતો, પણ છાપરાનાં નળિયાંની કકડીઓ જેટલા દુશ્મનો હોય તો પણ જતાં ન ડરે એવો નર્મદ એથી અચકાતો નથી ને બીજા કોઇ સુધારક મિત્ર નથી આવતા તોપણ એકલો ત્યાં જાય છે. વાદવિવાદને અંતે મામલો તોફાન પર ચડવા લાગે છે ને નર્મદ તથા એને માટે ઉચાટ થવાથી એની ખબર કાઢવા આવેલા એના પિતા લાલશંકર બન્ને જોખમમાં આવી પડે છે, પણ એના પહેલવાન મિત્ર બાવા કિસનદાસની મદદથી બન્ને સલામત ઘેર પહોંચી શકે છે.

બીજું એક વરસ વીતે છે ત્યાં મહીપતરામ વિલાયત જઇને પાછા આવે છે. સુધારકવર્ગમાં પણ કોઇ તેની સાથે પંક્તિભોજન કરવા તૈયાર નથી. પણ વીર નર્મદ બેધડક રીતે તેની સાથે ભોજન કરે છે, ગેબી 'આકાશવાણી' સંભળાવી સુધારકોને મહીપતરામની પડખે ઊભા રહેવા ઉશ્કેરે છે અને નાતમાં હોબો જાગે છે તેમાં પોતે તેના પક્ષમાં જ અડગ રહે છે. અને હવે આ એના સુધારક જીવનનો ઉદ્દામ શૌર્યભર્યો પ્રસંગ આવ્યો. કોઇ એક ગભરૂ વિધવા ક્યાંક ફસાઇ ગઇ છે. ભારે ઓપટીની વેળા આવી પહોંચી છે. તેને કોઈ સંઘરતું નથી. નર્મદ પાસે આશ્રય માગવા આવે છે, પણ આશ્રય આપવો એ પણ અતિ વિકટ કામ છે. સમસ્ત લોકવર્ગ વિરુદ્ધ છે, પણ નર્મદ એ સૌની સામે થઇને બાઇને કહે છે કે 'આવ, જગતમાં ક્યાંયે ન સમાય તેને માટે મારા ઘરમાં સ્થાન છે.' બાઇને ઓથ આપવાથી ભવિષ્યમાં પડવાની વિપત્તિઓનો વિચાર એને કંપાવે છે, તેને બચાવવા જતાં પોતે જ ડૂબી જાય એવા સંજોગો છે, છતાં પોતાનો 'પ્રેમશૌર્ય'નો મંત્ર એને યાદ આવે છે ને 'આભ પડો પૃથ્વી ગડો, લય પામો સંસાર; પ્રેમશૌર્યને કારણે વિપ્ર ક્ષત્રિ અવતાર' એવો પ્રશસ્ય નિર્ણય એ કરે છે અને પ્રચંડ લોકવિરોધ સહન કરી નાત બહાર રહીને પણ એ અબળાને આશરો આપે છે, એટલું જ નહિ પણ થોડાં વરસ પછી નાત સમાધાન કરી એનો સ્વીકાર કરે છે ત્યાં વળી બીજી એક વિધવાની વહારે ચડવાનો પ્રસંગ આવે છે. તે વખતે પણ ભૂતકાળમાં વેઠેલી વિપત્તિઓના અનુભવથી ડગી ન જતાં એટલી જ તત્પરતાથી તેને સહાય કરે છે, અને તેની સાથે તો, આજે આપણને વિચિત્ર લાગે એવી રીતે, પોતાની પત્ની હયાત છતાં વિધિપૂર્વક લગ્ન કરી તેને પોતાની ધર્મપત્ની કરી સ્થાપે છે અને એ રીતે પોતાની સુધારકવૃત્તિને ભયંકર આફતો નોતરીને પણ એ ચરિતાર્થ કરી બતાવે છે.

જન્મથી જ નર્મદ સુધારાનો ઉત્તમ નાયક થવાને સર્જાયો હતો. એની રગેરગમાં સ્વદેશપ્રેમ વ્યાપી રહ્યો હતો, એટલે પોતાના દેશની પડતી હાલત જોઇ એનું ચિત્ત સદાએ વલોપાત કર્યા કરતું હતું, અને તેને એમાંથી ઉદ્ધારવાને માટે જે જે ઉપાયો લેવા જોઇએ

તે તે લેવાને તે લોકોને ઉશ્કેર્યા કરતું હતું. એ પ્રબળ સ્વપ્નદ્રષ્ટા હતો, એટલે દેશના સાર્વત્રિક ઉદયનાં સ્વપ્નાં જ એ અહર્નિશ રચ્યા કરતો હતો. પોતાનો સમાજ સર્વોત્કૃષ્ટ સ્થિતિને શી રીતે પામે તેના જ વિચાર એના મનમાં નિરંતર ઘોળાયા કરતા હતા અને તેનો જ ઉપદેશ એ સૌને આપ્યા કરતો હતો. ઉપદેશક તરીકે એનામાં અજબ આકર્ષણશક્તિ હતી. એનું અદ્ભુત વ્યક્તિત્વ સર્વત્ર લોહચુંબકનું કામ કરતું હતું. એનો જોસ્સો ઠંડામાં ઠંડા માણસને પણ ઉશ્કેરી મૂકતો અને એની સાહસભાવના સૌને ઝંપલાવવાને તત્પર કરી દેતી.

નર્મદે ભારે જંગ મચાવીને સેંકડો વરસથી બંધિયાર બની ગએલા પાણીને વહેતા કર્યાં, જડતાના બરફને પિગળાવ્યો, હૃદયદળને ઉકળાવ્યું ને સૌને વિચાર કરતાં કરી મૂક્યાં. આ રીતે જડતાનાં પડ તોડી સર્વત્ર ચાંચલ્ય ને વિચારશીલના પ્રેરી એ જ નર્મદની સુધારા વિષયમાં પ્રધાન સેવા ગણવાની છે. સુધારાના કાર્યક્રમમાં જમાને જમાને ફેરફાર થતો રહેશે, તેની યુદ્ધનીતિ પણ યુગે-યુગે બદલાશે, નર્મદે એ સંબંધમાં ઉચ્ચારેલાં વેણુ કે અનુસરેલી નીતિ સમય જતાં ભૂતવાણી બની જશે, પણ બે હાથ લાંબા કરીને અસાધારણ જોરસાથી ને ઉત્સાહના ઘેનથી ભરપૂર આંખે ધાટો બેસી જાય એવા બુલંદ અવાજે 'રે તમે વિદ્યા ભણો. અરે તમે અટકેથી કેમ અટકી ગયા છો ? શું તમારી તબિયત છે લોકો, કે અમુક રિવાજ નઠારો છે એમ જાણતાં છતાં તે છોડતા નથી ? અરે, હિંમત હિંમત હિંમત ધરો તમે સૌ, ને વહેમજવનની સામે બહાદુરીથી ધસો.' એવું એવું ઉદ્બોધન કર્યા કરતી, પડતાં આખડતાં છતાં પણ કદી હાર્યા વિના નિત્ય મથ્યા કરવાને ઉશ્કેરતી, ને બધું આચારમાં ઉતારી બતાવી 'આભ પડો પૃથ્વી ગડો લય પામો સંસાર' એમ ગમે તેમ થાઓ તોય જબરાં જોખમ ખેડીને પણ અબળા વિધવાને આશરો આપતી એની ભાવના ને શૌર્યભરી મૂર્તિ સકળ સુધારકવૃંદને સદાકાળ પ્રેરણા આપ્યા કરશે.

સુધારાનાં એનાં કાર્યો ઉપરથી કેટલાક નર્મદ કેવળ ઉચ્છેદક જ હતો એમ કહી એને ઉતારી પાડે છે. પણ એમાં તેમની જબરી ભૂલ છે. નર્મદયુગ ઉચ્છેદનની સાથે સર્જનનો પણ હતો. ખંડનની સાથે મંડન પણ તેણે પુષ્કળ કર્યું છે અને એ મંડનકાર્યમાં નર્મદની સેવા એના ખંડનકાર્ય કરતાં ચડી જાય એવી છે તે જોવું હોય તો એ યુગના સાહિત્ય તરફ જ જરા નજર નાખવી. નર્મદના જન્મસમયની સાહિત્યસ્થિતિને એના અવસાન-સમયની સાહિત્યસ્થિતિ સાથે સરખાવી જુઓ, એટલે નર્મદના સર્જનકાર્યની સહેજે પ્રતીતિ થશે. એ આવ્યો ત્યારે ગુજરાતી સાહિત્યની સ્થિતિ કોઇ સૂકા વેરાન ભાઠા જેવી હતી. એ ગયો ત્યારે ફળફૂલથી લચી રહેલી અને પ્રતિદિન વધુવધુ ખીલતી જતી ભરચક વાડી રૂપે તેને મૂકતો ગયો. કવિતાને એણે જ ગૃહધર્મના સાંકડા વાડામાંથી છોડાવી યદચ્છાવિહારી બનાવી દીધી, અને તેમાં જાતજાતના નવા ભાવો તથા રૂપો ઉમેર્યાં. આત્મ-લક્ષી કાવ્ય, પ્રકૃતિસૌન્દર્યનું ગાન, રાષ્ટ્રગીત આદિ કવિતાપ્રકરણમાં આપણે ગણાવી ગયા તે સર્વ નવાં તત્ત્વો ગુજરાતી કવિતામાં દાખલ કર્યાં તે એણે જ. પણ નર્મદ કેવળ પદ્યકાર જ નહોતો; એ ગદ્યજનક પણ હતો, અને સાહિત્યક્ષેત્રમા એની મહત્તા તેમાં જ રહેલી છે.

ગુજરાતી સાહિત્યમાં નર્મદ ચિરંજીવ રહેશે તે પણ એના પદ્ય કરતાં ગદ્યને લીધે વિશેષ. ગદ્યમાં એણે વિવિધ-ક્ષેત્રો ખેડ્યાં છે. તેમાં એણે ભાષણો આપ્યાં છે, નિબંધો લખ્યા છે, ચરિત્રો આલેખ્યાં છે, આત્મકથા વર્ણવી છે, ઇતિહાસ નિરૂપ્યો છે, નાટકસંવાદ રચ્યાં છે, કટાક્ષો કર્યા છે, હાસ્યરસ રેલાવ્યો છે, ધર્મમીમાંસા કરી છે અને પત્રો પણ લખ્યા છે. નર્મદની ગદ્યશૈલી એના શીલ જેવી સીધી, સરળ, સચોટ, જુસ્સાદાર, દર્દમય છે. કાર્લાઇલના અનિયંત્રિત જોમનું સ્મરણ એની શૈલી ઘણી વાર કરાવે છે. કાર્લાઇલની પેઠે એનું ગદ્ય પણ બહુ સંસ્કારી કે શિષ્ટવર્ગાનુયાયી નહિ છતાં નિખાલસ, ચેતનવંતુ, ને ચિત્રાત્મક છે. એક પ્રકારનું અનિરુદ્ધ બળ એમાં સર્વત્ર દેખાય છે. હૈયા સોંસરું ઊતરી જાય એવી સચોટતા એનામાં સર્વત્ર છે અને છતાં સચોટની સાથે તે છટાદાર ને ગૌરવશાળી પણ છે.

આજની ઘણીખરી પ્રવૃત્તિઓનાં બીજ એ યુગમાં જ નંખાયાં છે અને આ કાર્યમાં નર્મદ અગ્રેસર હતો માટે જ એ યુગપુરુષના નામનો અધિકારી બન્યો છે. નવલ-રામે એના આ બીજારોપણકાર્યનું વર્ણન સંક્ષેપમાં છતાં સુંદર શબ્દોમાં આપી દીધું છે: 'સુધારણાનું નામ લેતાં અમને સાંભરી આવે છે કે, નર્મદાશંકર કવિરૂપે જ નહિ પણ અનેકરૂપે આ જમાનાના એક મુખ્ય અગ્રણી

ા. ગુજરાતી ભાષામાં પ્રથમ કોશકાર, પ્રથમ પિંગળ-
, પ્રથમ રસાલંકારની સમજ આપનાર અને પ્રથમ
ગદ્ય લખનાર તે નર્મદાશંકર જ છે. નોકરીધંધો
.ડી કલમને જ પોતાનું સર્વસ્વ જીવન અર્પણ કરવાનું
ાહામાન નર્મદાશંકરને જ છે. દેશાભિમાન શબ્દ પહેલ-
વહેલો નર્મદાશંકરે ગુજરાતી ભાષાને આપ્યો અને તે
લાગણીના ઉત્તમ નમુના રૂપ એમનું જીવન હતું. રાજકીય
બાબતો ઉપર પહેલવહેલો વિચાર કરનાર ને લખનાર
પણ આ કવિ જ, કે જે વેળા આખો સુધારાસાથ માત્ર
ઉચ્છેદક સંસારસુધારાની ચર્ચામાં જ ગુંથાએલો હતો.'

નર્મદને આ સ્વરૂપે અવલોકીએ તો એ અર્વાચીનતાનો અવતાર જ લાગે. અત્યારે પણ આવશ્યક એવી ઘણી પ્રવૃત્તિઓ એણે આજથી સિત્તેર વરસ પર આદરેલી અથવા મનમાં યોજી રાખેલી. દાખલા તરીકે આપણે ધારતા હતા કે ૧૮૫૭ના બળવાને સ્વાતંત્ર્યયુદ્ધ સૌથી પહેલું ગૂજરાત વિદ્યાપીઠે કહેલું; પણ 'નર્મ-કવિતા' જોતાં માલૂમ પડે છે કે એ વિગ્રહને સ્વાતંત્ર્ય-યુદ્ધ રૂપે જોનારો તો સૌથી પહેલો નર્મદ જ છે. આપણે ધારતા હતા કે હિંદીને રાષ્ટ્રભાષા કરવાનો પ્રથમ વિચાર ગાંધીજીનો હશે; પણ એ વિચાર તો નર્મદે એના પત્રોમાં સૌથી પહેલો પ્રકટ કર્યો છે. આપણે ધારતા હતા કે નાગરી લિપિનો પ્રશ્ન હજુ હમણાંનો જ છે; પણ એ વાત નર્મદના કોશની મુખ-મુદ્રામાં સૌથી પહેલી વાર જોવામાં આવે છે. આપણે ધારતા હતા કે 'કોઇએ નહોતી કીધી' એવી વાતો શ્રી દક્ષિણામૂર્તિ ભવન જ પહેલી વાર કહી શકતું હશે; પણ એવી વાતો સૌથી પહેલી નર્મદે જ એના 'રુદનરસિક'માં કહેલી. આપણે ધારતા હતા કે કાઠિયાવાડના બહાર-વટિયાઓની જીવનકથામાં સૌથી પહેલો રસ શ્રી મેઘાણીને જ પડ્યો છે; પણ નર્મદના પત્રોમાં ઉલ્લેખ છે કે એવી કથાઓ એકઠી કરવા એણે યત્ન આદરેલો. આપણે ધારતા હતા કે પ્રાચીન કાવ્યો પ્રકટ કરવાનો મનસૂબો સૌથી પહેલો સ્વ. હરગોવિંદદાસ કાંટા-વાળાને થએલો; પણ 'નર્મગદ્ય' કહે છે કે રૂ. ૨૫૦૦૦)ની થાપણ એકઠી કરી તેમાંથી પ્રાચીન કાવ્યોનું વ્યવસ્થિત રીતે પ્રકાશન કરવાનો મનસૂબો સૌથી પહેલો નર્મદે કરેલો અને તે બાબતનું બોધપત્ર ('પ્રોસ્પેક્ટસ') પણ એણે છપાવેલું. આપણે ધારતા હતા કે ગુજરાતી સાહિત્યમાં પોતાની ધર્મપત્નીને ગ્રંથાર્પણ કરવાનું દાક્ષિણ્ય સૌથી પહેલું દર્શાવ્યું તે શ્રી ન્હાનાલાલ કવિએ; પણ 'નર્મકવિતા' ઉઘાડીને જોઇએ છીએ તો નર્મદે પોતાનો 'નાયિકાપ્રવેશ' 'તાપહરણિ રમણી પ્રિયા' એવી પોતાની 'ઉત્તમ નાયિકા ડાહી'ને અર્પણ કરેલો. આમ નાનીમોટી અનેક વાતોમાં જ્યાં જુઓ ત્યાં પહેલ નર્મદે જ કરી છે.

આ સઘળું સંભારતાં, નર્મદ, અમને તો વિચાર થાય છે કે અમારે તે તને કયે રૂપે પૂજવો? નવયુગના અરુણરૂપે પૂજવો, અસાધારણ સત્યમૂર્તિરૂપે પૂજવો, વીર યોદ્ધારૂપે પૂજવો, સ્વાતંત્ર્ય ને સ્વદેશાભિમાનના ગાયકરૂપે પૂજવો, સુધારાના સેનાનીરૂપે પૂજવો, સર્વાંગી સાહિત્યસર્જકરૂપે પૂજવો કે અર્વાચીનતાના અવતારરૂપે પૂજવો? સર્વતો-મુખી નર્મદ! પ્રચંડકાય પુરુષ! તારા અદ્દભુત વ્યક્તિ-ત્વનો વિચાર કરતાં તો એક જ ઉદ્દગાર નીકળી પડે છે કે

શું શું સંભારું ને શી શી પૂજું પુણ્ય વિભૂતિઓ?
પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે!

વિશ્વનાથ મગનલાલ ભટ્ટ

[કવિ નર્મદશતાબ્દી જયંતીપ્રસંગે અમદાવાદની ગૂજરાત 'સાહિત્ય સભાએ બહાર પાડેલા 'વીર નર્મદ'નામના પુસ્તકમાંથી તારવેલું.]



પ્રકરણ ૬ (ચાલુ)
રોમ

રોમની બાદશાહી તૂટી ત્યાં લગીનો ઇતિહાસ તો મેં તને કહ્યો.' ગરુડરાજ બોલ્યા. 'રોમ પડવાથી ઇટલી તો છિન્નભિન્ન થઇ ગયું. એક રાજ્યને બદલે ત્યાં નાનાંનાનાં અનેક રાજ્યો થઇ ગયાં. પરંતુ એમાંથી યે એક અણધારેલી સત્તાનો ઉદય થયો. એ સત્તાએ સારા યુરોપ પર પોતાનો અમલ ચલાવ્યો. રોમ ખ્રિસ્તી યુરોપનું કેન્દ્ર—પવિત્ર ધામ બન્યું. એ સત્તાના અવશેષ રૂપ 'પોપ' હવે તો વેટીકનમાં ભરાઈ બેઠા છે. એમનો અમલ પણ હવે વેટીકન પુરતો જ છે. પોપ એટલે ખ્રિસ્તીઓ—રોમન કૅથોલિકો—ના ધર્મનો વડો. અંગ્રેજીમાં 'પપા'—બાપ અને પોપનો અર્થ એક જ થાય છે. રોમન કૅથોલિકો ધર્મના વડાને ધર્મના બાપ જેવો ગણે છે માટે જ એને 'પોપ' કહે છે.'

ખ્રિસ્તીઓએ રોમમાં પગપેસારો તો ક્યારનો કરી દીધો હતો. પરંતુ કૉન્સ્ટન્ટાઇન બાદશાહ ખ્રિસ્તી બન્યા ત્યારથી જ એમનું જોર વધ્યું. દરેક ખ્રિસ્તી દેવળ દીઠ એક પાદરી નીમાતો. એવા અનેક પાદરીઓના ઉપરી બિશપ તરીકે ઓળખાતા. સેન્ટ પીટર તે રોમનો પહેલો બિશપ.

રોમની બાદશાહી તૂટતાં ઇટલીમાં પુષ્કળ અરાજકતા વધી ગઈ. જાનમાલની સલામતી માટે પણ દહેશત રહેતી. આવે વખતે ઊગતા ખ્રિસ્તી ધર્મના સંરક્ષણ માટે કોઇ બળવાન રાજાની સહાય જોઇતી હતી. સારા નસીબે પોપને એ સહાય મળી ગઇ.

ફ્રાંકોના રાજા ત્રીજા ચીલડેરિકની સત્તા નામની હતી. ખરી સત્તા એના સરદાર પેપીનના હાથમાં હતી. એ સરદારને રાજા બનવું હતું, પરંતુ ખરા રાજા પાસેથી રાજ પચાવી લે તો એના પર રાજદ્રોહનું આળ આવે. પેપીને પોપની સલાહ માગી. પોપ પણ ઉસ્તાદ. રાજા પર પોતાની સત્તા જમાવવાનો એને આ સારો લાગ મળ્યો. એણે સરદારને કહેવડાવ્યું કે 'જેના હાથમાં ખરી સત્તા હોય તે જ રાજા.' પોતાના કૃત્યને ધર્મનો ટેકો મળ્યો એટલે પેપીને ખરા રાજાને સાધુ બનાવી દઇ પોતે જ રાજા થઇને બેઠો. આ કામને ધર્મનો વધારે ઓપ આપવા એનો રાજ્યાભિષેક પણ એક ધર્માચાર્યને હાથે થયો. ત્યારથી જ ખ્રિસ્તી રાજાઓનો રાજ્યાભિષેક ખ્રિસ્તી ધર્માચાર્ય કરે એ પ્રથા પડી છે. અધૂરામાં પૂરૂં અભિષેક વખતે ધર્માચાર્યે શબ્દ ઉચ્ચાર્યા કે Dei gratia—એટલે કે 'ઇશ્વરકૃપાથી તું રાજા થયો છે.' આ શબ્દો નિર્દોષપણે બોલાયા હશે, પરંતુ આગળ જતાં એ શબ્દ ઉપર કેટલા યે બળવા થયા. ઈંગ્લંડના ચાર્લ્સ પહેલાને પોતાનું માથું પણ આપવું પડ્યું. રાજાનો રાજ્ય પર ઈશ્વરી હક્ક છે—Divine right of Kings—એ સૂત્ર આજે તો કોઇને પણ માન્ય નથી, સિવાય કે તમારા હિંદુસ્તાનના દેશી રજવાડામાં! પોપની આ ધાર્મિક મદદ માટે પેપીને પોપને લશ્કરી મદદ આપી. પોપના શત્રુઓને જીતી એણે રોમની આસપાસનો મુલક તાબે કર્યો અને એ પોપને અર્પણ કર્યો. ત્યારથી પોપની પાર્થિવ સત્તા શરૂ થઇ.


પેપીન પછી શાર્લમેન આવ્યો. એણે પણ પોપની સાથે સારો સંબંધ રાખ્યો. શાર્લમેને મધ્ય યુરોપને જીતી



માનો ગર્વ

ચિત્રકાર • રસિકલાલ પરીખ

(શ્રી પીયૂષ દીવાનજીના સૌજન્યથી)



સૌન્દર્યમૂર્તિ ઍપૉલો

વિખ્યાત શિલ્પી બર્નિનીનું ઘડેલું પૂતળું જે રોમના બોર્ગીઝ મહેલમાં છે.

ગ્રીક અને રોમન પુરાણોમાં ઍપૉલોને સૂર્યદેવ, સંગીતનો દેવ, અશ્વિનીકુમાર, એમ જુદા જુદા રૂપે વર્ણવેલો છે. શરીરસૌન્દર્યમાં તો એ સર્વ દેવોમાં શ્રેષ્ઠ મનાય છે. આ અંકમાંના 'અરુણનું અદ્ભુત સ્વપ્ન'વાળા લેખમાં જેની હકીકત આવે છે તે ઍપૉલો બેલ્વેડિયરની આખી શરીરમૂર્તિનું ચિત્ર 'કુમાર'ના ૪૨મા અંકમાં આવી ગયું છે. એ સાથે એ મૂર્તિનું આ મુજબનું વર્ણન છે: વીનસ મેડિસી જેમ આદર્શ સ્ત્રીશરીરની સર્વશ્રેષ્ઠ મૂર્તિ ગણાય છે, તેમ દેશદેશના પ્રવાસીઓને આજ સૈકાઓથી મુગ્ધ કરતા ઍપૉલોને પશ્ચિમની સૌ પ્રજાઓએ પુરુષશરીરના સર્વોત્કૃષ્ટ આદર્શ તરીકે વધાવ્યો છે. એ શરીરનો એકેએક સ્નાયુ શક્તિશાળી અને સુડોળ છે; એમાં વજ્રની કઠોરતા છે ને સૌન્દર્યનું માર્દવ છે. કવિ બાયરને એનું વર્ણન કર્યું છે: "ઉજ્જ્વલ વિજયરેખા શી ભ્રમર નીચેથી પ્રતાપ વરસતી આંખોવાળો, દુશ્મનની શક્તિઓને ફુત્કારતાં ગૌરવશાળી નસકોરાં ફુલાવતો, અંગેઅંગ ભાનુના ભર્ગભર્યો, ચેતન ને પ્રકાશના દેવ સમો ભવ્ય, શો ઊભો છે આ અણચૂક વિજયધન્વા!"

ઇટલીનો મોટો ભાગ સર કરી પોપને એના શત્રુઓના ભયમાંથી મુક્ત કર્યાં. આ સહાયના બદલામાં ઇ.સ. ૮૦૦ની સાલમાં સેન્ટ પીટરના દેવળમાં શાર્લમેન પ્રાર્થના માટે ગયો હતો ત્યાં પોપે એના માથા પર મુકુટ મૂકી રોમના સમ્રાટ તરીકે એનું સંબોધન કર્યું.

શાર્લમેનના મરણ પછી એના સામ્રાજ્યના ભાગલા પડ્યા. પોપની સહાય કરનાર એ બાજુનું કોઇ રહ્યું નહિ, એટલે પોપની નજર સૅક્સનીના રાજા ઑટો પર પડી. પોપે ઑટોની સહાય માગી તે એણે તરત જ આપી. બદલામાં પોપ આઠમા લીઓએ એના માથા પર મુકુટ મૂકી એને 'જર્મન જાતિના રોમન ધર્મસામ્રાજ્યનો સમ્રાટ' બનાવ્યો. આ સામ્રાજ્ય જર્મનોના હાથમાં આઠસો વર્ષ લગી, તે એને છેક ૧૮૦૧ની સાલમાં નેપોલિયને ભાંગ્યું ત્યાં સુધી રહ્યું.

સત્તાધીશ બાદશાહોના અમલમાં ખ્રિસ્તી ધર્મ સારા યુરોપ પર ફેલાયો. જેમ ખ્રિસ્તી ધર્મ ફેલાયો તેમ પોપની સત્તા પણ વધી; અને જેમ સત્તા વધી તેમ સત્તાનો શૉખ પણ વધ્યો. યુરોપના એ અંધકાર યુગમાં ધર્માચાર્યોએ ધર્મને નામે અનેક અધર્મો કર્યાં. અંધશ્રદ્ધાળુઓની શ્રદ્ધાનો લાભ લઇ ખ્રિસ્તી ધર્માચાર્યોએ ભોળા લોકો પર ખૂબ જુલમ કર્યાં. પોપનું અમૂલ્ય શસ્ત્ર તે—**excommunication**—ધર્મભ્રષ્ટ કરવાની ધમકી. પોપના બુલ્સ–ફરમાનો–ને રાજાઓ પણ ઉથાપી શકે નહિ! રાજારાજાઓને લડાવી મારી, કાવાદાવા કરી પોપે ખૂબ સત્તા વધારી. પોપના આદેશને માન આપી કેટલા યે ખ્રિસ્તી રાજાઓ અને અમીરઉમરાવો યરુશલેમને મુસલમાનોના હાથમાંથી છોડાવવા ઉલટી પડ્યા હતા. ઇતિહાસમાં આ લડાઇઓ–ધર્મ યુદ્ધો–**crusades** (ક્રુઝેડ્સ)ને નામે અમર થઇ છે.

પણ સત્તાના લોભે આખરે પોપને બાદશાહો સાથે પણ ઝગડા થવા માંડ્યા. મહાન ઑટોના વખતથી પોપની ગાદી ખાલી પડતાં બાદશાહ જ પોપની નિમણૂક કરતા. એ સમયમાં તો એક વખત પોપની જગ્યા માટે હરરાજી પણ કરવામાં આવી હતી. મહાન ઑટો પછી ચારપાંચ પેઢી લગી પોપને નીમવાની સત્તા બાદશાહોને સ્વાધીન રહી. બાદશાહો પણ બનતા લગી પોતાને અનુકૂળ આવે એવા પોપને જ નીમતા. પણ ચોથો હેન્રી જ્યારે સામ્રાજ્યની ગાદી પર આવ્યો ત્યારે એની સગીર વયનો લાભ લઇ બાદશાહની પરવાનગીની દરકાર કર્યા વિના ખ્રિસ્તી ધર્માચાર્યો પોપની ગાદી પર આવવા લાગ્યા. પોપ સાતમો ગ્રેગરી બાદશાહી પરવાના વિના જ પોપની ગાદી પર બેઠો. આ અરસામાં જર્મન સામ્રાજ્યમાં પણ ઠીક ઝગડાઓ શરૂ થયા હતા અને બાદશાહીના પાયા ઢીલા પડવા માંડ્યા હતા. પોપ ગ્રેગરીને લાગ્યું કે પોપની સત્તા બાદશાહી સત્તા સાથે સંકળાએલી રહેશે તો બાદશાહી પડવા સાથે પોપની સત્તાને પણ ધક્કો પહોંચશે. એટલે એણે જાહેર કર્યું કે પોપની સત્તા બાદશાહી સત્તાથી જુદી છે; બાદશાહ તો માત્ર જર્મન રોમન પ્રજા પર રાજ્ય કરે છે, જ્યારે પોપ તો સારી ખ્રિસ્તી પ્રજાનો ધર્મનો રાજા છે. માટે પોપની સત્તા આવી પાર્થિવ બાદશાહી સત્તા કરતાં વધારે જ ગણાય;અને આથી પોપને નીમવાનો હક્ક પણ બાદશાહનો ન ગણાય. ઉલટું બાદશાહને માથે પોપે મુકુટ મૂક્યો હતો માટે બાદશાહ નક્કી કરવાનો હક્ક પોપનો ગણાય. આમ જાહેર કરી એણે તો એ નીતિ અનુસરવા પણ માંડી, જેને પરિણામે પોપ અને બાદશાહી વચ્ચે હમેશને માટે ચકમક ઝરી. પોપ જબરા હોય તો બાદશાહને નમાવતા અને બાદશાહ જબરા હોય ત્યારે પોપને નમાવતા; એ પ્રમાણે આ બે મહાન સત્તાઓ—એક પાર્થિવ અને બીજી ધાર્મિક—ની ચડસાચડસીમાં યુરોપને સહન કરવું પડ્યું.

પોપ ગ્રેગરીએ તો યુરોપના બધા ખ્રિસ્તી રાજાઓ પાસે પોતાના પ્રતિનિધિઓ મોકલી પોપની સત્તા વિષે જાણ કરી. એણે કહેવડાવ્યું કે પોપ એટલે ખ્રિસ્તી ધર્મનો વડો, પૃથ્વી પર ઇશ્વરનો પ્રતિનિધિ. સામાન્ય જન રાજામહારાજાઓના કાયદાનો ઇન્કાર કરી શકે, પરંતુ પોપના કાયદાનો ઇન્કાર સાધારણ માણસ તો શું પણ રાજામહારાજાઓ પણ ન કરી શકે. રાજામહારાજા સામે પ્રજાજનને ફરિયાદ કરવી હોય તો પોપ આગળ થઇ શકે, અને એનો ચુકાદો પોપ આપી શકે.

પણ બાદશાહ ચોથા હેન્રીએ પોપની આ માગણીને હસી કાઢી. એણે જર્મન બિશપોની સભા બોલાવી અને એ સભા—Diet of Worms—માં પોપ ગ્રેગરીને પદભ્રષ્ટ કરવાનો ઠરાવ પસાર કરાવ્યો. આના ઉત્તરમાં ગ્રેગરીએ હેન્રીને ધર્મભ્રષ્ટ કરવાનું ફરમાન કાઢ્યું, એટલું જ નહિ પણ આવા ધર્મહીન બાદશાહને તાબે રહેવાને



ઈટાલીનો સ્વાતંત્ર્યદ્રષ્ટા
ભાવનાભક્ત મૅઝીની



જેણે મૅઝીનીની ભાવનાને પોતાના શૌર્યરંગે રંગી મૂર્તિમંત કરી તે
વીર ગૅરીબાલ્ડી

બીજા રાજાઓ બંધાએલા નથી એવો હુકમ પણ કાઢ્યો.

જર્મન રાજાઓને તો એ જ જોઇતું હતું. એ બધાએ મળી પોપને આમંત્રણ આપ્યું કે બીજા બાદશાહની ચૂંટણી કરવામાં પોપે મદદ કરવી. હેન્રીને લાગ્યું કે હવે પોપને પગે પડ્યા વિના છુટકો નથી. એટલે કાનોસાના કિલ્લામાં જ્યાં પોપે પડાવ નાખ્યો હતો ત્યાં એકલો ઉઘાડે પગે પશ્ચાત્તાપ દર્શાવતી કંથા પહેરીને ગયો અને પોપને પગે પડ્યો. પોપે પણ એને માફી આપી.

પણ બાદશાહનો આ પશ્ચાત્તાપ 'શેઠની શિખામણ'ની પેઠે ઝાંપા લગી જ રહ્યો. જેવો એ પોતાને દેશ પાછો ફર્યો કે પહેલાંની માફક વર્તવા માંડ્યું. પોપે ફરીને એને ધર્મભ્રષ્ટ કરવાનો હુકમ કાઢ્યો. એના જવાબમાં જર્મન બિશપોની સભાએ ગ્રેગરીને પદભ્રષ્ટ કરવાનો ઠરાવ કર્યો. બાદશાહ પણ આ ઠરાવનો અમલ કરવા મોટું લશ્કર લઇ રોમ પર ચઢી આવ્યો. ગ્રેગરીને રોમમાંથી નાસી જવું પડ્યું અને ત્યાં જ મરણ પામ્યો. આ પરિણામથી પણ આ બંને સત્તાના ઝગડાનો અંત ન આવ્યો.

પોપ સીલેસ્ટાઇનસને માટે તો કહેવાય છે કે જ્યારે બાદશાહ હેન્રી છઠ્ઠો ઘૂંટણીએ પડી પોપને પગે લાગ્યો તે વખતે એ પોપે લાત મારી એનો મુકુટ ગબડાવી દીધો હતો. જોકે પાછળથી એણે નામની માફી માગી હતી અને બદલામાં સીસીલી અને નેપલ્સનાં ઇટાલિયન સંસ્થાનો ભેટ આપ્યાં.

આ બધી તકરારોનો એક જ અર્થ હતો. પોપને સત્તા જોઈતી હતી, અને તે પણ માત્ર ધર્મની બાબતમાં જ નહિ પરંતુ રાજ્યકારભારમાં પણ. એ સત્તા પોપ ઇનસન્ટ ત્રીજાના વખતમાં ઇટલી પર એમને મળી. જર્મન બાદશાહી માટે બે ઉમેદવારો નીકળ્યા. તેમાં પોપે સૅક્સનીના ઑટોને સહાય કરી એની પાસેથી આખું ઇટલી માગી લીધું. ત્યારથી પોપ રોમની સાથે ઇટલીના રાજા પણ થયા અને ધર્મસત્તા સાથે પાર્થિવ સત્તાના અધિકારી પણ બન્યા.

તે પછી નેપોલિયને યુરોપને ઊથલપાથલ કરી રોમન-જર્મન સામ્રાજ્યના ટુકડા કરી નાખ્યા અને ઈટલી પણ સર કરી રોમન સમ્રાટનો મુકુટ પોતાને માથે મૂકવા પોપને ફરજ પાડી. શાર્લમેનની માફક એ પણ રોમન સમ્રાટ બન્યો. તેણે ઇટલીના ભાગલા પાડી પોતાના સગાઓમાં વહેંચી આપ્યા. વેનિસને એણે જર્મન સામ્રાજ્યને વેચ્યું. આથી પોપની સત્તા



મૅઝીનીની ભાવના અને ગૅરીબાલ્ડીના શૌર્યમાં
મુત્સદ્દીગીરીની ગૂંથણી કરનાર રાજકારણપટુ કાવૂર

પાછી રોમ અને આસપાસના પ્રદેશ જેટલી જ રહી.

પણ નેપોલિયનની લડાઈઓ પછી યુરોપમાં એક જાતનું રાષ્ટ્રીયત્વનું મોજું આવ્યું હતું. આની અસર ઇટલી પર પણ થઈ. ઇટલીને એક સ્વતંત્ર રાષ્ટ્ર બનાવવાનાં સ્વપ્નાં ઇટલીના મહાપુરુષો સેવવા લાગ્યા. એ મહાપુરુષોમાં ત્રણ નામ આગળ પડે છે: મૅઝીની, ગૅરીબાલ્ડી અને કાવૂર.

મૅઝીની ભાવનાસેવી હતો. લોકોમાં સ્વતંત્ર રાષ્ટ્રની ભાવના જગાડવાનું કામ એણે કર્યું. પોતાની કલમ વડે લોકોમાં એણે રાષ્ટ્રોદ્રેક આણ્યો. એનું સ્વપ્ન ઇટલીમાં પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવાનું હતું.

ગૅરીબાલ્ડી એક જબરો લડવૈયો હતો. એક હજાર સ્વયંસેવકોના દળ સાથે એ ઇટલીનો ઉદ્ધાર કરવા નીકળી પડ્યો હતો. સીસીલી અને નેપલ્સ તો એણે કબજે પણ કર્યાં હતાં. આ વીર પુરુષની બહાદુરી જોઇ અમેરિકાના સંયુક્ત પ્રાંતોના પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકને તો ત્યાં ઉત્તર-દક્ષિણ પ્રાંતોની લડાઇ જાગી ત્યારે ઉત્તર પ્રાંતોના લશ્કરની સરદારી લેવાનું એને આમંત્રણ કર્યું હતું. પરંતુ ગૅરીબાલ્ડી લડવા ખાતર લડતો નહોતો. એણે તો પણ લીધેલું કે લડવું તો દેશને માટે. ઇટલીની



ઇટાલીના છૂપલા ગણે તારણહાર દેશને સ્વતંત્ર
કરી એને ગાદી પર લાવ્યા તે વિક્ટર ઇમૅન્યુઅલ

સ્વતંત્રતાની લડતમાં ગૅરીબાલ્ડીનો ફાળો અમોઘ હતો. આજે તો એ રાષ્ટ્રવીર તરીકે એ દેશમાં પૂજાય છે. એની ભવ્ય પ્રતિમા જેનીક્યુલમની ટેકરી પર ઊભી કરવામાં આવી છે.

કાવૂર બડો મુત્સદ્દી પુરુષ હતો. ઇટલી એક અને સ્વતંત્ર થાય એ ધગશ તો એને પણ હતી. પરંતુ એ દૂરદર્શી પુરુષ સમજતો હતો કે ઇટલીની તે વખતની છિન્નભિન્ન સ્થિતિમાં પ્રજાસત્તાક રાજ્ય અશક્ય હતું. ઇટલી એક રાજાની સત્તા નીચે આવે એ એને વધારે શક્ય લાગતું હતું. સાર્ડિનિયાનો રાજા વિક્ટર ઇમૅન્યુઅલ સ્વતંત્ર ઇટલીનો રાજા થાય એવી તેની ઇચ્છા હતી.

અંતે મૅઝીની અને ગૅરીબાલ્ડી એકતાની ખાતર પોતાના આદર્શો ઢીલા કરી કાવૂર સાથે સંમત થયા. કેમકે તેઓ સમજતા હતા કે ઇટલીને એક કરવું એ જ પહેલી જરૂરિયાત હતી. મૅઝીનીએ પોતાના અનુયાયીઓને કહેવડાવ્યું કે Unity was the sole object to be aimed at; unity in whatever form and at whatever cost. (એકતા એ જ માત્ર ધ્યેય હોવું જોઇએ; કોઇપણ સ્વરૂપમાં અને કોઇપણ ભોગે એકતા પહેલી મેળવવી.) આમ,



ઇટાલીનો આજનો સરમુખત્યાર મુસૉલિની



હાલનો પોપ : પાયસ ૧૧મો

મૅઝીનીની ઉચ્ચ ભાવના, ગૅરીબાલ્ડીનું શૌર્ય અને કાવૂરનું દૂરદર્શીપણું આ ત્રણ ગુણોનો સંગમ થતાં ઇટલી એક અને સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું.

ઇ.સ. ૧૮૪૮માં ઇટલીમાં મોટો બળવો થયો. રોમમાંથી પોપને નાસવું પડ્યું. પરંતુ તેણે બહારની મદદથી બળવાખોરોને હરાવ્યા. મૅઝીની અને ગૅરીબાલ્ડી બંનેને ઇટલી છોડી નાસી જવું પડ્યું. આ પછી છેક દસ અગિયાર વર્ષે એટલે ૧૮૫૮–૫૯માં ફરીને ઇટલીને પરદેશીઓના હાથમાંથી મુક્ત કરવાનો પ્રયત્ન થયો. આ વખતે કાવૂરે ફ્રાંસના બાદશાહ ત્રીજા નેપોલિયનની સહાયથી ઑસ્ટ્રિયનોને ઉત્તર ઇટલીમાંથી કાઢ્યા. આ લડાઇ વખતે પણ ગૅરીબાલ્ડીએ અદ્ભુત શૌર્ય બતાવ્યું. ત્યાર પછી એક હજાર સ્વયંસેવકોનું દળ લઇ–જોકે પાછળથી એને બીજા મળી રહ્યા–સીસીલી ને નેપલ્સ જીતી લઇ એણે દક્ષિણ ઇટલીને પરદેશી રાજ્યકર્તાઓના જુલ્મમાંથી મુક્ત કર્યું. અને ૧૮૬૫માં તો રોમ અને પોપના પ્રાંતો સિવાય આખું ઇટલી એક થયું. સાર્ડિનિયાનો રાજા પહેલો વિક્ટર ઇમૅન્યુઅલ આ સંયુક્ત ઇટલીનો રાજા બન્યો. દરેક ઇટાલિયનની ઇચ્છા હતી કે રોમ ઇટલીનું પાટનગર થાય. પરંતુ જ્યાં લગી પોપ ત્યાં હોય અને પોતાને સ્વતંત્ર રાજા કહેવડાવે ત્યાં લગી રોમ આખા ઇટલીનું પાટનગર થઇ શકે નહિ. એટલે થોડા વખત માટે રાજધાની ફ્લૉરેન્સ રહી.

પોપ પાર્થિવ સત્તા છોડવાને રાજી નહોતો. પોતાના રક્ષણ માટે અને પોતાને ગાદી પર ટકાવી રાખવા માટે એણે ફ્રેંચ લશ્કરને રોમમાં રાખ્યું હતું. ઇટાલીયનો જાણતા હતા કે પોપને રોમમાંથી કાઢવા એ રોમન કૅથોલિક રાજ્યો સાથે વેર બાંધવા બરોબર હતું. પણ આખરે ભાગ્યદેવી પ્રસન્ન થયાં. ૧૮૭૦માં ફ્રાંસ અને જર્મની વચ્ચે લડાઇ જાગી. રોમમાં રહેતા ફ્રેંચ લશ્કરને પોતાના દેશની મદદે જવું પડ્યું. એટલે એક બાજુથી ફ્રેંચ લશ્કરે રોમ છોડ્યું તેવો જ બીજી બાજુથી ઇટાલીયન લશ્કરે રોમમાં પ્રવેશ કર્યો. અને શહેરનો કબજો લીધો. પોપ વેટીકનમાં જઇ ભરાયા. એ ભરાયા તે ભરાયા. તે અત્યાર લગી એ વેટીકનની બહાર જ નહોતા નીકળતા. કેમકે તે પોતા સિવાય કોઇને રાજા તરીકે કબૂલ કરવાને તૈયાર નહોતા. આ સ્થિતિ છેક હમણાં સુધી ચાલતી હતી. આજથી ચાર વર્ષ પહેલાં એટલે ૧૯૨૯માં મુસોલિનીએ આ બંને સત્તાઓ વચ્ચે સમાધાની કરાવી અને પોપે ઇટલીના રાજાને કબૂલ રાખ્યા.

આમ ઇટલીની સ્વતંત્રતાની લડત એ અદ્ભુત કથા છે. મેં તો એ બહુ જ ટૂંકાણમાં તને કહી. તું



પોપના મહેલમાંનું 'લાઓકૂન' નામનું વિખ્યાત શિલ્પ

મોટા થાય ત્યારે જરૂર એ વાંચજે'. ગરુડરાજ બોલ્યા.

વાત પૂરી થતાં અમે ઊઠ્યા અને રોમના પહેલા બિશપ સૅન્ટ પીટરનું દેવળ જોવા નીકળ્યા.

થોડે દૂર જતાં એક મોટા રસ્તા આગળ અમે આવી પહોંચ્યા. ત્યાં પહોંચતાં જ ટૅક્સી એકાએક અટકી પડી. મેં બારીની બહાર ડોકિયું કર્યું તો કાળા ખમીસ અને પાટલૂનમાં સજ્જ થએલા માણસોની હારની હાર ત્યાંથી પસાર થતી હતી. મને લાગ્યું કે કોઇ શબનું પાયદસ્ત જતું હશે. ગરુડરાજે ડોકું ધુણાવ્યું.

'આ તો મુસોલિનીના પ્રખ્યાત 'બ્લૅક શર્ટ્સ'–કાળા ખમીસવાળા.' ગરુડરાજ બોલ્યા. 'ગૅરીબાલ્ડીના અનુયાયીઓ રેડ શર્ટ્સ–રાતા ખમીસવાળા હતા; મુસોલિનીના અનુયાયીઓ કાળાં ખમીસ પહેરે છે.' આમ બોલતા હતા ત્યાં એ કાળા ઘોડાની એક ઉઘાડી ગાડી પસાર થઇ. લોકોએ ખૂબ ખુશાલીના પોકાર કર્યા.

'આ ઇટલીનો ખરો રાજા મુસોલિની.' ગરુડરાજ બોલ્યાઃ 'એણે એક નવો દેશધર્મ સ્થાપ્યો છે તે 'ફૅશીઝમ'ને નામે ઓળખાય છે. ફૅશીઝમની ટૂંકી વ્યાખ્યા આપવી અઘરી છે. એ ધર્મનો માત્ર એક જ ઉદ્દેશ છે અને તે દેશને સંગઠિત રાખી એને આબાદ



સેન્ટ પીટરનું દેવળ : રોમ

કરવો. 'ફૅશીઝમ'ની શરૂઆત સમાજવાદ તરીકે થઇ. આજે એમાં અનેક તત્ત્વ દાખલ થયાં છે. 'દેશ એ જ સર્વસ્વ' એ એમનું ધ્યેય આજે તો લાગે છે.

ગઇ લડાઇ પછી સમુદ્રમંથન જેવું યુરોપનું મંથન થયું. એ મંથનને પરિણામે ઝેર પણ ઉત્પન્ન થયું અને અમૃત પણ પેદા થયું. અનેક રત્નો નીકળ્યાં. એ રત્નોમાંનું એક રત્ન તે મુસોલિની.

એ લડાઇને પરિણામે રશિયામાં જબરદસ્ત ક્રાંતિ થઇ એ મેં આગળ કહ્યું છે. કૉમ્યુનિઝમ નામનો નવો વાદ ત્યાં શરૂ થયો. આ વાદમાં રાષ્ટ્રભાવનાને જરા યે સ્થાન નથી. પરંતુ સ્વરક્ષણને ખાતર રાષ્ટ્રભાવના રાખ્યા વિના છૂટકો જ નથી. આજે અનુભવથી રશિયાને પણ એ ભાવના રાખવી પડે છે. ઇટલીમાં આ નવો વાદ દાખલ થાત તો તે વખતની ઇટલીની સ્થિતિ જોતાં એના હાલહવાલ થયા વિના રહેત નહિ એમ મુસોલિની જેવાનો મત હતો. એટલે એ વાદના પ્રતિકાર તરીકે 'ફૅશીઝમ'નો પ્રચાર થયો.

'ફૅશીઝમ'ના મત પ્રમાણે દેશ તે જ રાજ્ય અને પ્રજા. રાજ્યતંત્ર અને પ્રજાતંત્ર એક જ. રાજ્યતંત્ર પ્રજાના નેતાના હાથમાં સોંપાવું જોઇએ. એ તંત્રનું મુખ્ય ધ્યેય દેશની આબાદી. આજે પ્રજાનેતા તરીકે મુસોલિની ઇટલીનો 'ડિક્ટેટર'–સર્વસત્તાધીશ–સરમુખત્યાર છે. ત્યાંનો રાજા માત્ર નામની સત્તા ભોગવે છે. મુસોલિનીના દસ વર્ષના અમલ દરમ્યાન ઇટલીએ સારી પ્રગતિ સાધી છે. એક તો સત્તાવાન દેશોની હરોળમાં એ આવ્યું છે, અને લોકોમાં પણ વધારે જાગૃતિ તથા શિસ્ત–discipline દેખાય છે. આગળ જતાં શું થાય છે તે હવે જોવાનું છે.'

કાળા ખમીસવાળાનું સરઘસ પસાર થઇ ગયું અને અમારી ગાડી આગળ ચાલી. ટાઇબર નદીનો પૂલ ઓળંગી અમે આગળ વધ્યા. એ ટાઇબર–રોમની પવિત્ર નદી–કોણ જાણે કેટલી યે મોટી હશે એમ હું ધારતો હતો, પણ એક નાળા જેવડી નાનકડી નદી જોઇ મને નવાઇ લાગી. આપણે નદીને નારી જાતિ ગણીએ છીએ. ત્યારે અહીં એ નરજાતિથી ઓળખાય છે અને ફાધર ટાઇબર–ટાઇબર બાપા તરીકે એને સંબોધવામાં આવે છે.

થોડી વારમાં અમે સેન્ટ પીટરના ભવ્ય દેવળ આગળ જઇ પહોંચ્યા. પહેલાં ૧૨૪ સ્તંભાવલિનું ગોળાકાર આંગણું આવ્યું. તેની વચ્ચે એક ફૂવારો ઊડતો હતો. આ આંગણું વટાવી અમે પગથિયાં ચડ્યા. સેંકડો વર્ષના જૂના, રાય અને રંકના હૈયથી સ્પર્શિત, અનેક બાદશાહોના ચરણસ્પર્શિત એ સેન્ટ પીટરનાં પગથિયાં વટાવી અમે દેવળમાં પેઠા

'સેન્ટ પીટર એ ખ્રિસ્તીઓનું મોટામાં મોટું દેવળ.' ગરુડરાજ બોલ્યા: 'સૌ પહેલાં કૉન્સ્ટન્ટાઇન બાદશાહે સેન્ટ પીટરની કબર પર એક નાનું દેવળ બાંધ્યું હતું. ત્યાર પછી તો એ પડી ભાંગવાની અણી પર હતું. તેનું સમારકામ ઇ. સ. ૧૪૩૨ની સાલમાં તે વખતના પોપે હાથમાં લીધું. એ પોપના મરણથી કામ અટક્યું. ઇ. સ. ૧૫૦૬ની સાલમાં પોપ જુલિયસે આ નવા દેવળનો પાયો નાખ્યો. એ દેવળ શણગારવા એણે મોટા મોટા કારીગરો રોક્યા. માઇકલ ઍન્જેલોનું નામ આ દેવળનો ઘુમ્મટ બાંધવા માટે અમર થઇ ગયું છે.

અંદરથી દેવળની ભવ્યતાનો પાર નથી. એના વિશ્વવિખ્યાત ઘુમ્મટની ઊંચાઈ જમીનથી ચારસો પાંચ ફીટ જેટલી છે. ગુંબજની બેઠક પર ફરતા, સેન્ટ પીટરને ઉદ્દેશીને ઇશુ ખ્રિસ્તે જે શબ્દો કહ્યા હતા તે લખેલા છે: 'Tu es Petrus'—તું પથ્થર છે અને એ પથ્થર વડે હું મારૂં દેવળ બાંધીશ.' જુદા જુદા કળાકારોએ એ દેવળને ખૂબ શણગાર્યું છે એટલે જોવાનું તો ખૂબ જ હતું.

'અરુણ!' ગરુડરાજ બોલ્યા: 'અહીં જાણવાનું અને જોવાનું ઘણું છે. પણ એ બધું ઝીણવટથી જાણવા માટે તું હજી બહુ બાળક છે. આ તો ખ્રિસ્તીઓનું પવિત્રમાં પવિત્ર ધામ અને એનાં દર્શન કર્યા વિના રોમ છોડાય નહિ માટે જ તને અહીં લાવ્યો છું. હવે આપણે પોપનો વેટીકનનો મહેલ જોવા જઇએ.'

સેન્ટ પીટરમાંથી બહાર નીકળી અમે રોમના મહેલ તરફ વળ્યા. 'રોમન કૅથોલિક ધર્માચાર્યો લગ્ન કરી શકતા નથી, એટલે પોપ કાં તો બાળબ્રહ્મચારી હોય કે પછી સંન્યાસી. એને તે વળી મહેલ કેવા એ સવાલ સહેજે ઉત્પન્ન થાય. પરંતુ રોમના પોપ એટલે રાજા જેવા જ. એમની જાહોજલાલીનો પણ પાર નહિ. રાજાઓના ગુણદુર્ગુણ બધા પોપમાં ભરેલા. જુલમગાર થાય ત્યારે રાજાના જુલ્મીપણાને પણ હટાવે. બોરજિયા કુટુંબનો પોપ ઍલેકઝાન્ડર છઠ્ઠો એટલો ઘાતકી અને ખરાબ હતો કે ન પૂછો વાત. રોમના નીરો જેવા જાલિમ બાદશાહોને પણ હટાવે. એણે અને એના છોકરા સીઝર બોરજિયાએ—પોપને વાસ્તવિક રીતે છોકરાં હોય નહિ—લોકોને ઝેર પાઇપાઇને માર્યા. આખરે એમના પાપનો ઘડો ફૂટ્યો અને ઝેર ભેળવેલું પીણું કોઇને આપવાનું પોતે જ પી ગયા.'

વેટીકનનો મહેલ આજે તો ઉત્તમ સાહિત્ય અને કળાનું સંગ્રહસ્થાન બની ગયો છે. ત્યાંનું પુસ્તકાલય પણ જૂનાં પુસ્તકોના સંગ્રહ તરીકે બહુ જાણીતું છે. પરંતુ ત્યાંનો કળાનો ખજાનો તો અદ્‌ભુત છે. શિલ્પની કારીગરીના ઉત્તમમાં ઉત્તમ નમૂના ત્યાં ભર્યા છે. એમાં

શિવત્વ પામું

• ઉપજાતિ-વંશસ્થ •

દુઃખોતણા પ્હાડથકી સ્વતંત્ર
છૂપા ઝરા ચેતનવંત, ભવ્ય
પ્રસન્ન એ વારિ સદાય પી રહું
ને દેહની દુર્બલતા શમાવું.

મહાવ્યથાનાં તિમિરો વિષે જે
જ્યોતિ જગે નિર્મળ સૂત્રરૂપે
તેજસ્વી એ વર્ચસને ઝીલી રહું
ભાવિતણા પંથ બધા ઉજાળું.

આપત્તિના અર્ણવમાં સુધાના
ભર્યા–ભર્યા કુંભ રહેજ છાના
સંજીવની એહતણી જીવી રહું
કરાળમાં સૌમ્ય શિવત્વ પામું.

અસત્ દગે સત્ય નિગૂઢ ભાળું
ને મૃત્યુમાં જીવનને નિહાળું.

રામપ્રસાદ શુક્લ

ઍપૉલો બેલ્વેડિયર-(ઍપૉલો=સૂર્યદેવ)નું પૂતળું તેમ જ લાઓ કૂન એ મૂર્તિઓ તો વિશ્વવિખ્યાત છે.

દીવાલ પર ચીતરેલાં ચિત્રો પણ મોટા કળાકારોની પીંછીના નમૂના છે. તેમાં ખાસ કરીને રાફેલ અને માઇકલ ઍન્જેલોનાં ચિત્રો ધ્યાન ખેંચે છે. સીસ્ટાઇન ચૅપલમાં ગરુડરાજે એ માઇકલ ઍન્જેલોનું છત પર ચીતરેલું ભવ્ય ચિત્ર બતાવ્યું.

'માઇકલ ઍન્જેલો ખરેખર તો શિલ્પી હતો.' ગરુડરાજ બોલ્યા: 'એટલે આ ચિત્રમાં કૃતિની દૃષ્ટિએ અનેક ખોડખાંપણ હશે, પરંતુ કળા અને કૃતિમાં ફેર એટલો કે કળામાં ભાવના મુખ્ય ભાગ ભજવે છે. માઇકલ ઍન્જેલોના આ ચિત્ર–Last Judgementમાં રહેલી ભાવના ભવ્ય અને અદ્‌ભુત છે. ભાવના વિના કળા સંભવે જ નહિ. ભાવના વિનાની કૃતિ એ આત્મા વિનાના દેહ જેવી છે. જેમ ભાવના ભવ્ય તેમ કળા શ્રેષ્ઠ.'

ચિત્ર જોતા સીસ્ટાઇન ચૅપલમાં જ અમે આરામ લેવા બેઠા. 'રાજાઓની માફક આ ખ્રિસ્તી બ્રહ્મચારીઓ પણ લહેરીલાલા હતા. એમની મોજમજાહને અંગે એ પણ સાહિત્ય અને કળાને સારું ઉત્તેજન આપતા.' ગરુડરાજ બોલ્યા: 'માત્ર પોપના જમાનામાં વિજ્ઞાનને જરા પણ ઉત્તેજન નહોતું. ઊલટું વિજ્ઞાનને શેતાનનું કારસ્તાન ગણી બીચારા વિજ્ઞાનીઓને કાં તો બાળી મૂકતા કે પછી તુરંગમાં મોકલતા.'

'એનું શું કારણ?' મેં પૂછ્યું.

'કારણ તો બહુ ઉઘાડું છે.' ગરુડરાજ બોલ્યા. 'વિજ્ઞાન એટલે પ્રગતિ; વિજ્ઞાન એટલે સુધારો. બીજાને અજ્ઞાન જ રાખવામાં જેનો સ્વાર્થ સમાયો હોય, બીજાને પાછળ જ રાખવામાં જેનો સ્વાર્થ રહેલો હોય તે લોકો વિજ્ઞાનને શી રીતે ઉત્તેજન આપે? દાખલા તરીકે ખ્રિસ્તીઓના ધર્મપુસ્તક બાઇબલમાં સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન છે. એમાં માનવજાત શી રીતે પેદા થઈ તે પણ કહ્યું છે. ઇશ્વરે પોતાના સ્વરૂપમાં આદમ–પુરુષને બનાવ્યો. એ આદમની એક પાંસળીમાંથી ઈવ–સ્ત્રી–ઉત્પન્ન થઇ વગેરે. જ્યારે ડાર્વિન નામના પ્રાણીશાસ્ત્રના અભ્યાસીએ મનુષ્યજાત વાનરમાંથી ઉત્પન્ન થઈ છે એમ સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. એક જાત બીજી જાતમાંથી એમ કરતાં છેવટે માનવ જાત પેદા થઇ એ ડાર્વિનનો સિદ્ધાંત છે. હવે બાઇબલમાં લખેલું સોળ આના ખરૂં છે એમ માનનારા અંધશ્રદ્ધાળુઓ આ સિદ્ધાંતને શી રીતે માન્ય કરી શકે? અને ડાર્વિન તો થોડાં વર્ષો પહેલાં જ થઇ ગયો. તે પહેલાંના પોપના જમાનામાં–અંધકાર યુગમાં–તો ડાર્વિન જેવાને બાળી નાખ્યો હોત અથવા તુરંગમાં તો જરૂર પૂર્યો હોત. બાઇબલના એક પણ કથનનો અનાદર કરવો એટલે બીજાં કથનોનો અનાદર કરતાં શીખવું. એવું થાય તો બાઇબલનું શું અને બાઇબલ માંથી ઉપદેશ કરનારાઓનું શું? આવા નવા વિચારવાળાને ધર્માચાર્યો ધર્મદ્રોહી ઠરાવે તેમાં કંઇ નવાઇ? એક બીજો દાખલો આપું. પ્રખ્યાત ખગોળવેત્તા ટૉલેમીનો સિદ્ધાંત એવો હતો કે આપણી પૃથ્વી એ વિશ્વનું કેન્દ્ર. સૂર્ય, ચંદ્ર તથા ગ્રહો પૃથ્વીની આસપાસ ફરે છે, જ્યારે પૃથ્વી સ્થિર છે. બાઇબલને આ સિદ્ધાંત અનુકૂળ છે, કારણકે એમાં પૃથ્વીનું મહત્ત્વ, અને પૃથ્વી પર વસનારા મનુષ્ય કે જેને ઇશ્વરે પોતાના સ્વરૂપમાં ઘડ્યો છે તેનું મહત્ત્વ વધે છે. પણ કોપરનીકસ નામના વિખ્યાત ખગોળશાસ્ત્રીએ બીજો સિદ્ધાંત ઊભો કર્યો —જે આજે પ્રચલિત છે—કે સૂર્ય એ જ મધ્યબિંદુ છે અને આપણા જેવડી અને આપણાથી નાનીમોટી અનેક પૃથ્વીઓ એની આસપાસ ફરે છે. વળી આપણાં સૂર્યમંડળો જેવાં અનેક સૂર્યમંડળો વિશ્વમાં છે અને આપણી

અબોલા

• ઉપજાતિ-વંશસ્થ •

ઉરે હતી વાત હજાર કે'વા
કિન્તુ નહિ ઓષ્ઠ જરી ય ઉઘડ્યા;
જલ્યા કર્યા અંતર સ્નેહદીવા
ઉજાસ શાં સ્મિત મુખે ન આવીઆં.

નિસર્ગલીલા તુજ સાથ જોવા
હૈયે હતા કોડ, ન પાય ઊપડ્યા;
સૂરે મિલાવી તુજ સૂર ગાવા
ઊઠ્યાં ગીતો ઉર, બધાં શમી ગયાં.

મળે મળે ને ફરી જાય નેન
અકથ્ય શબ્દે વદી વાત ઉરની;
હૈયું મૂગું ચાતકશું અધીર
રહે રાહ જોતું તુજ શબ્દ-બિન્દુની.

આવે અબોલા-દિન એ સ્મૃતિમાં
જે દિ' ચડ્યાં અંતર પૂર નેહનાં.

પ્રહ્‌લાદ પારેખ

પૃથ્વી જેવા અગણિત તારાઓ અને પૃથ્વીઓ પણ છે. આ હિસાબે વિશ્વમાં પૃથ્વીનું સ્થાન ક્યાં અને પૃથ્વી પર વસનારા પામર મનુષ્યની શી કિંમત? આ અપાર વિશ્વસાગરમાં માનવ બુંદબુંદ ભલે ફફડાટ કરે. વિશ્વની ગણતરીમાં એક અલ્પજીવી પતંગિયા કરતાં એની વિશેષ કિંમત શી રીતે આંકી શકાય? એટલે આ સિદ્ધાંત ઇશ્વરના પૃથ્વી પરના પ્રતિનિધિઓને કેમ માન્ય હોય? એ કોપરનીકસે છેક મરતી વખતે જ પોતાનો આ સિદ્ધાંત બહાર પાડવાની હિંમત કરેલી. ગૅલીલીઓ જેવા મહાન ખગોળશાસ્ત્રીને પણ આ જ કારણે તુરંગ વેઠવી પડી હતી. રસાયણશાસ્ત્રીઓ અને અન્ય વિજ્ઞાનીઓને તો મેં આગળ કહ્યું તેમ જીવતા બાળી મૂકવામાં આવતા.

'એ તે બને?' મેં પૂછ્યું: 'જ્ઞાન તો આગળ વધવું જ જોઇએ. બાઇબલમાં લખાયું તે તો ઇશુ ખ્રિસ્તના સમય-ની માન્યતાઓ. ત્યારપછી આગળ વધવાનું જ નહિ?'

'અરુણ!' ગરુડરાજ બોલ્યા: 'બાઇબલને ઇશ્વરી વચન માનનારાઓ તો એના કથનને યાવચ્ચંદ્રદિવાકરૌ જ માનેને? તમારે ત્યાં પણ ક્યાં એ માન્યતા નથી? મનુમહારાજનાં વચનો પોતે ન પાળતા છતાં બીજાને પળાવવાનો પ્રયત્ન તમે કરો છો જ ને? એ કારણથી જ હિંદુ ધર્મ આગળ વધતો અટકી ગયો છે. એ મહા-સાગર જેવા ધર્મને તમે ગંધાતું ખાબોચિયું બનાવી દીધો છે તેનું પણ એ જ કારણ ને? શાસ્ત્ર કંઇ સર્વકાળ માટે લખાયાં નથી. એમ માનવું એ જ અજ્ઞાનતાની અવધિ ગણાય. કાળ પ્રમાણે શાસ્ત્રો પણ બદલાવવાં જ જોઇએ. અરુણ! મનુમહારાજ અને બીજા શાસ્ત્ર-કારોના વચનોનો જે દુરૂપયોગ તમારે ત્યાં થાય છે એ જોઇને એ બધા એવા ગુસ્સે થઇ ગયા છે કે ન પૂછો વાત. મનુષ્યની માફક એ રડી શકતા હોત તો એમના ક્રોધના અશ્રુથી પૃથ્વી પર ક્યારનો પ્રલય થયો હોત અને તમારી પૃથ્વી એમાં ડૂબી ગઈ હોત!'

સીસ્ટાઇન ચૅપલની ભવ્ય શાન્તિ કહો કે સવારે વહેલા ઊઠ્યા હતા તે કારણ કહો કે પછી આખા દિવસમાં રોમ વિષે ખૂબ સાંભળીને મારૂં મગજ થાકી ગયું હશે એ કારણ કહો, પણ મને તો ખૂબ જ ઊંઘ આવવા માંડી અને ગરુડરાજની વાત પૂરી થઇ ન થઇ ત્યાં તો હું ઘોર નિદ્રામાં પડ્યો.

હું જાગ્યો ત્યારે એક વિશાળ નદીના કિનારા પર અમે બેઠા હતા.

હંસા મહેતા

અંકજંત્ર-રચના [૪] ચારનો જંત્ર

આ હપ્તામાં, સોળ ખાનાવાળા ચોરસમાં ક્રમિક સંખ્યા-ઓ લખી તે પરથી જંત્ર બનાવવાની વિવિધ રીતો જોઇએ.

પહેલાં તો ચાર ચાર ખાનાંની ચાર હારો ગોઠવી સોળ ખાનાના ચોરસમાં પહેલેથી ક્રમસર ક્રમિક સંખ્યાઓ લખી બધાં ખાનાંઓ ભરી કાઢો. હવે બંને કર્ણરેખાઓમાં આવેલા સીમાન્ત (તદ્દન છેડાના) અંકોનો તેમજ મધ્યે આવેલા અંકોનો અદલોબદલો કરો, એટલે અંકજંત્ર તૈયાર થયો. અદલોબદલો કઇ રીતે કરવો તે આ સાથે આકૃતિ નં. ૧ માં દર્શાવેલાં ખાનાં-ઓમાં જુદી જુદી છાયાઓ આલેખીને તથા તીરની દિશાથી બતાવ્યું છે, અને એ રીતના ફેરફાર કર્યા પછી તૈયાર થએલો અંકજંત્ર આકૃતિ નં. ૨ થી દર્શાવ્યો છે. આ રચનામાં આઠ અંકો સ્થિર રહે છે અને બાકીના માત્ર આઠ જ અંકો ફરે છે.

આકૃતિ નં. ૩ થી બતાવેલી બીજા પ્રકારની રચનામાં સોળેસોળ અંકોનું સ્થાનાંતર કરવું પડે છે. આકૃતિ નં. ૩ માં જે જુદી જુદી છાયા ટપકાં અને તીરની દિશાથી એ સ્થાનાંતરની પદ્ધતિ બતાવેલી છે તેને બરોબર લક્ષમાં લેવાથી એ રચના સમજાશે. જે બે ખાનાંઓમાં એક જ પ્રકારની છાયા હોય તેનો અદલોબદલો કરવાનો. દાખલા તરીકે નં ૧ તથા ૧૧નાં ખાનાંઓમાં ત્રાંસી લીટીની છાયાઓ છે, તો તે બંનેનાં સ્થાનનો પલટો કરો. આ જ રીતે નં ૨ તથા ૫ નાં ખાનાંઓમાં ટપકાં છે, નં ૩ તથા ૮ માં ઊભી લીટીઓ છે અને નં ૪ તથા ૧૦ માં આડી લીટીઓ છે તે બધાં ખાનાંના અંકોનો પરસ્પર સ્થાનપલટો કરવાનો છે. આ ઉપરાંત જે ખાલી ખાનાં-ઓ રહ્યાં તેના પલટાની સૂચના તીરની દિશાથી બતાવી છે. નં ૬ અને ૧૬નો, ૭ અને ૧૩નો, ૯ અને ૧૪નો તથા ૧૨ અને ૧૫નો પલટો એ સૂચના મુજબ કરો. આ રીતે સોળે ખાનાંઓનો પલટો થઇને તૈયાર થએલો અંકજંત્ર આકૃતિ નં. ૪ થી બતાવ્યો છે. ધ્યાનથી જોનારને આ પલટાઓની યોજના અમુક ચોક્કસ પદ્ધતિ પ્રમાણે જ થએલી જણાશે.

આ જાતના અંકજંત્રમાં દરેક હારનો સરવાળો તો ૩૪ થાય છે જ, પરંતુ તે ઉપરાંત બીજી પણ મળીને જુદી જુદી કુલ ૧૭ રીતે એ ગણતરી મળી રહે છે: (૧) આડી હારોનો સરવાળો (૪ રીતો); (૨) ઊભી હારોનો સરવાળો (૪ રીતો); (૩) કર્ણરેખાનો સરવાળો (૨ રીતો); (૪) ચાર છેવટના ખૂણા ઉપર આવેલી સંખ્યાઓનો સરવાળો (૧ રીત); (૫) બંને કર્ણરેખાઓમાં બબ્બેના સમૂહમાં ગોઠવાએલી સંખ્યાઓનો સરવાળો (૨ રીતો); અને (૬) જંત્રની મધ્યમાં બે આડી ઊભી સીધી લીટીઓ દોરી જંત્રના ચાર સરખા ભાગ કરવામાં આવે તો દરેક ભાગમાં આવેલી ચાર સંખ્યાઓનો સરવાળો (૪ રીતો). આટલી બધી રીતે તેના સરવાળા મળતા આવતા છતાં યે આ રીતે કરેલી રચના 'સર્વાંગ' અંકજંત્ર કહી શકાય નહિ, કારણકે ગયે મહિને વિચારેલી પદ્ધતિ મુજબ કર્ણરેખામાં આવેલી

૧	૨	૩	૪
૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨
૧૩	૧૪	૧૫	૧૬

આકૃતિ-૧

૧૬	૨	૩	૧૩
૫	૧૧	૧૦	૮
૯	૭	૬	૧૨
૪	૧૪	૧૫	૧

આકૃતિ-૨

૧	૨	૩	૪
૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨
૧૩	૧૪	૧૫	૧૬

આકૃતિ-૩

૧૧	૫	૮	૧૦
૨	૧૬	૧૩	૩
૧૪	૪	૧	૧૫
૭	૯	૧૨	૬

આકૃતિ-૪

૧	૮	૧૩	૧૨
૧૪	૧૧	૨	૭
૪	૫	૧૬	૯
૧૫	૧૦	૩	૬

આકૃતિ-૫

ત્રણ સંખ્યાઓ અને ચોથી તેની પૂરક સંખ્યા મળીને તેટલો જ સરવાળો થતો નથી. તેમજ એક ઊભી કે આડી હારને ઉપાડી તેનાથી વિરુદ્ધ સ્થાને બદલી મૂકીને કરેલી રચનાથી પણ તેમાં અંકજંત્રનાં લક્ષણ રહેતાં નથી.

આ જંત્રની ત્રીજા પ્રકારની રચનાની પદ્ધતિ (જુઓ આકૃતિ-૫) અતિશય ગૂંચવણવાળી થઇ પડે તેવી હોવાથી અત્રે તેની વિગત દર્શાવી નથી, પરંતુ ઉપરની પદ્ધતિઓનો બારીક અભ્યાસ કરનારને જણાશે કે પહેલી પદ્ધતિના આંકડાઓ અમુક રીતે ગોઠવાઇને જ એ બનેલો છે.

આ રીતે ગોઠવાએલો જંત્ર 'સર્વાંગ' છે. તેમાં ઉપરની સર્વ શરતો પાર પડે છે તે ઉપરાંત ઉપરની રચનામાં ખૂટતી બીજી બંને શરતો પણ લાગુ પડે છે. એવી અદ્ભુત ખાસિયતો એમાં સમાએલી હોવાથી ઘણાં બાળકોના ગળામાં બાંધેલા તાવીજોમાં આ જંત્ર કોતરેલો જોવામાં આવે છે.

આપણા દેશમાં ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ ખાનાંવાળા જંત્રો અનુક્રમે શનિ, બૃહસ્પતિ, મંગળ, સૂર્ય, શુક્ર, બુધ અને ચંદ્રના જંત્રો ગણાય છે. જેથી ઉપરનો સર્વાંગ જંત્ર બૃહસ્પતિનો જંત્ર ગણાય છે. **મોહનલાલ પંચોળી**

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ વખતે આગળ આવનાર ચિત્રોમાં પહેલું ઇનામ મેળવનાર જામનગરવાળા ભાઇ જે. જે. બુદ્ધનું 'જૈન મંદિર' ફોટોગ્રાફીની કળાનો અચ્છો નમૂનો છે (જુઓ આવતા અંકની પ્લેટ). મંદિરના સ્વરૂપને એમાં જે વ્યક્તિત્વ અને ભવ્યતા મળ્યાં છે તેની છાપ અંતર પર પડ્યા વિના રહેતી નથી. ભાઇશ્રી બુદ્ધે એમાં ઘણી જ ખૂબીથી આકાશના ઘેરા પટ ઉપર મંદિરનું શિખર સફેદ ઉઠાવમાં રાખ્યું છે, તેમજ બીજાં મકાનોને છાયામાં રાખી મંદિર તરફ આકર્ષણ કરાવે એવી રસ્તાની વંડી વગેરેને પૂરતો પ્રકાશ આપ્યો છે. આખા યે ચિત્રમાં સ્થાપત્યની કળાનું ગૌરવ બહાર તરી આવે છે.

બીજા ઇનામને પાત્ર કરનાર મુંબાઈના કિનારા પર રાત્રિનું દૃશ્ય લેનાર ભાઈએ ફોટો પાછળ ચિત્રનું કે પોતાનું નામ કશું લખ્યું નહિ હોવાથી અમે તે પ્રકટ કરી શકતા નથી; પરંતુ આ ચિત્ર બેશક અભિનંદનીય કૃતિ છે. ચિત્રમાં ગેઇટ વે ઑફ ઈંન્ડિયા અને તાજમહાલ હૉટેલ આગળનો કિનારો સુસ્પષ્ટ ઓળખાય છે અને એ આખું દૃશ્ય એક આહ્લાદક ચિત્ર બની રહ્યું છે. એવું જ સુરમ્ય ચિત્ર રંગુનથી ભાઇ ઠાકોરલાલ ગાંધીએ રંગુન નદીનું મોકલ્યું છે. તે પણ સરખા જ સન્માનને પાત્ર છે. વાતાવરણ અને દૃશ્યમાં યથાયોગ્ય વ્યવહાર તેની સાર્થકતા કરી આપે છે.

'ઉજાણી' નામનું ભાઇ કનુ રાવત (અમદાવાદ)નું ચિત્ર ઉત્તેજનપાત્ર ગણાયું છે. ચિત્રમાં દેખાતી પરિસ્થિતિ નામનું સૂચન કરી શકતી નથી. પ્રાણીચિત્રોના ભાવ પકડવાને પાત્રો થોડાં પસંદ કરવાં જોઇએ.



પ્રતિબિંબ



રંગુન નદી ઉપર

રંગુન

માત્ર સારી ફોટોગ્રાફીના નમૂના ગણી શકાય એવા બીજાં ત્રણ ચાર ચિત્રો છે. રાજકોટના ભાઇ હસમુખલાલ જસાણીએ 'પીઠી'નું ચિત્ર ઠીક પાડ્યું છે, પરંતુ છબી પડાવવા જ બેઠેલાં હોય એવાં પાત્રો ચિત્રનો રસ ઉડાવી દે છે એ તેમણે યાદ રાખવું જોઇતું હતું. વડોદરાથી ભાઇ રમણલાલ ક્ષત્રિયે મોકલેલું પખાલીનું ચિત્ર આડી છબીમાં ગોઠવાયું હોત અને આસપાસ જોઇતી જગ્યા મેળવી શકાઇ હોત તો ઠીક થાત. ભાઇ વીરેન્દ્ર ત્રિવેદી (મુંબાઇ)નું મિનારો નામનું ચિત્ર કોઇ માનવપાત્રના અભાવે તેના પ્રમાણનો ખ્યાલ આપી શકતું નથી. મુંબાઇના ભાઇ ચન્દ્રકાન્ત (ઉંમર વર્ષ ૧૨)નું 'બે ભેંસોનું યુદ્ધ' એનલાર્જ કરી લેવાથી હરીફાઇઓમાં આગળ આવે એવું બની શકે.



ઉજાણી — કનુ રાવત (અમદાવાદ)

આંખડી

આસમાની રંગની પૂતળી ઘડીઃ
તારાની એમાં આંખડી જડીઃ
રૂપેરી રંગની પૂતળી ઘડીઃ
સૂરજની એમાં આંખડી જડીઃ
કાળુડા રંગની પૂતળી ઘડીઃ
ચાંદાની એમાં આંખડી જડીઃ
સાતે રંગોની પૂતળી ઘડીઃ
સન્ધ્યાની એમાં આંખડી જડીઃ
ભગવાને દુનિયાની પૂતળી ઘડીઃ
આનંદ–શોકની આંખડી જડીઃ
કાચી માટીની આ પૂતળી ઘડીઃ
માયાની એમાં આંખડી જડી.

મોહિનીચન્દ્ર

લીલો બાવળ

બાળવિભાગ

મારા ફળિયામાં ઊગેલો છે તે ડાહ્યો બાવળ નથી ને ગાંડો બાવળ નથી. ગાંડો બાવળ ગાંડો નથી હોતો. લોકોએ એને ગાંડો શા માટે કીધો હશે તેનું કારણ લોકો જાણે, અને ડાહ્યા બાવળને ડાહ્યો કહેવામાં લોકોએ એનામાં કયું ડહાપણ ભાળ્યું હશે તે મને તો કદી નથી સમજાયું. લોકો ડાહ્યા બાવળનાં દાતણ કરે છે, અને ગાંડો બાવળ દાતણના કામમાં નથી આવતો, એટલા માટે ઉપયોગી તે ડાહ્યો અને પોતાને નહિ ઉપયોગી તેને ગાંડો એમ વખતે ઠરાવ્યું હોય. લોકોનો સ્વભાવ તો એવો જ છે. જે બાળકો ઝટપટ ઊઠીને માબાપનું કામ કરે છે તેને તેઓ ડાહ્યો કહે છે, અને જેઓ કોઇપણ કારણસર કામ નથી કરી શકતા તેમને તેઓ ગાંડા કહે છે. લોકોનું ધોરણ ઉઘાડી રીતે સ્વાર્થનું છે. લોકોના સ્વાર્થમાં બિચારાં બાળકોને, ઝાડોને અને તેમના સિવાય સૌને સહેવાનું.

સારૂં છે કે આ લીલો બાવળ લોકોના ઝપાટે નથી ચડ્યો. એનું કારણ છે. એ પરદેશી છે. કદાચ પરદેશીથી લોકો ડરે છે તેમ આ બાવળથી યે ડર્યાં હોય અને તેનું નામ ન લીધું હોય તો તે સંભવિત છે. અગર તો તેઓ આ પરદેશથી આવનારને હજી કૌતુક અને વહેમથી જોતા હોય અને તેને વિષે કંઇ કહેતાં પહેલાં સાવધાની રાખતા હોય તો એમ બનવું પણ સ્વાભાવિક છે.

અમે એને લીલો બાવળ કહીએ છીએ, કારણકે તે બારે માસ લીલો રહે છે. પરદેશમાં આવાં કાયમી લીલાં ઝાડ થાય છે. તેમાંથી આવેલ આ ભાઇ કદાચ ન હોય. કોઇ કહેતું હતું કે આ બાવળ ઑસ્ટ્રેલિયાનું વતની હશે.

બાવળ કાયમી લીલો છે એટલે એ હમેશની શોભા છે, અને છતાં પાનખરમાં તે સુકો નથી થતો. એટલે જ વસંતમાં તેની શોભા વધી જતી નથી. એ એનું ભાગ્ય કહો કે દુર્ભાગ્ય કહો, પણ એ તો હમેશ એવો ને એવો જ રહેવાનો.

લીલા બાવળને કાંટા તો છે, પણ ડાહ્યા બાવળના કાંટાની જેમ તે નીચે પડીપડીને વાગતા નથી. ડાહ્યા

કહેવાતા માણુસો ય બીજાઓને ધાર્યા કરતાં વધારે લાગે છે એની સાક્ષી ડાહ્યા બાવળ આપી શકે છે. અમારા આ લીલા બાવળના કાંટા ઝાડ ઉપર જ રહે છે, અને સંભાળીને ઉપર ચડે તો તે કોઇને વાગતા પણ નથી. કાંટા કાંટામાં યે ફેર છે. બોરડીના કાંટાથી વાગ્યા વિના રહેવાય જ નહિ. ગુલાબના કાંટાનો પણ એવો જ સ્વભાવ ઘડાએલો. લીલા બાવળના કાંટાનો સ્વભાવ એટલો સારો છે. એની કેળવણી સારી હશે!

લીલા બાવળને પરડાં નથી થતાં, પણ શીંગો તો થાય છે. ખીજડાને જેવી સાંગરો થાય છે તેવી જ સાંગરો લીલા બાવળને થાય છે. પક્ષીઓમાં પોપટને ને માણુસોમાં નાનાં બાળકોને એ બહુ ભાવે છે. પોપટને લીલી સાંગરો અને બાળકને સૂકી સાંગરો ભાવે છે. એટલો તો બંનેમાં તફાવત હોય જ ના?

આ લીલા બાવળનાં ફૂલ તલબાજરડાના જેવાં થાય છે. તેમાં ક્યાં અને કેવી રીતે મધ હશે તે તો

ઍનું નામ




ધોળો ધબ
લાંબો લબ,

પાણી જોનો
ઊભો ઠગ;

મચ્છી દેખી
કરે ગબ.

એનું નામ બગલો
જાણે રૂનો ઢગલો.



આમ ઊડે તેમ ઊડે
વાંકી કરે ચાંચ,

કાળુંકાળું અંગ એનું
બાડી એની આંખ.

એનું નામ કાગડો
લોક કહે નાગડો.

રૂપ ત્યારે મેશ જેવું, ગાય ત્યારે મધ જેવું;
છૂપી છૂપી ઝાડમાં, ટૂહૌકે આંબાડાળમાં.
દહાડે ગાય
રાતે ગાય,
મન ફાવે ત્યારે ગાય;
કોયલ બોલે કૂઊઊ કૂ,
પૂછું એનો અરથ શું?



ખાય તીખું બોલે મીઠું,
પંખીમાં મેં કૌતુક દીઠું;
ચાંચ એની લાલ ચટ,
પાંખ એની લીલી કટ.
બોલે પોપટ રામ રામ
બોલે રાધા શ્યામ શ્યામ.



ઝીણી ઝીણી આંખ, ને લાંબી લાંબી પાંખ;
પાંખ પાછળ પૂછડી, ચાંદલિયાળી ગુંછડી.
સુંદર એનું શોભે અંગ, પણ નહિ ઊડવામાં ઢંગ;
આભે જ્યારે ગરજે મેઘ, ત્યારે એનો જાગે વેગ.



થનગન થનગન ઢેંહુક ઢેંહુક ગાજી રહે;
દેખી ઢેલડ ઢળી પડે, મોર કળાયલ રડી પડે!

રમણલાલ સોની

સક્કરખોરા જાણે, પણ સક્કરખોરા તેમાંથી મધ લેવા આવે છે તો ખરા. બરાબર બારીક અવલોકન કરી નક્કી કરવા માટે તો એકાદ દૂરબીન ગળે લટકાવી રાખવું જોઇએ.

લીલો બાવળ અમારા આંગણાની શોભા છે. સવારે સૂર્યના તડકાને પોતાના શરીરની ચાળણીમાંથી ચાળી ચાળીને અમારા ઉપર–ઘર ને ફળિયા ઉપર પાથરે છે. રાતે ચાંદનીની ધોળી ચાદરમાં કાળી ભાત પાડવાનું કામ પણ એનું જ છે. દિવસે કે રાતે આકાશને આખું જોવામાં આડે આવી ઊભો રહેનાર પણ એ જ છે.

પવન સાથે લ્હેરા લેવાનું લીલા બાવળને બહુ ગમે છે. હીલોળેલ જેમ હીલોળા લેતો જાય છે અને ઝીણા સૂસવાટે દુહા સોરઠા લલકારતો જાય છે. એની ડાળીઓને પવનમાં નાચતી જોઇ નાનાં છોકરાંના પગ અને મોટાંઓનાં હૈયાં નાચવા લાગે છે.

લીલો બાવળ અત્યારે સૂતો છે. સાચે જ એ રાત્રે સૂઈ જાય છે. એ સૂએ છે ત્યારે એનાં પાંદડાં લજામણી પેઠે બીડાઈ જાય છે, અને મા બાળકને પારણે ઝુલાવે તેમ ફક્ત પવનની દોરીએ તે હળુ હળુ ઝૂલે છે.

ગિજુભાઇ

પછી ?

રોજના દિવસો હતા. રમુ કમુને ઘેર મોટાભાઇના એક ભાઇબંધ મહેમાન તરીકે આવ્યા હતા.

આવનાર ભાઇબંધ કરોળિયાના પણ ભાઇબંધ હતા. એમણે કરોળિયાઓનું ખૂબ અવલોકન કર્યું હતું.

વાત કરતાં વાત નીકળી. મહેમાને કહ્યું, 'ભોંયમાં એક જાતના કરોળિયા દર કરીને રહે છે, ને તે ભલભલી મધમાખને ય એક જ ડંખથી મારી નાખે એવા હોય છે, એવી વાત મેં સાંભળી. મને થયું, લાવને હું જાતે જ પ્રયોગ કરી જોઉં.'

પછી ?

પછી મેં કાચની એક પોલી નળી લીધી.

પછી ?

પછી એમાં એક મોટી મધમાખ પૂરી.

પછી ?

પછી એ પોલી નળીનો ખુલ્લો છેડો કરોળિયાના દર પાસે ધર્યો.

પછી ?

પછી ગણગણાટ કરતી માખી દરમાં પેઠી.

પછી ?

પછી તો ભારે ગણગણાટ થયો. માખીએ જાણે બૂમો પાડી.

પછી ?

પછી બધું ચૂપચાપ. ન માખી બહાર નીકળી; ન એનો ગણગણાટ સંભળાયો.

પછી ?

પછી મેં એક ચીપિયો લઇ હળવેથી દરમાં ખોસ્યો.

પછી ?

પછી માખીને તથા એને સજ્જડ રીતે વળગેલા કરોળિયાને બંનેને બહાર ખેંચી કાઢ્યાં.

પછી ?

પછી જોયું કે માખી તો સાવ મરી ગઇ છે ને કરોળિયો એને ખાવા તૈયાર થયો છે.

પછી ?

પછી મેં તપાસ્યું કે માખી શાથી મરી ગઇ ? કરોળિયે ક્યાં આગળ ઘા કર્યો છે ?

પછી ?

પછી માખીના આખા યે શરીર પર તપાસ કરી પણ ક્યાં ય ડંખ ન જણાયો.

પછી ?

પછી ફરીથી બેત્રણ માખી પકડી ને એવી જ રીતે દર પાસે ધરી. દરેક વખતે માખી તરત જ મરી જતી. પણ ડંખનું નામનિશાને ય ન જણાતું !

પછી ?

પછી દરમાં કરોળિયાનાં બેત્રણ બચ્ચાં જણાયાં.

એમ ? પછી ?

પછી પેલી મરેલી માખીઓ દર પાસે મૂકી.

પછી ?

પછી કરોળિયો એ બધી માખીઓને દરમાં ઉપાડી ગયો.

પછી ?

પછી વળી બીજું શું ? બધાંએ મળી કરી હશે ઉજાણી !

રમુકમુ: ઓહો ! આ તો ભારે વાત !

('ચતુર કરોળિયો'માંથી) **ચન્દ્રશંકર મ. ભટ્ટ**

ભેદી ટાપુ

જૂન માસની શરૂઆત થતાં જ ઠંડી પડવા લાગી. વારંવાર વૃષ્ટિ પણ થવા લાગી. ઠંડી તો જાણે એવી કે ન પૂછો વાત! આખો દિવસ ગ્રેનાઈટ હાઉસમાં રહીને સૌને નવાનવા અનુભવો થવા લાગ્યા. આ વખતે તેઓ ચીમનીમાં હોત તો બહુ જ દુઃખી થાત. ભરતી વખતે સમુદ્રનું પાણી ચીમનીમાં પેસી જાય એ બીક પણ હતી.

જૂન માસ વીતી ગયો. આ માસ દરમ્યાન ગ્રેનાઇટ હાઉસવાસીઓએ ઘણું કામ કર્યું. શિકાર કરવામાં અને માછલાં પકડવામાં તો તેમને જરા યે મુશ્કેલી ન હતી. પેન્ક્રૉફ્ટે વેલાની જાળી બનાવી ને કેટલાં ય સસલાં પકડ્યાં. નેબે એ બધા માંસને સૂકવી મીઠું લગાડી સંગ્રહ કરી રાખ્યો. ખોરાકની ચિંતા તો હવે રહી જ નહિ. માત્ર મુખ્ય ચિંતા હવે પોશાક માટે હતી. સૌની પાસે પહેરેલાં કપડાં સિવાય કાંઇ નહોતું. પહેરેલો પોશાક હતો તો મજબૂત ગરમ કપડાંનો પણ તે ક્યાં સુધી ચાલે? ભવિષ્યમાં બીજાં કપડાં તો જોઇએ જ! પહેરેલાં કપડાંને સૌ ખૂબ જ કાળજીપૂર્વક વાપરતા.

સાઇરસ હાર્ડિંજે ઘણો વિચાર કર્યો પણ કપડાંને માટે હજી તેઓ કાંઇ કરી શક્યા નહોતા. અને પહેલો શિયાળો તો સૌને એ પહેરેલાં કપડાંમાં જ ગાળવો પડશે એમ લાગ્યું. ઠંડી ઋતુ વીત્યા પછી ફ્રાંકલિન પર્વત ઉપર જે લાંબી રૂવાંટીવાળું મસમન્ પ્રાણી જોયું હતું તેનો શિકાર કરીને તેની રૂવાંટીમાંથી કપડાં બની શકે કે કેમ તેનો અખતરો કરવાનો વિચાર કરી રાખ્યો હતો. વળી સાધારણરીતે સમુદ્ર વચ્ચે આવેલા બેટોમાં હમેશાં ઠંડી બહુ પડતી નથી. કદાચ લિંકન બેટમાં પણ તેમ જ થાય એમ માની સૌએ ચલાવી લેવાનું ધાર્યું.

પેન્ક્રૉફ્ટઃ 'ઠંડી વધારે પડે કે ઓછી તેની સાથે આપણે ઝાઝી લેવાદેવા નથી. પણ બીજી એક વાત તો ચોખ્ખી છે. આજકાલ દિવસ તદ્દન નાનો થઇ ગયો છે ને રાત તો જાણે ખૂટતી જ નથી. માટે ટાઢની વાતને હમણાં એક બાજુ રહેવા દઇ પહેલાં તો બત્તીની સગવડનો વિચાર કરવાની જરૂર છે.'

હાર્ડિંજઃ 'એમાં વળી વિચાર શો કરવાનો છે? એ સગવડ તો હમણાં જ થઇ શકે તેમ છે.'

પેન્ક્રૉફ્ટઃ 'કેવી રીતે કરશો? ક્યારે કરશો?'

હાર્ડિંજઃ 'કાલે જ કામ શરૂ કરીશું. માત્ર ફરી વાર સીલનો શિકાર કરવો પડશે.'

પેન્ક્રૉફ્ટઃ 'કેમ, મીણબત્તી બનાવશો?'

હાર્ડિંજઃ 'હા, મીણબત્તી બનાવવામાં શી મુશ્કેલી છે? ચૂનો તો છે જ. ગંધકનો તેજાબ પણ છે. માત્ર સીલનો શિકાર કરી ચરબી લાવવાની જરૂર છે.'

અગાઉ ધમણ બનાવવા વખતે ગયા હતા તેમ સૌ ફરી વાર સીલના શિકાર માટે પેલા દ્વિપ ઉપર ગયા. જઇને જુએ તો કેટલાં યે સીલ કિનારા ઉપરની રેતીમાં પડ્યાં હતાં. જોતજોતામાં છ સીલનો શિકાર કરી તેનું ચામડું અને ચરબી લઇ સૌ ઘેર આવ્યા. ચરબીની મીણબત્તી બનશે ને ચામડું ભવિષ્યમાં કોઇવાર જોડા બનાવવાના કામમાં આવશે એ એનો બેવડો લાભ હતો.

વનસ્પતિની વાટ બનાવી ને હાર્ડિંજે અંતે મીણબત્તી તૈયાર કરી. બનાવવાનાં સાધનો તો અહીં ક્યાંથી હોય? મીણબત્તી હાથેથી બનાવી હતી તેથી દેખાવમાં સારી પણ નહોતી લાગતી. પણ તેનાથી કામ તો સરસ સરતું હતું. ગ્રેનાઇટ હાઉસના રહીશોને માટે આ બત્તી સુંદર લૅમ્પ કરતાં પણ વધારે કિંમતી હતી. પહેલે દિવસે સંધ્યા વખતે મીણબત્તી સળગાવી સૌ અતિશય આનંદ પામ્યા.

જૂન માસમાં બીજું યે ઘણું કામ થયું. જૂનાં હથિયારોને ઘસીને તૈયાર કર્યાં; ઉપરાંત કેટલાંક નવાં બનાવ્યાં. તેમાં એક કાતર પણ બનાવી. કેટલા યે દિવસોથી હજામત ન કરવાથી સૌની દાઢી ને માથાના

વિજ્ઞાન અને સાહસ ગૂંથતી વાર્તાઓના વિખ્યાત ફ્રેંચ લેખક જૂલ્સ વર્નની નવલકથા જેમાં એક અજાણ્યા ઉજ્જડ બેટ પર ઘસડાઇ આવેલા પાંચ સાહસિકો જીવનમાર્ગ ખેડે છે.



જઇને જુએ તો બે બચ્ચાં સાથે એક પિકારી માદા પકડાઇ હતી

વાળ એટલા તો વધી ગયા હતા કે જાણે સૌએ સંન્યાસ ન લીધો હોય! કાનર બન્યા પછી એ મુશ્કેલી પણ ગઇ.

એક નાની કરવત પણ બનાવી લેવામાં આવી હતી. દેખાવમાં ખરાબ થવા છતાં એ કરવત ખૂબ જોરથી વાપરતાં તેનાથી ધાર્યું કામ થઈ શકતું. તેની મદદથી ટેબલ, ખુરશી, સ્ટૂલ, ખાટ અને વાસણ મૂકવા માટે કબાટ, એ બધું બનાવી શકાયું.

હવે તેમને બે પૂલ બાંધવાની જરૂર હતી. દ્વીપની ઉત્તરે જવા માટે તેમને રેડ ક્રીક નદીના મુખ સુધી જઇને ચક્કર ફરીને પાછું સામે આવવું પડતું. આ કરતાં જો એક ૨૦–૨૫ ફૂટ લાંબો પૂલ તૈયાર થઇ જાય તો બહુ સગવડ થઈ જાય તેમ હતું.

મોટાં મોટાં ઝાડો કાપી તેનાં ડાળાં કાપી નાખી કોરીને સરખાં કરતાં કેટલાય દિવસો વીતી ગયા. પરંતુ ધીમેધીમે બંને પૂલો પણ તૈયાર થઇ ગયા.

અત્યાર સુધીમાં તો દ્વીપવાસીઓની બધી જરૂરિયાતો લિંકન દ્વીપે પૂરી પાડી હતી. માંસને માટે તો ચિંતા જ નહોતી. કેટલીક જાતની શાકભાજી પણ મળી ગઇ હતી. એક ઝાડનાં મૂળીઆંમાંથી શરબત શોધી કાઢ્યું હતું. ઠંડા પાણીને બદલે આ શરબત બહુ સરસ લાગતું. સસલાંઓના રહેઠાણ પાસે એક જાતનું ઘાસ જડી આવ્યું હતું, તેનો સ્વાદ ચાના જેવો લાગતો હતો. મીઠું તો પુષ્કળ હતું. હવે રોટલીને માટે કાંઇક વ્યવસ્થા કરવાની હતી. એટલી સગવડ થઇ જાય તો પછી કાંઇ વાંધો ન આવે. પછી ભલેને ગમે તેટલો વખત આ દ્વીપમાં રહેવું પડે! દ્વીપમાં હજી સંપૂર્ણ તપાસ થઇ નહોતી. કદાચ દક્ષિણ તરફ કોઇ જાતનું અનાજ જડી પણ આવે એવો સંભવ હતો.

અને એમના પરમ સદ્‌ભાગ્યે રોટલી બનાવવા માટે પણ પ્રભુએ સહાય કરી. સહાય તો સામાન્ય હતી; પરંતુ જે વસ્તુ સાઇરસ હાર્ડિંજ પોતાના અસીમ બુદ્ધિબળથી ન બનાવી શકત તે વસ્તુ હર્બર્ટને તેના જાકીટના ખીસામાંથી મળી ગઈ.

ગ્રેનાઇટ હાઉસના બારણા પાસે સૌ બેઠા હતા. વરસાદ ધોધમાર પડતો હતો. એટલામાં હર્બર્ટ પોતાનું ફાટેલું જાકીટ સાંધતાં સાંધતાં એકદમ બોલી ઊઠ્યોઃ 'જુઓ કૅપ્ટન, મારા ગજવામાંથી ઘઉંનો દાણો નીકળ્યો!' એમ કહી તેણે ઘઉંનો એક દાણો ખીસામાં ક્યાંક ભરાઇ રહ્યો હશે તે બહાર કાઢ્યો ને સૌને દેખાડ્યો.

રિચમંડમાં હતા ત્યારે પેન્ક્રોફ્ટે હર્બર્ટને કેટલાંક કબૂતરો અપાવ્યાં હતાં. હર્બર્ટ કબૂતરોને રોજ ઘઉંના દાણા નાખતો. ખીસાના કાણામાંથી જાકીટના અંદરનાં પડમાં એક દાણો કોણ જાણે કેવી યે રીતે પેસી ગએલો, તે જાકીટ સાંધતાં અચાનક તે વખતે જડી આવ્યો હતો.

'ઘઉંનો દાણો' એટલું સાંભળતાં તો હાર્ડિંજ કૂદીને બોલી ઊઠ્યા: 'પ્રભુ. ધન્યવાદ છે તમને! આ એક દાણામાંથી તો અમે જરૂર રોટલી બનાવી લઇશું.'

હર્બર્ટ: 'એક દાણામાંથી?'

હાર્ડિંજે દાણાને હાથમાં લઇ બરાબર તપાસી કહ્યું: 'છે તો બરાબર. કાંઇ વાંધો નહિ. આ એક દાણાને વાવીશું એટલે એક છોડ થશે. તેમાંથી દાણા નીકળશે તે ફરીને વાવીશું એટલે તેના ઘણા છોડ થશે. ફરી તેના દાણા વાવશું એટલે અસંખ્ય દાણા થશે. બે વર્ષમાં તો આપણે લિંકન દ્વીપમાં ઘઉંની ખેતી કરવા માંડીશું.'

જૂન માસની ૨૦મી તારીખે બીજારોપણનો દિવસ ઠરાવવામાં આવ્યો. આકાશ સ્વચ્છ થતાં સૌ મેદાનમાં ગયા ને એક સરસ જગ્યા શોધી કાઢી કાળજીપૂર્વક સાફ કરી. આ જગ્યા એવી હતી કે જ્યાં સૂર્યનો પ્રકાશ પૂરતો મળી શકે, છતાં પવનનો બહુ સુસવાટ ન લાગે. જમીન ખોદી તેમાં ચૂનો મેળવેલી માટી પાથરી. પછી

વચ્ચે પેલો દાણો મૂકી ચોમેર વાડ કરી લીધી. આ એક દાણામાંથી તેમને જીવનભરના ઘઉં નિપજાવવાના હતા.

પેન્ક્રોફ્ટનું મુખ્ય કામ હવે આ ઘઉંના ખેતરની તપાસ લેવાનું થઇ પડ્યું. એક જ દાણો વાવ્યા છતાં તેને ખેતર કહેવામાં તેઓ જરા યે અતિશયોક્તિ કરતા નહોતા; કારણકે એ એક દાણા ઉપર તેમની ભવિષ્યની આખી ખેતીનો આધાર હતો. કોઇ જીવજંતુ આવીને એ ખાઇ જાય તો બીજો દાણો મળવો અસંભવિત હતો.

જૂનની આખરે પુષ્કળ વરસાદ થયા પછી ટાઢ સખત પડવા લાગી. ધીમે ધીમે મર્સી નદીના મુખ આગળ બરફ જામી ગયો. સરોવરના પાણી ઉપર પણ આછું એવું બરફનું પડ વળી ગયું.

ગ્રેનાઇટ હાઉસમાં કોલસાનો અને લાકડાંનો પાર નહોતો. સખત ઠંડીમાં કોલસાના તાપથી તાપવાથી સૌને ઠીક આરામ મળતો. જમવાના ઓરડામાં અગ્નિને માટે એક ખાસ જગ્યા રાખવામાં આવી હતી. તે જગ્યાએ બેસીને સૌ પોતપોતાનું કામ કરતા. સાઇરસ હાર્ડિંજે સરોવરનું પાણી ગ્રેનાઇટ હાઉસમાં વાળીને એવી સુંદર સગવડ કરી હતી કે આવી ટાઢમાં પાણીને માટે કોઇને બહાર જવું પડતું નહોતું. રસોડાના ઓરડા પાસે જ તે પાણી એકઠું થતું ને વધારાનું પાણી ધોરિયા વાટે ત્યાંથી પેલા ઊંડા કૂવાની અંદર થઈ સમુદ્રમાં ચાલ્યું જતું. ગ્રેનાઇટ હાઉસમાં ગરમી હોવાથી આ પાણી જામી જતું નહિ.

વરસાદ બંધ થયો હતો. હવા પણ ભેજ વિનાની સૂકી થઇ ગઇ. દ્વિપવાસીઓએ વિચાર્યું કે ઠંડીથી રક્ષણ થાય તેટલાં ગરમ કપડાં પહેરી મર્સી નદી અને ક્લો કેઇપ વચ્ચેની જે ખૂબ પાણીવાળી જગ્યા છે ત્યાં શિકારની તપાસ કરવી. જળચરો પણ ત્યાં મોટા પ્રમાણમાં મળી જવાનો સંભવ હતો.

તે જગ્યા સાત આઠ માઇલ દૂર હતી. જવા આવવામાં આખો દિવસ નીકળી જાય તેમ હતું. અજાણી જગ્યા એટલે બધાએ સાથે જવું સારૂં એમ ઠરાવ્યું.

પમી જુલાઇની સવારે સાઇરસ હાર્ડિંજ, સ્પિલેટ, હર્બર્ટ અને નેબ બધા ભાલાં, તીરકામઠાં, જાળ વગેરે શિકારનો સરંજામ અને ખોરાક લઇ ગ્રેનાઇટ હાઉસમાંથી બહાર નીકળી પડ્યા. ટૉપ સૌની મોખરે ચાલ્યો.

મર્સી નદી પાર કર્યાં પછીનો માર્ગ ચોખ્ખો જણાતો નહોતો. નદીમાં તો હજી બરફ જામેલો હતો તેથી બરફ ઉપર થઇને સામે પાર જવામાં વાંધો આવે તેમ નહોતું. પરંતુ ભવિષ્યમાં અહીં પૂલ બાંધવાની જરૂર હતી, તેથી સ્પિલેટે ભવિષ્યમાં કરવાનાં કામોની યાદીમાં આ પૂલ બાંધવાની પણ નોંધ કરી લીધી.

તે દહાડે નદીને સામે પાર દક્ષિણ કાંઠે દ્વિપવાસીઓએ પહેલી જ વાર પગ મૂક્યો. લગભગ અર્ધો માઇલ ગયા પછી ટૉપના પાછળ પડવાથી એક જાનવર ગીચ ઝાડીમાંથી દોડી ગયું. હર્બર્ટ બોલી ઊઠ્યો: 'શિયાળ, શિયાળ !' શિયાળ હતું એ વાત સાચી, પણ બહુ મોટું હતું. ટૉપ ખમચાઇને ઊભો રહ્યો અને શિયાળ તો કોણ જાણે ક્યાં ય અદૃશ્ય થઇ ગયું. થોડીવારે એક વાંક વળી રહ્યા ત્યાં તો સામે જ સમુદ્રકિનારો દેખાયો ! આકાશ સ્વચ્છ હતું. આઠ વાગ્યાનો વખત હતો છતાં ચાલવાથી સૌને ખૂબ પરસેવો થયો હતો. સમુદ્રકિનારાની ઠંડી હવાથી સૌનો થાક ઊતર્યો. કિનારો સાવ સપાટ હતો. ત્યાં પહાડ પર્વત તો શું પણ ટેકરો સરખો યે નહોતો. પશ્ચિમ દિશામાં લગભગ ચાર માઇલ દૂર જંગલનાં ઊંચાંઊંચાં વૃક્ષો દેખાતાં હતાં. ત્યાં પહોંચી સૌએ બપોરનું ભોજન લીધું.

ખાતાંખાતાં સૌ બેટની ચારે બાજુ નજર કરતા વાતો કરવા લાગ્યા. દ્વિપનો આ ભાગ ઘણો સુંદર હતો.

સ્પિલેટ: 'લિંકન દ્વિપ છે તો નાનો, પણ એની અંદર જાતજાતની જમીન દેખાય છે. આવી જાતની જમીન તો કોઇ ખંડમાં જ હોય.'

હાર્ડિંજ: 'સાચું કહ્યું સ્પિલેટ ! મને પણ આવો જ વિચાર આવ્યો હતો. લિંકન દ્વિપની રચના અને પ્રકૃતિ કોઈ અદ્દભુત છે. કદાચ આ દ્વિપ કોઇ વાર કોઇ ખંડનો જ એક ભાગ હશે.'

પેન્ક્રૉફ્ટે આશ્ચર્ય પામીને કહ્યું: 'શું ? વિશાળ મહાસાગરની વચ્ચે ખંડ એ શું સંભવિત છે ?'

હાર્ડિંજ: 'સંભવિત શું, મને તો એમ લાગે છે કે આ મહાસાગરમાં જેટલા બેટો છે તે બધા કોઇ મહા ખંડોના ઊંચાણના ભાગો જ છે. અત્યારે તેનો માત્ર ટોચનો ભાગ જ ઉપર રહ્યો છે, પરંતુ એક વખતે તે બધા દેશો સમુદ્રની સપાટીની ઉપર હશે.'

પેન્ક્રૉફ્ટ: 'આપણો લિંકન દ્વિપ પણ કોઇ ખંડનો

ઊંચાણુ ભાગ છે?'

હાર્ડિંજ: 'બનવાજોગ છે. અને મને તો લાગે છે કે તેથી જ આ બેટ નાનો હોવા છતાં તેમાં જમીનના જાતજાતના પ્રકારો દેખાય છે. જુઓને, આટલા વખતમાં જ આપણે કેટલી યે જાતનાં ઝાડપાન ને જીવજંતુ જોયાં! હજી આખો બેટ તો તપાસ્યો પણ નથી. તેથી જ કહું છું કે લિંકન દ્વીપ કદાચ ભૂતકાળમાં કોઈ મહાદેશ સાથે જોડાએલો હશે. એ ખંડનો બીજો બધો ભાગ ડૂબી ગયો છે અને અત્યારે તેનો આ ઊંચાણનો ભાગ જ દેખાય છે.'

પેન્ક્રોફટે બહુ જ વિસ્મયતાથી કહ્યું: 'ત્યારે તો ધીમે ધીમે આ બધા બેટ તદ્દન ડૂબી જશે, અને અમેરિકા તથા એશિયા ઉપર પણ સમુદ્ર પોતાનું સામ્રાજ્ય સ્થાપી દેશે!'

હાર્ડિંજ: 'એમ, બને પણ ખરું. પરંતુ પાછા નવા દેશો પણ પાણી ઉપર તરી આવે એવો સંભવ પૂરેપૂરો છે. સમુદ્રને તળીએ રહેલા પરવાળાના કરોડો કીડાઓ કયે સ્થાને કયો દેશ ઘડે છે તેની કોને ખબર છે?'

પેન્ક્રોફટ: 'તો તમે શું એમ ધારો છો કે આ લિંકન દ્વીપ પણ એવા કીડાઓએ જ બનાવ્યો હશે?'

હાર્ડિંજ: 'ના એમ નથી ધારતો. આ લિંકન બેટની ઉત્પત્તિ તો ધરતીકંપને લીધે થએલી છે.'

પેન્ક્રોફટ: 'ત્યારે આ બેટ કોઇવાર ડૂબી જાય ખરો?'

હાર્ડિંજ: 'એ સાચું પડવાનો સો ટકા સંભવ છે.'

પેન્ક્રોફટ: 'પ્રભુ કરે ને આપણે તે સમયે આ દ્વીપમાં ન હોઇએ!'

હાર્ડિંજ હસીને બોલ્યા: 'ગભરાઓ નહિ પેન્ક્રોફટ! અહીં પડ્યા રહીને મરી જવાની કોઇની ઇચ્છા નથી. બેટ ડૂબી જવાની સ્થિતિ આવે તે પહેલાં જ આપણે અહીંથી રવાના થઇ શકીશું.'

સ્પિલેટ: 'હવે એ ગગનવિહાર છોડી દઇને હમણાં તો આ દ્વીપમાં જ સદાકાળ રહેવું છે એમ માનીને બધી તૈયારી માટે આપણે લાગી જવું જોઇએ.'

આ રીતે ભોજન સાથે વાતચીત પૂરી થઇ. ફરી વાર બેટના નિરીક્ષણના કામ માટે તૈયાર થઇને સૌ પાણીવાળી જગ્યાએ આવી પહોંચ્યા. આ જગ્યા લગભગ વીસ ચોરસ માઇલમાં હતી. તેમાં ઠેરઠેર કાદવથી ખરડાએલા લાવા રસના પથ્થરો, સડી ગએલું ઘાસ, વેલ, પાન ને વચ્ચે વચ્ચે સાદડીની જેમ ગૂંથાઇ ગએલા ઘાસના થરો હતા. વચ્ચે વચ્ચે પાણી પણ ભરેલું હતું, જાણે મૅલેરીઆનું તો ઘર જ જોઇ લ્યો! પાણીમાં જંગલી હંસો, બગલાં વગેરે ઘણી જાતનાં પક્ષીઓ હતાં. પાસે જવાથી પણ તે ડરતાં નહોતાં. બંદૂક હોત તો એક જ ભડાકે સંખ્યાબંધ પક્ષીઓ મારી શકાત. પેન્ક્રોફટે અને હર્બર્ટે તીરકામઠાંથી એકાદ ડઝન જળચર માર્યાં. આ પક્ષીઓનાં શરીર ધોળાં, માથાં લીલાં, પાંખો કાળી, ધોળી અને લાલ મિશ્રિત અને ચાંચ ચપટી હતી. હર્બર્ટે આ પક્ષીઓનું નામ 'ટૅડૅર્ન' હોવાનું જણાવ્યું. તરત જ પક્ષીના નામ ઉપરથી તે સ્થળનું નામ પણ ટૅડૅર્ન રાખવામાં આવ્યું.

સાંજના પાંચ વાગતાં સૌ પાછા ફર્યા અને રાત્રે આઠ વાગ્યે તો ગ્રેનાઇટ હાઉસમાં આવી પહોંચ્યા.

ઑગસ્ટની ૧૫મી તારીખ સુધી ઠંડીનું જોર ખૂબ રહ્યું. માત્ર જ્યારે પવન ન હોય ત્યારે ટાઢ જરા ઓછી લાગતી. પણ પવન હોય ત્યારે તો પૂરતાં ગરમ કપડાં ન હોવાથી ગ્રેનાઇટહાઉસવાસીઓ ભારે હેરાન થતા હતા.

પેન્ક્રોફટે દુ:ખથી કહ્યું: 'લિંકન દ્વીપમાં શિયાળ, સસલાં અને સીલની સાથેસાથે રીંછ પણ હોત તો તેના ગરમ ચામડાનાં કપડાં તો સીવી શકાત!'

લિંકન દ્વીપમાં રીંછ ન હતાં. આટલા દિવસની તપાસમાં એક પણ રીંછ નજરે પડ્યું નહોતું.

સ્પિલેટ, હર્બર્ટ અને પેન્ક્રોફટ ઘણીવાર પ્રોસ્પેક્ટ હાઇટ પર તથા જંગલમાં પશુઓને પકડવા જાળ નાખી રાખતા, પણ કોઇ પ્રાણી પકડાતું નહિ. એ જાળ એટલે પશુઓનાં પગલાં જોઇ તે જગ્યાએ એક ખાડો ખોદી રાખીને તેને માથે આડાં વેલપાંદડાં એવી રીતે ઢાંકી દેના કે ખાડો છે એવું પશુઓને ખ્યાલમાં પણ ન રહે. પછી અંદરના ભાગમાં કાંઇક ખાવાનું મૂકતા જેની વાસથી જાનવરો ત્યાં આવે.

હમેશાં તેઓ તેની તપાસ કરતા. શરૂઆતમાં તો કેટલાક દિવસ માત્ર શિયાળ જ પકડાયાં. પેન્ક્રોફટનો ગુસ્સો તો ક્યાં ય માય જ નહિ. તે કહે: 'આવો સુંદર દ્વીપ ને તેમાં શું શિયાળ સિવાય એક્કે ય પ્રાણી જ નથી?'

સ્પિલેટ કહેતો: 'હશે, શિયાળ તો શિયાળ; તે

પણ કામમાં આવશે.'

ઑગસ્ટ માસના બીજા અઠવાડિયામાં જાળમાં સૂવરની જાતનાં 'પિકારી' નામનાં પશુઓ પકડાવા લાગ્યાં. આનું માંસ બહુ સ્વાદિષ્ટ હોય છે.

આ સમયે એકાએક પવનમાં ફેરફાર થયો. કેટલાક દિવસો સુધી સતત બરફ પડ્યા કર્યો. ધીમેધીમે બધે બરફના બબ્બે ફૂટ જાડા થર બંધાઇ ગયા ! પવનનું જોર બહુ વધી પડ્યું. ગ્રેનાઇટ હાઉસમાં રહ્યારહ્યા સૌ સાંભળતા કે સમુદ્રનાં મોજાંઓ પ્રચંડ જોરથી પર્વતની સાથે અફળાઇ રહ્યાં છે. પવનના જોશમાં બરફની મોટી મોટી શિલાઓ જાણે આકાશમાં ઊડવા લાગી. પવનનું તોફાન વાયવ્ય દિશામાંથી આવતું હતું તેથી ગ્રેનાઇટ હાઉસમાં પવનનો વેગ ઓછો લાગતો.

૨૦મી ઑગસ્ટથી ૨૫મી ઑગસ્ટ સુધી મન હોવા છતાં કોઇ બહાર નીકળી શક્યું નહિ. આવે સમયે ગ્રેનાઇટ હાઉસ જેવી જગ્યા મળી જવાથી એ લોકો કેટલા સુખી થયા તે આપણી કલ્પનામાં આવી શકે તેવું નથી. સૌ તે માટે પ્રભુનો પાડ માનતા હતા.

આ બધા વખતનો ગ્રેનાઇટ હાઉસમાં બેસીને તેમણે સારો ઉપયોગ કર્યો. લાકડાં તો પુષ્કળ હતાં જ. તેને ચીરીને પાટિયાં બનાવ્યાં. પછી નેબે અને પેન્ક્રૉફ્ટે તેનાં ટેબલ તથા ખુરશી બનાવ્યાં. વળી સરોવર કિનારે નેતરના જેવી એક જાતની વનસ્પતિ ઊગતી હતી, તેની ડાળીઓ ગૂંથીને કેટલીક ટોપલીઓ પણ બનાવી. દેખાવમાં તે બહુ સુંદર નહોતી, પણ કામમાં તેની ઉપયોગિતા અજોડ થઇ પડી.

ઑગસ્ટના છેલ્લા અઠવાડિયામાં આકાશ ફરીવાર ચોખ્ખું થયું. પવનનું તોફાન પણ શમી ગયું. તરત જ સૌ બહાર નીકળી પડ્યા. સમુદ્રકિનારે તો હજી બબ્બે ફૂટ બરફ જામેલો જ હતો. તેના ઉપરથી ચાલવામાં કશો વાંધો ન આવ્યો. સાઇરસ હાર્ડિંજ સૌને લઇને પ્રૉસ્પેક્ટ હાઇટ ઉપર ચડ્યા.

ચારે તરફ કેવો જબ્બર ફેરફાર થઈ ગયો હતો ! પૂર્વે જે લીલુંછમ જેવું દેખાતું હતું તે બધું અત્યારે ધોળું ધોળું થઇ ગયું હતું. જાણે કે બધે સફેદ ચાદર પાથરી દીધી હોય ! ઝાડ ઉપર બરફ પડીને ડાળપાન બધું ધોળું થઇ ગયું હતું. ફ્રાંકિલન પર્વત ઉપરથી સમુદ્રકિનારા સુધીમાં વન, જંગલ, મેદાન, સરોવર, નદી બધું જ સફેદ સફેદ હતું.

સ્પિલેટ, હર્બર્ટ અને પેન્ક્રૉફ્ટ આ સમયનો લાભ લઇ પોતાની જાળની તપાસ કરવા ગયા, પરંતુ આટલા બરફમાં જાળ શોધવી એ કાંઇ સહેલું ન હતું ! વળી એ પણ ભય હતો કે પોતાની જાળમાં ક્યાંક પોતે જ ન સપડાઇ જાય ! બધે બરફ પથરાઇ ગયો હતો તેથી જાળ શોધતાં વાર લાગી. જાળમાં એકે પ્રાણી પકડાયું નહોતું, પણ આસપાસ નખવાળાં પ્રાણીઓનાં પગલાંનો પાર નહોતો. હર્બર્ટે પગલાં જોઇ કહ્યું: 'આ બધાં બિલાડીની જાતનાં પ્રાણીઓ છે.' હાર્ડિંજે કહ્યું હતું કે દ્વિપમાં હિંસ્ર પશુઓ છે તે આનાથી સાબિત થયું. દ્વિપના પશ્ચિમ ભાગના જંગલમાં તેઓ વસતાં હોવાં જોઇએ અને ખોરાક શોધતાં શોધતાં પ્રૉસ્પેક્ટ હાઇટ સુધી આવી પહોચ્યાં હોવાં જોઇએ. કદાચ ગ્રેનાઇટ હાઉસમાં વસતા મનુષ્યોની ગંધથી પણ આવ્યાં હોય એમ સૌએ માન્યું. આ પ્રાણીઓ શું વાઘ હશે ? આના જેવા સ્થાનમાં વાઘ હોય તો તેમાં નવાઇ પણ નહિ.

તાપ પડવાની સાથે જ ચારે તરફનો બરફ ઓગળી ગયો—અદશ્ય થઇ ગયો. વરસાદ વરસવા લાગ્યો. બરફના અસ્તિત્વનું ચિહ્ન સરખું યે રહ્યું નહિ. પવનનું તોફાન હોવા છતાં પણ દ્વિપવાસીઓ પાઇન, મેપલ વગેરે નામનાં ઝાડના રસનું શરબત અને બીજો કેટલોક શિકાર લાવીને ખોરાકનો ભંડાર ભર્યે જ જતા. આ બધા કામ માટે ઘણી વાર જંગલમાં જવું પડતું. એ વેળા પવનના તોફાનમાં ઘણાં મોટાં મોટાં વૃક્ષો પડી ગએલાં તેઓ જોતા. નેબ અને પેન્ક્રૉફ્ટે એક ઠેલણગાડીમાં ભરીને એ બધાં લાકડાં ગ્રેનાઇટ હાઉસ પાસે આણ્યાં. પાછા ફરતાં તેમણે જોયું કે માટીનાં વાસણ પકાવવાની ભઠ્ઠી પવનના તોફાનમાં ભાંગીને તૂટી ગઇ હતી.

અને પેલી ચીમનીની સ્થિતિ જોઇને તો તેમને એમ જ થયું કે આપણાં સદ્ભાગ્ય કે આપણે આમાં રહેવાનું નહોતું! તોફાનમાં સમુદ્રનું પાણી ચીમનીની અંદર આવી જવાથી તે સ્થળ બિલકુલ નકામું થઇ ગયું હતું. આનંદની વાત માત્ર એટલી જ હતી કે તેમની ધમણને કશી જ હાનિ પહોંચી નહોતી. પહેલેથી જ મોટામોટા રેતીના ઢગલા નીચે તે દબાઇ જવાથી તે સુરક્ષિત બની ગઇ હતી.

ઠંડીનું જોર હજી ઓછું પડ્યું નહોતું. ૨૫ મી

સપ્ટેમ્બરે બરફ પડચો અને વૃષ્ટિ થઇ. પવનની દિશા વાયવ્ય તરફની બદલાઇને અગ્નિ ખૂણાની થઇ ગઇ. સાથે સાથે ઠંડી પણ સખત પડવા લાગી. દ્વિપવાસીઓ ગ્રેનાઇટ હાઉસમાં ફરી કેદ થયા. પવન આવવાનો માર્ગ બંધ કરવાથી પ્રકાશને માટે મીણબત્તી સળગાવવી પડતી, તેથી જેમ બને તેમ ઓછી મીણબત્તી બાળવાના વિચારથી મોટે ભાગે તેઓ ભોજનગૃહમાં જે ખાસ તાપણી રાખી હતી તેનાથી જ કામ ચલાવી લેતા.

વચ્ચે વચ્ચે કોઇ સમુદ્રકિનારે બરફમાં જતું. પણ ભરતી અને ઓટ સમયે લાગતા મોજાંના આઘાતથી કિનારા ઉપર બરફનો મોટો ઢગ બની ગયો હતો. એટલે ત્યાં ઝાઝો વખત રહી શકાતું નહિ. સીડી ઉપરથી ચડતી ઊતરતી વખતે તેનાં પગથિયાં ઝાલતાં તો એમ જ થતું કે જાણે આંગળીઓ બળી જાય છે! એવી સખત ઠંડી હતી.

આ દરમ્યાન ગ્રેનાઇટ હાઉસમાં બેઠાંબેઠાં એક ઉત્તમ કામ થયું. એક ઘડામાં મેપલનો રસ ખૂબ ભર્યો હતો. તે એક બીજા માટીના વાસણમાં નાખી ચૂલે મૂકી નીચે તાપ કર્યો. થોડી વારે તે રસ જામીને કઠણ થઇ ગયો. પછી તેનાં ચોસલાં ઊખેડચાં. એનો રંગ જરા લાલ થઇ ગયો, પણ ખાવામાં તે બહુ સુંદર બન્યું.

ગ્રેનાઇટ હાઉસમાં સપડાઇ પડવાથી સૌના કરતાં વધારે અશાંત તો ટૉપ હતો. બીચારો ગુફાના એક છેડાથી બીજા છેડા સુધી દોડચા કરતો. કયારેક કયારેક કૂવા પાસે જઇને ભસવા માંડે અને જાણે કૂવા ઉપર ઢાંકેલું લાકડાનું ઢાંકણું ઊઘાડવા મહેનત ન કરતો હોય એમ નહોર ભરાવે. ટૉપના આ બધા ચાળા હાર્ડિંજ ખૂબ ધ્યાનથી જોયા કરતા અને મનમાં મનમાં વિચાર કરતા કે આ ટૉપ અજબ બુદ્ધિવાળો છે. કૂવા પાસે જઇને તે ખુમરાણ અમસ્થુ નહિ કરતો હોય. જરૂર કૂવામાં કોઈ પ્રાણી આરામ લેવા આવ્યું હશે. ને તેની વાસ આવવાથી જ તે ભસતો હોવો જોઇએ. પણ હાર્ડિંજે આ વિચાર કોઇને કહ્યો નહિ.

આખરે ટાઢનું જોર નરમ પડી ગયું. બરફ ઓગળી ગયો અને દ્વિપે ફરી વાર ચેતન રૂપ ધારણ કર્યું. વસંત ઋતુના આગમનથી સૌ અત્યંત આનંદિત થયા. હવે તેઓ જમવાના સમય સિવાય ગ્રેનાઇટ હાઉસમાં રહેતા જ નહિ. અત્યારથી હાર્ડિંજના મનમાં કપડાં માટે ચિંતા થવા લાગી. તેમનાં કપડાં હવે બીજા શિયાળા સુધી કોઇ રીતે ચાલી શકે તેમ નહોતાં, તેથી રુંવાટીવાળાં પ્રાણીઓની શોધ કરવાની જરૂર હતી. દ્વિપમાં 'મસમન' તો ઘણાં હતાં. એના ચામડાનાં ગરમ કપડાં થાય તેમ હતાં. તેથી એ પ્રાણીને પાળવાની સગવડ કરવાની હવે જરૂર હતી. પણ આવી રીતે પશુ પક્ષીઓને પાળવા માટે એક ખાસ અલાયદું જ સ્થાન જોઇએ. ધીમેધીમે સંપૂર્ણ વસંત ઋતુ આવી. આ ઋતુમાં સૌથી પહેલાં નવાં નવાં સ્થળો તપાસી લેવાની જરૂર હતી. એવામાં આ સમયે એક એવો બનાવ બન્યો કે તેને કારણે પણ દ્વિપવાસીઓને આખો બેટ ફરીને તપાસી લેવાની પ્રબળ ઇચ્છા થઇ આવી.

ઑકટોબરની ૨૮મીએ પેન્ક્રૉફ્ટ પોતાની વિચિત્ર જાળની તપાસ કરવા ગયો. જઇને જુએ તો બે બચ્ચાં સાથે એક ભિકારી માદા પકડાઇ હતી! શિકાર લઇને ઉત્સાહભેર તેણે ઘેર આવીને કહ્યું: 'કૅપ્ટન, આજે સુંદર ભોજન થશે. જુઓ, કેવો શિકાર મળ્યો છે!'

નેબે સુંદર રસોઇ કરી. આજે ઘણી જાતની વસ્તુઓ બનાવી હતી. પણ મુખ્ય ખાણું તો ભિકારીનું માંસ જ હતું. તે માંસ સ્વાદિષ્ટ તો હોય જ; તેમાં વળી આજે નેબે ખંતથી રાંધ્યું હતું.

પેન્ક્રૉફ્ટ મોટામોટા કોળિયા ભરીને મોઢામાં મૂકતો હતો. એવામાં એકાએક તે ચીસ પાડી ઊભો થઇ ગયો.

'કાં કાં, પેન્ક્રૉફ્ટ, શું થયું?'

'થાય વળી શું ધૂળ? મારો એક દાંત પડી ગયો!'

સ્પિલેટ: 'શું માંસમાં કાંકરો આવી ગયો?'

પેન્ક્રૉફ્ટે મોઢામાંથી દાંત પાડી નાખનાર વસ્તુને બહાર કાઢી. સૌએ અજાયબ વચ્ચે જોયું કે તે કાંકરો નહોતો પણ બંદૂકની ગોળી હતી! સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. અહીં મનુષ્યની વસ્તી વિનાને સ્થળે બંદૂકની ગોળી! આ શો ભેદ હશે? **મોંઘીબેન**

[આ ચાલુ વાર્તાનો પહેલો ખંડ અહીં પૂરો થાય છે. અને હવે ટૂંક સમયમાં જ આ વાર્તાના બંને ખંડ પુસ્તકાકારે શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર તરફથી પ્રકટ થવાના હોવાથી અહીં તે બંધ કરીએ છીએ.]



મધુકરી

પતન (પૃથ્વી)

પ્રપાતપડછંદથી ધણુધણે શિલા કન્દરા,
રુએ વિચલ વાયરા, ગહન કાનનો ધ્રૂજતાં,
હશે પતનમાં શું રે ! પ્રકૃતિ દુઃખ જેથી રડે
શિલાશકલ તે ય ચેતન સમાન ધ્રૂજી ઊઠે.

—રામપ્રસાદ શુક્લ

કોરેગામની લડાઈ

તા. ૧લી જાન્યુઆરી ૧૯૩૩ને રોજ અમારી છાવણી કોરેગામ હતી. ત્યારે કંઇક કુતૂહલવસાત આ લખાણ હિંદીમાં લખેલા એક સિપાઇના આધારભૂત હેવાલ ઉપરથી તૈયાર કરવામાં આવ્યું હતું.

યુદ્ધક્ષેત્ર કોરેગામ હિંદના ઇતિહાસમાં જાણીતું છે. પૂનાથી સોળ માઇલ દૂર ભીમા નદીના કાંઠા ઉપર તે વસેલું છે. અહીંથી અહમદનગર જવાની સીધી સડક છે. અહમદનગર જતાં રસ્તામાં સીરૂર ગામ આવે છે. ઇસ્ટ ઇન્ડિયા કંપનીના વખતમાં એ સીરૂરમાં અંગ્રેજની લશ્કરી છાવણી હતી. કોરેગામ નદી ઉપર હોવાથી સ્વાભાવિક રળિયામણું છે. તેની આસપાસ ૨૦૦-૩૦૦ ફીટ ઊંચી છૂટીછવાઇ ટેકરીઓ છે. અહીંથી વહેતાં કેટલાં ય નાળાં ચોમાસે ઊભરાય છે. શિયાળે નદી પાસેની ફળદ્રુપ જમીન જ્યારે લીલા ઘઉં અને ચણાના છોડથી લચી પડે છે ત્યારે ત્યાંથી સહેજ જ આઘેની ટેકરીઓ પાસે ઉજ્જડ ઘાસનાં મેદાન પીળાં પડી જઇ સૂકાય છે. આમ ક્યાંક વાડી ને ક્યાંક વેરાન એવો વિરોધ અહીં જોવા મળે છે.

પૂનાની પેશ્વાઇ સરીને પારકે હાથ ગયાના ઇતિહાસની દુઃખદ સાક્ષી સમા એ કોરેગામનો ઇતિહાસ વિલક્ષણ છે. સવાસો વર્ષ પહેલાં નહિ જેવી પણ ભવ્યતા ભોગવતું આ સ્થાન આજે કોઇ મૃત ઢોરનાં અસ્થિ સમું દયાજનક છે. જ્યાં જુઓ ત્યાં તૂટેલી દીવાલો, ઢગલો થઈ પડેલાં મકાનો અને નધણિયાતી જમીન. મહા વિપત્તિ સમયે કૃષ્ણાર્પણ થયું હોય એવું એ ગામ ઊભું છે. બાપના બાપ પાસેથી લડાઇ થયાનું સાંભળેલાં માણસો અહીં વસે છે.

પૂનાની આસપાસ જેટલાં યુદ્ધક્ષેત્ર છે તેટલાં દિલ્હી સિવાય બીજા કોઇ નગર પાસે નહિ હોય. પૂના પાસે ડગલે ને પગલે યુદ્ધ થયાના ભણકાર જોનારને લાગે છે.

ઇ. સ. ૧૮૧૭માં પૂનામાં બાજીરાવ બીજો પેશ્વાઇ સાચવતો હતો. મુંબાઇમાં એલ્ફિન્સ્ટન હાકેમ હતો. માર્કિવસ ઑફ હેસ્ટિંગ્સ કલકત્તાને ગવર્નર જનરલ ગણાતો. પેશ્વાઇ સાચવવાના છેલ્લા પાસા બાજીરાવ આ વખતે નાખી રહ્યો હતો.

૨૨મી નવેમ્બર ૧૮૧૭ના રોજ પેશ્વા રહ્યુંસહ્યું લશ્કર લઇ પૂનાથી સતારા ભાગ્યો. જનરલ સ્મિથ કંપની બહાદુરનું લશ્કર લઇ તેની પાછળ પડ્યો. પરંતુ બાજીરાવ પંઢરપુર થઈ લાલઘાટને રસ્તે ભીમા નદીને કાંઠે કાંઠે કૂચ કરવા લાગ્યો, અને બામણવાડી નામના ગામ પાસે તે છાવણી નાખી તૈયાર થઇ રહ્યો. એ સ્થળે ત્ર્યંબકજી ડેંગલે નામનો તેનો સરદાર થોડા લશ્કર સાથે તેને આવી મળ્યો.

જનરલ સ્મિથે સીરૂરની છાવણીમાં એક દેશી બૅટેલિયનને ભારે સરસામાન વગેરે સોંપ્યું હતું. પેશ્વાએ જ્યારે પૂના ઉપર હલ્લો કરવા કૂચ શરૂ કરી ત્યારે લેફ્ટેનન્ટ કર્નલ બર, જે પૂનાની છાવણીનો સેનાધિપતિ હતો, તેણે સીરૂરથી મદદ બોલાવી. સીરૂરમાં આ વખતે કૅપ્ટન ફ્રાંસિસ સ્ટાઉન્ટન સરદાર હતો. બરનો હુકમ મળતાં જ તા. ૩૧મી ડિસેમ્બર ૧૮૧૭ના રોજ રાત્રે સાડાઆઠ વાગ્યે તે લશ્કર લઇ પૂના તરફ રવાના થયો. કૅપ્ટન સ્ટાઉન્ટન પાસે લગભગ પાંચસોથી છસોનું પાયદળ, બે છ રતલી ગોળા લેતી તોપ અને અઢીસો ઘોડેસવાર હતા.

તા ૧લી જાન્યુઆરી ૧૮૧૮ને દિવસે સવારના દસ વાગ્યે કોરેગામ પાસેની ઊંચી ટેકરીઓ આગળ તે પહોંચ્યો. આ સ્થળેથી તેણે ભીમા નદીના સામા કાંઠા ઉપર મરાઠા ઘોડેસવાર જોયા. પેશ્વાના લશ્કરે કોરેગામ પાસે મોરચા માંડ્યા હતા. ગામથી નદી ૬૦ વાર દૂર છે અને ત્યાં પટ પહોળો છે, છતાં ઊંડો કે બહુ વહેણવાળો નથી.

પેશ્વાએ ભોરઘાટ મોકલેલું પોતાનું ૫૦૦૦ માણસનું લશ્કર પાછું ખેંચી લીધું. આ લશ્કર આવતાં એક એક હજારની ત્રણ

ટુકડી પાડી વ્યૂહરચના કરી. દરેક ટુકડીમાં ખાસ ચૂંટેલા ગોસાઇ, આરબ અને મરાઠા સિપાઇઓ હતા. આ ટુકડીઓએ ગામ ઉપર ત્રણ જુદી જુદી દિશાએથી હલ્લો શરૂ કર્યો. હલ્લા વખતે પેશ્વાનું લશ્કર નદીના કાંઠા અને ઝાડીમાં દૃષ્ટિગોચર ન થાય એમ છૂપાએલું હતું. આ ટુકડીઓને બે તોપની પણ મદદ હતી. હલ્લો કરતાંવેંત જ ગામને કબજે કર્યું ને સળગાવી દેવામાં આવ્યું.

કૅપ્ટન સ્ટાઉન્ટને પોતાની તોપો પણ ઊંચી જગ્યાએ ગોઠવી હતી પરંતુ ગામ અને જગ્યાનું નિરીક્ષણ કરવા તેને વખત નહોતો. ગામની મધ્યમાં મજબૂત દીવાલથી સંરક્ષિત એક ઊંચી જગ્યા હતી. અહીંથી આસપાસ સર્વ સ્થળે નજર પહોંચી શકતી. આ જગ્યા મરાઠાએ હાથમાં લઇ લીધી હતી ને ત્યાંથી તેમને હઠાવવા મુશ્કેલ હતા. એટલામાં સીરૂરનું બધું યે લશ્કર આવી પહોંચ્યું, એટલે પાયદળ અને ઘોડેસવારોએ ગામને ઘેરો નાખ્યો. અંગ્રેજ લશ્કર રાતોરાત કૂચ કરવાથી થાકી ગયું હતું. વળી તેમને કે તેમનાં જાનવરને ખોરાક મળે એમ ન હતું. નદી ઉપરનો અવરજવરનો માર્ગ આરબોએ રોકી લીધો હતો. માણસોને થાક ઊતરે તે પહેલાં ખરે બપોરે તાપમાં ભયંકર લડાઇમાં ઊતરવાનું હતું છતાં યે એક એક તસુ જમીન માટે તેમણે લોહી રેડયું. અર્ધ ઉપરાંત અંગ્રેજ અગલદારો ઘાયલ થયા. એટલામાં આરબોએ એક નાનું મંદિર કબજે કર્યું મંદિરમાં ત્રણ ઘાયલ અગલદાર પડયા હતા. તેમાંનો ઍસિસ્ટન્ટ સર્જન વિનગેટ બહાર આવ્યો. પરંતુ આરબોએ તરત જ તેને સખત ઘાયલ કરી કાપી નાખ્યો. ઘોડેસવારના ઉપરી લેફ્ટેનન્ટ સ્વાન્સ્ટને આરબ ગોળીઓ છાતી ઉપર ઝીલવા સર્વને કહ્યું. આરબોએ મારો ચાલુ રાખ્યો. એટલામાં લેફ્ટેનન્ટ જોન્સ કે ઍસિસ્ટન્ટ સર્જન વાયલીએ થોડાં માણસ ભેગાં કરી મંદિર ઉપર હલ્લો કરી તે ઝડપ્યું. ઘાયલ ઑફિસરોને નિર્ભય સ્થળે ખસેડયાં. સિપાઇઓ તો ભૂખ-પ્યાસ તરસથી બેભાન થઇ પડતા. નદી આટલી પાસે હતી પણ કોઇની મગદૂર ન હતી કે એક ટીપું પાણી પણ લઈ આવે.


આ ક્ષણે પેશ્વાના લડવૈયાઓએ તોપખાનાના ઉપરી લેફ્ટેનન્ટ ચીઝહોમને ગરણતોલ જોયો એટલે તોપો ઉપર જબરદસ્ત હુમલો કરી એક તોપ પડાવી લીધી. આથી ગભરાઇ તોપખાનાના ૨૬ અંગ્રેજ તોપચીઓએ કૅપ્ટન સ્ટાઉન્ટનને સંધિ કરી લડાઇનો અંત આણવા વિનતિ કરી. આ વાતની ધસીને ના પાડવામાં આવી. લેફ્ટેનન્ટ પેટિન્સન સંધિની વિનતિ સાંભળતો હતો તેવામાં તેણે બીજી તોપ પણ દુશ્મનના હાથમાં જતી જોઇ. પોતે ઘવાયો હતો છતાં યે થોડા ગ્રીનેડીઅર્સને એકઠા કરી એક બંદૂક નળીથી લાકડી માફક ફંઠાવી વીંઝતો તે દુશ્મનની વચ્ચે તૂટી પડયો. તરત જ એક ગોળીથી ઘવાઇ તે નીચે પડયો. પેટિન્સન ૬ ફીટ ૭ ઇંચ ઊંચો ને જોરાવર હતો. અંગ્રેજ લશ્કર પાછું પહોંચ્યું ત્યાંસુધી તે જીવતો હતો, પરંતુ છેવટ સુધી તેને એમ જ લાગ્યું કે અંગ્રેજ લશ્કર હાર્યું હતું.

કટોકટીને સમયે પેટિન્સને બતાવેલી આ વિલક્ષણ બહાદુરીથી સિપાઇઓ એટલા ઉશ્કેરાઇ જોર પર આવ્યા કે પોતાની ખોએલી એક તોપ તેમણે ફરી કબજે કરી ને એ જ તોપ ચલાવી ઘણા દુશ્મનો ઘાયલ કર્યા. ઘાયલ અને શબના ઢગલા જ્યાંત્યાં નજરે પડતા. લેફ્ટેનન્ટ ચીઝહોમનું માથા વગરનું ધડ તોપ પાસે પડયું હતું તે સિપાઇઓને બતાવી કહેવામાં આવ્યું કે દુશ્મનના હાથમાં તેઓ સપડાશે તો એવી બૂરી હાલત તેમની પણ થશે. આ જોઇ સાંભળી સર્વેએ છેલ્લો માણસ અને છેલ્લી ગોળી રહે ત્યાંસુધી લડવાનો નિશ્ચય કર્યો.

સૂર્યાસ્તે અંગ્રેજોની સ્થિતિ વિષમ હતી. પૂને લેફ્ટેનન્ટ કર્નલ બરને મદદ માટે કહેવડાવવામાં આવેલું, પણ ધારેલી કુમક આવી નહિ. પણ સર્વની અનાયાસે વચ્ચે રાત પડવા માંડતાં પેશ્વાના લશ્કરનું જોર નરમ પડવા માંડયું. આથી નદીમાંથી પાણી લાવવાનો મોકો મળ્યો. રાતના નવ વાગ્યે ગોળીનો મારો બંધ પડયો અને મરાઠાઓ અચાનક ગામ છોડી જતા રહ્યા. બીજે દિવસે સવારે અંગ્રેજ તોપચીઓએ મારો ચલાવી રહ્યાસહ્યા આરબ-ગોસાઇને નસાડી મૂકયા.

જનરલ સ્મિથ ધસ્યો આવે છે એવા ખબર સાંભળીને પેશ્વાએ પોતાનું લશ્કર પૂના તરફ હઠાવ્યું હતું, પણ કૅપ્ટન સ્ટાઉન્ટનને તો સ્મિથ વિષે કંઇ જ ખબર ન હતી. એણે જાણ્યું કે પેશ્વાનું લશ્કર પૂનાનો રસ્તો ઘેરી બેઠું છે. આ કલ્પનાથી તેણે સીરૂર પાછા જવાનો છૂપો ઇરાદો કર્યો; છતાં બહાર તો એમ પાડયું કે પોતે પૂના તરફ આગળ વધશે સાંજના સાત વાગ્યે જખમી-જીવતાને ભેગા કરી તેણે પૂના તરફ કૂચ શરૂ કરી. જતાં જતાં તેને ગાડીઓ, છાવણી અને ભારે સરસામાન છોડી દેવાં પડયાં. પહેલાં પૂનાનો રસ્તો લઇ પાછળથી દિશા બદલી તેઓ સીરૂર તરફ વળી ગયા ને બીજે દિવસે સવારે સીરૂર પહોંચ્યા.

સ્ટાઉન્ટનના લશ્કરમાં ૬૨ ઘાયલ ને ૧૧૩ મૂઆ હતા.



કોરેગામનો જયસ્તંભ (ફોટો · પ્રાઇવેટ હર્ષદરાય)

આમાંથી વીસ તો તોપચી હતા. આ ઉપરાંત એક તૃતિયાંશ ઘોડેસવાર નાશ પામ્યા હતા. પેશ્વાએ ૫૦૦-૬૦૦ જાન ગુમાવ્યા હતા.

કૅપ્ટન સ્ટાઉન્ટનને લડાઇ પછી મેજરની પદવી અને સી.બી. નો ખિતાબ એનાયેત કરવામાં આવ્યાં. તે ઉપરાંત માર્કિવસ ઑફ હેસ્ટિંગ્સે તેને પોતાનો એઇડડી કૅમ્પ બનાવી એક તલવાર ભેટ આપી સિપાઇ સુખરામસિંહને જમાદાર બનાવવામાં આવ્યો. બીજા બધાને છ માસનું ભથ્થું ઈનામ આપવામાં આવ્યું. આ વિજયના સ્મરણમાં ૨૬મી માર્ચ ૧૮૨૧ને રોજ કોરેગામમાં 'જયસ્તંભ' ઊભો કર્યો અને તે સાચવવાની વંશપરંપરાની જગ્યા એ લડાઇમાં ઘાયલ થએલા હવાલદાર ખંડોજી માલોજીને આપવામાં આવી.

(સંપાદિત) —સુરેશ દીક્ષિત

સાડાચાર માઈલ ઊંચેથી એક જર્મન યુવતીનો કૂદકો



(૧) ઑક્સિજન સાથે કૂદકો મારવાની તૈયારીમાં (૨) ફ્રાઉ લૅાલા શ્રૅાટર (૩) છત્રી ખૂલી ગયા પછી નીચે ઊતરતાં.

હવાઈ વિમાનમાં ખૂબ ઊંચે ચડી પછી અદ્ધર હવામાં કૂદી પડી જમીન ઉપર આવવાના પ્રયાસો યુરોપમાં તો અવારનવાર થાય છે. અત્યાર સુધીના આવા પ્રયાસોમાં મોખરે ગણી શકાય એવા બે પ્રયાસ નોંધાયા છે. એક, વૂર્ઝબર્ગના વતની જ્યૉર્જ રેશ નામના જર્મન પ્રજાજનનો ૫૧૦૦ મીટરની ઊંચાઇએથી નીચે કૂદી પડવાનો સફળ પ્રયાસ, અને બીજો ૬૦૦૦ મીટરની ઊંચાઇએથી નીચે કૂદી પડવાનો આસ્કુ નામના રૂમાનિયન પ્રજાજનનો પ્રયાસ. પણ આ બંનેને, તેમજ અત્યાર સુધીમાં થએલા આવા તમામ પ્રયાસોને આંટી દે એવો સફળ પ્રયાસ ફ્રાઉ લોલા શ્રૅાટર નામની જર્મન યુવતીએ કર્યો છે. ફ્રાઉ લોલા શ્રૅાટર ૭૩૦૦ મીટર (લગભગ સાડાચાર માઇલ) જેટલી ઊંચાઇએથી કીલની ઉત્તરે ગૅર્ટાર્ફ ઉપર ઊડતા એક વિમાનમાંથી હવાઇ છત્રી સાથે નીચે કૂદી પડી અને સેલંટ સરોવર નજીક ઊતરી. આમ હવામાં તેણે ૨૮ માઇલની મુસાફરી કરી અને વિમાનમાંથી કૂદકો માર્યા પછી જમીન ઉપર પગ મૂકતાં તેને ૨૮ મિનિટ લાગી.

આ સાહસનું વર્ણન કરતાં ફ્રાઉ શ્રૅાટર પોતે લખે છે કે આ સાહસ કરવા પહેલાં મેં આવા ૧૭૪ અખતરાઓ કર્યા હતા, છતાં આ ૧૭૫મા અખતરા વખતે મારા મનમાં ખૂબ તીવ્ર લાગણી થયા કરતી હતી. અત્યાર સુધીના અખતરાઓમાં મેં ઑક્સિજનનો ઉપયોગ નહોતો કર્યો તેથી આ વખતે ઑક્સિજનની અસર મારા ઉપર કેવી થશે એની ચિંતા મને વારંવાર થયા કરતી હતી. વળી આવા સાહસની પાછળ જે જોખમો રહેલાં હોય છે તેનું પણ મને પૂરું ભાન હતું. મને મુખ્ય બીક તો એ હતી કે જલધર વાદળાંઓમાંથી પસાર થતાં છત્રી ભીંજાશે અને વચ્ચેવચ્ચે ખૂબ ઠંડી હવા આવતાં છત્રી ઉપરનું પાણી ઠરીને બરફ થઈ જતાં મુશ્કેલી બહુ જ વધી પડશે. આ કારણથી મેં રેશમની છત્રી પસંદ કરેલી.

સાત હજાર ઉપરાંત મીટર જેટલી ઊંચાઇએ પહોંચ્યા પછી હું નીચે કૂદી પડવા તૈયાર થઇ ગઇ. વિમાન મંદ ગતિએ ઊડતું હોય તે વખતે મારે કૂદી પડવું એવી ગોઠવણ અગાઉથી પાઈલટ સાથે કરી હતી. પરંતુ વિમાનમાંના એક યાંત્રિકે કરેલા ઇસારાને નિશાનીરૂપ માનીને, પાઇલટને ખબર પડે તે પહેલાં તો હું નીચે કૂદી પડી. પણ છત્રીને ઊઘડતાં વાર લાગી ત્યારે જ મને જણાયું કે કંઇક ભૂલ થઈ હતી. મને જણાયું કે વિમાન કલાકના ૧૨૫ માઈલની ઝડપથી જતું હતું અને વિમાનમાંથી કૂદી પડતાં મને જે કદી નહિ અનુભવેલો એવો ભારે આંચકો લાગ્યો તે આ અતિશય વેગને લીધે જ હતો એમ પણ મને પાછળથી જણાયું. અમારૂં વિમાન ખૂબ ઝડપથી ઊડતું હતું તેમજ હવા પણ ખૂબ પાતળી હતી, છતાં હું પચાસેક મીટર નીચે પડ્યા પછી છત્રી ઊઘડી. પવનની ગતિને કારણે પાઈલટની સૂચનાથી મેં ડાબા સાથળ ઉપર બૂચનું જૅકેટ બાંધી લીધું હતું; પવનની દિશા વારંવાર ફરતી હોવાથી મારે અવારનવાર બરફ વચ્ચેથી પસાર થવું પડતું હતું. છત્રી ઊઘડ્યા પછી નીચે જ સમુદ્રનું સુંદર દૃશ્ય જોઇને મને ખૂબ આનંદ થયો. વચ્ચે વચ્ચે વાદળાંઓ સિવાય નીચે ચોતરફ વિશાળ સમુદ્ર દેખાતો હોઇને મારે ક્યાં ઊતરવું તેનો વિચાર કરવાપણું રહ્યું ન હતું અને તેથી મને સફળતા મળશે એ વિચારે હું રાજી થઇ. પરંતુ થોડી જ વારે પવનની દિશા બદલાઈ અને સમુદ્ર ડાબી તરફ રહી ગયો.

વારંવાર હું ઉપર ઊડતા વિમાનને નિશાનીઓ કર્યા કરતી હતી. પછી થોડી વારે સાથળ ઉપરનું જૅકેટ કાઢી નાખીને વિમાનની દિશામાં હું તે હલાવવા લાગી. છત્રી ઉપર બરફ જામી જવાની ધાસ્તી હવે નહોતી રહી, કારણકે મારાથી જાણેકે બી જઇને વાદળાંઓ પોતાની મેળે જ માર્ગ કરી આપતાં હતાં. ધીરેધીરે હું સેલંટ સરોવર તરફ ખેંચાવા લાગી અને હવે જમીન ઉપર ક્યાં ઊતરવું એની ધાસ્તી મને લાગવા માંડી. ઊંચે હવામાં મારા હૃદયમાં આનંદ લહરીઓ હું અનુભવતી તેને બદલે હવે મારી મૂંઝવણ વધવા લાગી. પ્રતિ ક્ષણે નીચેનું સૃષ્ટિસૌંદર્ય બદલાયે જતું હતું. જંગલનો ભાગ વટાવ્યા પછી તળાવ આગળ એક સુંદર જગ્યા ઊતરવા લાયક દેખાઇ. ભાર હલકો કરવા મેં મારાં હાથમોજાં અને જૅકેટ કાઢી ૫૦ મીટર ઊંચે હવામાં ફેંક્યાં. બે જ સેકન્ડ પછી પાણીથી ૫૦૦ વાર

દૂર ચીભડાના એક ખેતરમાં હું નીચે આવી. . . . અને આ રીતે દુનિયાનો આંક તોડવાનું બીરુદ પ્રાપ્ત કર્યું.

દ્રાક્ષ

દ્રાક્ષને આપણે સામાન્યતઃ દરાખ કહીએ છીએ. હિંદીમાં એને દાખ, ફારસીમાં અંગુર તથા અંગ્રેજીમાં ગ્રેઇપ કહે છે. કેટલાક લોકો એને ખિસમિસ કહે છે ને તે અરબી ભાષાનો શબ્દ છે.

દ્રાક્ષનાં ઝાડ થતાં નથી પણ વેલા થાય છે. એને ટેકો આપી ઊંચે ચડાવવામાં આવે છે તેને માટે મોટામોટા માંડવા બાંધવામાં આવે છે. દ્રાક્ષ મોટે ભાગે દરેક દેશમાં થાય છે. દ્રાક્ષના વેલાને વાવ્યા પછી ત્રણ વર્ષે ફળ આવવા માંડે છે.

કલમો કરીને, એટલે દાંડીના કટકા જમીનમાં દાટીને દ્રાક્ષ ઉછેરવામાં આવે છે. આ કલમોને નીચલે છેડે મૂળિયાં થાય છે, અને જમીનના ઉપરના ભાગ પરથી આંખો વૃદ્ધિ પામીને નવી દાંડીઓ ફૂટે છે. વેલા પર ફૂલોનાં નાનાં નાનાં ઝુમખાં બંધાય છે. નાશક તરફ જે દ્રાક્ષના વેલા થાય છે તેને ડિસેમ્બરમાં ફૂલ બેસે છે. દ્રાક્ષના વેલા બહુ લાંબા થાય છે. સાધારણ ખેતરોમાં તો એ વેલા હદ બહાર ન જતા રહે તેટલા માટે તેને છાંટી નાખવામાં આવે છે. વેલાને ફૂલ આવવાના વખતનો મોટો આધાર તેને છાંટવાના વખત પર રહે છે. નાશકમાં એ છાંટવાનું કામ વરસમાં બે વખત થાય છે. એક સપ્ટેમ્બરની આખરમાં અને બીજો કાપણી થઈ રહ્યા પછી માર્ચ માસમાં. વર્ષા ઋતુમાં પણ દ્રાક્ષનો પાક થાય છે, પણ તે ખાટો હોય છે ને બરાબર પાકતો નથી.

દ્રાક્ષની ઘણી જાતો આવે છે. આપણે ત્યાં ત્રણ જાતની દ્રાક્ષ થાય છે. કાળી, ધોળી અને લીલી. દરેકે એ ત્રણે જાત ચાખી તો હશે જ. માંદગીના વખતમાં ડૉકટરો દર્દીને લીલી દ્રાક્ષ ઘણી વાર ખાવાની ભલામણ કરે છે. ધોળી દ્રાક્ષ તો આપણા લોકો શીરો, ગુંદરપાક વગેરે એવી ચીજોમાં નાખીને ખાય છે, ઉપરાંત એમ ને એમ એકલી પણ તે ખવાય છે. કાળી દ્રાક્ષ તો મોટે ભાગે દવામાં જ વપરાય છે. લીલી દ્રાક્ષ આપણે ખાઇએ છીએ એમાં પણ ઘણી જાતો આવે છે. ધોળી દ્રાક્ષ જે વગર ઠળિયાની આવે છે તે ઘણી મીઠી હોય છે ને કંઇક મોંઘી પણ હોય છે. અરબસ્તાન, ઇરાન વગેરે સ્થળોએ દ્રાક્ષ ઘણી જ થાય છે. તેમાંથી ખપ પૂરતી ત્યાં વેચવા રખાય છે ને બાકીની વધારાની સૂકવી પરદેશ ચડાવવામાં આવે છે. એ દ્રાક્ષની પણ ઘણી જાતો આવે છે. બેદાણા, ખિસમિસ, મુનકા વગેરે. બેદાણા દ્રાક્ષ કંઇક ધોળાશપડતી હોય છે. તેમાં બી હોતાં નથી. મુનકા દ્રાક્ષ કાંઈક કાળી હોય છે. ખિસમિસ નાની હોય છે ને બેદાણાને કંઇક મળતી આવે છે.

ગરમ દેશોમાં લોકોની ભૂખ અને તરસ છીપાવવા માટે દ્રાક્ષ ઘણી ઉપયોગી છે. એનાં પાંદડાં જાનવરોના ચારાના કામમાં આવે છે. દ્રાક્ષ ખાવાના કામ ઉપરાંત તેમાંથી દારૂ પણ બનાવવામાં આવે છે.

દ્રાક્ષના વેલાની દાંડી તમે કદી કાપીને જોઇ છે? જો એ વેલાની દાંડી આડી કાપીશું તો આપણને દાંડીના મધ્ય ભાગથી તે બહાર સુધી કિરણોની માફક પથરાએલાં નાનાં ટાંકણીના જેવાં બાકાં માલૂમ પડશે. દાંડીમાંથી પાણી લઈ જનારી ઝીણીઝીણી નળીઓ હોય છે, અને નળીઓ કપાઇ જવાથી આ છિદ્રો દેખાય છે. દ્રાક્ષના જેવા આધારે ચડનારા બીજા લાંબા વેલાઓમાં એવી નળીઓ ખાસ કરીને મોટી હોય છે, કેમકે પાણીને ઘણા લાંબા અંતર સુધી લઇ જવાનું હોય છે.

દ્રાક્ષના વેલાના છેવટના તંતુઓની અણીને બે પાંખાં હોય છે. જ્યાંથી એ બે ભાગ પડે છે ત્યાંથી બરાબર નીચે એક ઘણું નાનું પાન જોવામાં આવે છે. ઘણી વખત આ પાન મોટું થાય છે. એ પરથી એમ માનવાનું કારણ મળે છે કે તંતુ છે તે ડાળીનું જ વિકાર પામેલું રૂપ છે. નવા તંતુની અણી આગળ સહેજ વાંક હોય છે, તેનું કારણ એ છે કે એક બાજુ કરતાં બીજી બાજુ તરફ તેની વધ વધારે હોય છે. જ્યારે તંતુ કોઈ પણ આધાર રૂપી વસ્તુના સંસર્ગમાં આવે છે ત્યારે તે અણી તે આધારની આસપાસ વાંક લે છે અને તેને મજબૂત આંકડો ભેરવી દે છે. પછી તે તંતુ કમાનની માફક વીંટળાવવા માંડે છે. ખરું જોતાં તે એક જાતની કુદરતી કમાન જ છે ને તે સીધી વસ્તુ કરતાં વધારે આંચકા તથા ખેંચતાણ ખમી શકે છે.

દ્રાક્ષનાં પાંદડાં ઘણું કરીને પાંચ શિરાવાળાં હોય છે અને દરેકના પાંચ ભાગ હોય છે. પાંદડાં નવાં હોય છે ત્યારે તે રેશમ જેવા વાળથી ઢંકાએલાં હોય છે. સવારના પહોરમાં વહેલા ઊઠીને જોશો તો તેનાં તાજાં પાનોની કોર પરના દાંતાઓમાંથી ઝરતાં પાણીનાં ટપકાં દેખાશે. ઘઉંના ઘણા નાના છોડની ટોચ પર પણ એવાં ટપકાં જોવામાં આવે છે. વધારાનું પાણી બહાર કાઢી નાખવાનો વનસ્પતિનો આ એક રસ્તો છે. ઘણા છોડોમાં પુખ્ત પાનમાંથી પણ પાણી કાઢી નાખવા માટે આના જેવી રચના હોય છે. પાનનાં રંગ અને બંધારણમાં જાત પ્રમાણે ભેદ પડે છે.

દ્રાક્ષના આ વેલાને જે દ્રાક્ષો થાય છે તેની ત્વચા જાડી હોય છે અને તેના પર ઘણું કરીને મીણનું ઢાંકણ, જેને અંગ્રેજીમાં બ્લૂમ (સુરખી) કહે છે તે હોય છે. દ્રાક્ષની અંદર માવા જેવો પદાર્થ હોય છે ને આ માવામાં ખાંડનો ભાગ હોય છે જેથી તે મીઠી લાગે છે. બી માવાની અંદર હોય છે. કેરીની માફક આમાં ગોટલો હોતો નથી પણ બી છુટાં હોય છે.

દ્રાક્ષના વેલા ઉછેરવાની કળા આજકાલની નથી બહુ જૂની છે. લંડનના બ્રિટિશ મ્યૂઝિયમમાં ૨૫૦૦ વર્ષ પર થઇ ગએલા સેનાચેરિબના વખતનું એસિરીઆનું એક કોતરકામ છે, તેમાં સિપાઇઓ કેદીઓને લઇને રસ્તા પરથી કૂચ કરે છે એવો દેખાવ કાઢવામાં આવ્યો છે. રસ્તાની બાજુએ એક દીવાલ છે અને તેને મથાળે દ્રાક્ષના વેલાની દાંડીઓ દેખાય છે. તેના પર આવેલા હારબંધ દ્રાક્ષનાં ઝુમખાં પણ જણાય છે. હિંદુ-

સ્તાનમાં દ્રાક્ષનો વેલો ઘણા જૂના વખતથી, કદાચ ૩૦૦૦ વર્ષ પહેલાંના વખતથી જાણીતો છે અને ઉછેરવામાં આવે છે. સોળમી સદીમાં અકબરે એના ઉદ્યોગને ઉત્તેજન આપ્યું હતું, પણ તેની પછીના રાજાઓએ ઉલટું જ કર્યું હતું.

હવે આપણે વૈદક દૃષ્ટિએ દ્રાક્ષને નિહાળીએ. દ્રાક્ષમાં પિત્તને શમાવી દેવાનો ગુણ સારો છે. એના સેવનથી શરીરમાં લોહીની વૃદ્ધિ ઠીકઠીક થાય છે. દ્રાક્ષના રસનો આસવ કૉલેરા પર ઘણો ઉપયોગી ગણાય છે. લીલી દ્રાક્ષ કફ કરનારી ગણાય છે, ઉપરાંત તે રૂચિકારણ સારી છે. કાળી, બી વાળી દ્રાક્ષ કંઈક ઠંડી ગણાય છે, ઉપરાંત વૃષ્ય, ગુરૂ, તથા શ્રમનાશક છે. એનામાં દાગ, ઉધરસ, કફ, પિત્ત, તૃષા, ઉલટી વગેરે રોગો નાશ કરવાનો સારો ગુણ છે.

ધતુરાના ઝેર પર દ્રાક્ષનો સરકો દૂધમાં નાખી પીવાથી આરામ થાય છે. હરતાલ અથવા લીલો કાટ જો ખાવામાં આવી ગયો હોય તો તે મનુષ્યને પ્રથમ ઉલટી કરાવી નાખી ઉપરથી પછી બેદાણા દ્રાક્ષ નાખેલું પાશેરને આશરે દૂધ આપવાથી ઘણો આરામ થઈ જાય છે. પાશેર દૂધમાં બેદાણા દ્રાક્ષ આશરે એક તોલો નાખવી. દ્રાક્ષ, સાકર, લીંડીપીપર અને મધ સરખે ભાગે લઇ ધાતુક્ષય વાળા દર્દીને આપવાથી તેનામાં ધીમેધીમે સારી શક્તિ અને કૌવત આવે છે મનુષ્યને સન્નિપાતના તાવ વખતે જીભે કાતરા થઇ આવે છે તે વખતે મધમાં દ્રાક્ષ ખરલ કરી જીભે ચોપડવાથી કાતરા મટી જાય છે.

આ ઉપરાંત વૈદકશાસ્ત્રમાં દ્રાક્ષના ઘણા ઉપયોગો બતાવ્યા છે. દ્રાક્ષ એ એક અતિ ઉપયોગી વનસ્પતિ છે.

(સંકલિત) રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

અભ્યાસક્રમમાં અંગમહેનત

આજકાલ જર્મનીમાં બેકારી વધતી જાય છે. આ ઉપરાંત ત્યાંના ઘણા વિદ્યાર્થીઓ કંઈ પણ લાભ મેળવ્યા વિના ભણ્યા જ કરે છે. તે બધાને ઉપયોગમાં લેવાને તથા યુનિવર્સિટીનાં ઉપરનાં ધોરણોમાં ભીડ થતી અટકાવવાને ત્યાંની સરકારે નવાં પગલાં લીધાં છે. જર્મનીમાં પરીક્ષાનું ધોરણ ત્યાં અત્યંત કડક જ હોય છે છતાં યુનિવર્સિટીઓમાં ભણનારાની ગીર્દી રહ્યાં કરે છે આથી છેલ્લી યોજના પ્રમાણે કોઇને કૉલેજમાં દાખલ થવું હોય તો દરેક ઉમેદવારે એક વર્ષ અંગમહેનત કર્યાનું પ્રમાણ આપવું પડે છે. તે માટે વિદ્યાર્થીએ ખરેખરા મજૂર તરીકે ક્યાંક પણ કામ કરવું પડે અને વર્ષ આખરે તેના શેઠની અથવા મજૂરમંડળની ખાત્રી રજુ કરવાની કે તે કામ તેણે બરોબર કરી બતાવ્યું છે. નહિ તો તેને કૉલેજમાં પ્રવેશ મળતો નથી.

આ નિયમ અટકાયત કરવા ઉપરાંત એવો આશય બતાવે છે કે પોતાને મળેલી કેળવણી સાર્થક કરે એવું મન તેમજ તાકાત વિદ્યાર્થીઓમાં છે. ઊંચામાં ઊંચો બુદ્ધિવિકાસ સાધવા સાથે તેની શરીરસંપત્તિ પણ સારી છે તેની ખાત્રી તો જ થાય, જો શારીરિક શ્રમ તે બરોબર ઉઠાવી શકે. આ કાયદો ત્યાં આ વર્ષથી જ અમલમાં આવશે અને સ્ત્રી તેમજ પુરુષ બંનેને એકસરખો લાગુ પડશે.

હિંદુસ્તાન માટે આવા કાયદાનો વિચાર વર્ષો પહેલાં થવો જોઇતો હતો છતાં જર્મનીનું અનુકરણ કરવાનું પણ આપણા વિદ્વાન પ્રોફેસરોને સૂઝે તો સારૂં.

દુનિયાની સૌથી મોંઘી ધાતુ

રેડીયમને આપણે સૌથી મોંઘી ધાતુ માનતા આવ્યા છીએ, પણ પ્રોટાકટીનિયમ (Protactinium) તેથી યે મોંઘું છે. આ ધાતુ એટલી બધી દુર્લભ છે કે હજુ સુધીમાં તેના ગ્રામના એક અંશ પુર માત્ર હાથ લાગી છે. દુનિયાની વજનદાર ધાતુઓ યુરેનિયમ અને થોરિયમની પેઠે આ ત્રીજી ધાતુ વજનમાં પણ વધુ છે. રેડિયમના ખનીજો સાથે જ તે મળે છે છતાં રેડિયમથી અરધી યે તે હાથ લાગતી નથી. રેડિયમની પેઠે તે સ્વયંપ્રકાશી અને વિદ્યુતપ્રેરક હોવાથી સૂક્ષ્મ પ્રમાણમાં હોય ત્યાં પણ વિજ્ઞાનીઓનું ધ્યાન ખેંચે છે. તેની હયાતી થોડાંક વર્ષો થયાં જ હજી માલુમ પડી છે પણ તેને હાથ કરવાનો ઉપાય જડતો નહોતો. ૧૯૨૭માં એક જર્મન શોધકે અંધારામાં પણ તેને પ્રકાશતી જોઇને તેને સિદ્ધ કરી.

હિમાલયના જળપ્રવાહોમાંથી વિદ્યુતબળ

હિમાલયના જળપ્રવાહોમાંથી વિદ્યુતબળ મેળવવાને પંજાબમાં મંડી ખાતે એક હાઇડ્રો ઇલેક્ટ્રિક મથક બાંધવામાં આવ્યું છે. તે બળ બંધાતાં તે વડે પંજાબના આખા પ્રદેશ ઉપર રોશનીયંત્રો વગેરે પૂરાં પાડશે. યોજના પાર પાડતાં આજ સુધી ૫૦,૦૦૦૦૦ પાઉંડનો ખર્ચ અને સાત વર્ષ તો થઇ ચૂક્યાં છે છતાં હજુ તેને સાવ સંપૂર્ણ થતાં બીજાં બાર વર્ષ લાગશે. ઉલ અને બીયાસ નદી નવ હજાર ફીટ ઊંચા એક પહાડ આગળ મળે છે. તેથી ઉપરના ભાગમાં એક ઠેકાણે બીયાસ નદી કરતાં ઉલ નદી ૩૦૦૦ ફીટ ઉપલાણમાં વહે છે, એટલે તે ઠેકાણેથી એક પહાડમાં એક બોગદો કરી તેનું પાણી ઉલમાં ઉતારવામાં આવ્યું છે અને તે ઠેકાણે વીજળીનું મથક બાંધી પાણીના જોરથી ડાયનેમાનાં ચક્રો ચાલતાં કરવામાં આવ્યાં છે.

મફતમાં પુસ્તકાલય ઊભું થઈ શકે છે

કેલીફૉર્નિયાના લોસ ઍન્જેલિસમાં એક પુસ્તકાલયમાં નવાં પુસ્તકોની જરૂર હતી, પણ પૈસા નહોતા, એટલે તેના સંચાલકોએ જાહેર પ્રજાને એક અરજ કરી કે જેમની પાસે કોઇ નકામી ચોપડી પડતર હોય તેમણે તે આ પુસ્તકાલયને આપવા જેટલી ઉદારતા કરવી. તેના પરિણામે જાહેર પ્રજામાંથી ૨૫૦૦૦ જેટલાં પુસ્તકો ચાલુ વાચન વિનિમય માટે આવી પડયાં. તેમાંની ૬૦ ટકા જેટલી ચોપડીઓ વાર્તાવાચનની હતી. વાર્તા વગરનાં બીજાં પુસ્તકો જોડે બહુ ઊંચી પ્રતિનાં નહોતાં પણ કેટલાંક બહુ કીમતી હતાં. ઉપરાંત એ જ પુસ્તકાલયને ૧૦,૦૦૦ ચોપાનિયાં અને ૨૦૦ બાંધેલાં માસિકોનાં પુસ્તકો મળ્યાં. (અંગ્રેજી ઉપરથી)

⊛ જો તુઝ કો કાંટા બૂએ વા કો તૂ બો ફૂલ ⊛

ટ્રેન ઊપડવાની તૈયારી હતી ને એક મોડા પડેલા ગૃહસ્થ હાંફળાફાંફળા સામાન ઊપડાવી આવી ગાડીમાં બેઠા. બેઠા ને ગાર્ડે વ્હિસલ મારી. ત્યાં સાંભર્યું કે હજાર રૂપિયાની થેલી પોતે ઘોડાગાડીમાં ભૂલી આવ્યા. ટ્રેન ઊપડવી શરૂ થઇ. હવે? એટલામાં પેલો ભાડૂતી ગાડીવાળો દોડતો આવતો દેખાયો ને એમણે હર્ષની બૂમ મારી. ચાલતી ટ્રેને ગાડીવાળાએ થેલી શેઠને સુપરત કરી. એ ગાડીવાળાનું આજે કોઇ નામ સરખું જાણતું નથી; પણ આ ખરી બનેલી વાત છે.

અનેકાર્થી શબ્દ: **ઓસાર**=ભીંતની જાડાઇ; આશ્રય; પાછા હઠવું તે;બાયલાપણું—નબળાઇ; ઓછું થવું તે—સંકોચ.

ગણિત ગમ્મત: પચાસે પહેલાં પહોંચી જવાની રમત–બે જણમાંથી એક જણ, છથી વધે નહિ તેવી કોઈ પણ રકમ ધારે. પછી બીજો જણ છથી વધે નહિ તેવી રકમ એ ધારેલી રકમમાં ઉમેરતો જાય,ને જે પહેલો પચાસે પહોંચે તે જીતે.

કૂંચી—હવે પચાસે પહેલાં પહોંચવા માટે તમે જો ૪૩ કર્યાં હશે તો તેમાં સામેનો માણસ ગમે તે ઉમેરશે તોપણ ૫૦ નહિ થાય. એ ઓછામાં ઓછો એક ઉમેરશે તો તમે છ ઉમેરીને પચાસ કરી દેશો; એ વધુમાં વધુ છ ઉમેરી ૪૯ કરશે તો તમે એક ઉમેરીને પચાસ કરી દેશો. માટે પહેલાં પચાસે પહોંચવા માટે તમારે ૪૩ને પહેલાં પહોંચવું જોઇએ. તેવી જ રીતે ૪૩ને પહેલાં પહોંચવા માટે પહેલાં ૩૬ને પહોંચવું જોઇએ. અને ૩૬ને પહેલાં પહોંચવા માટે ૨૯ને પ્રથમ પહોંચવું જોઇએ. તેથી આ રમતમાં ૪૩, ૩૬, ૨૯, ૨૨, ૧૫, ૮, અને ૧ એ કૂંચીના આંકડાઓ છે. બંને જણ જો આ કૂંચી જાણતા હોય તો પ્રથમ શરૂઆત કરનાર જીતે. પણ અજાણ્યાને આ વડે બે ઘડી અવઢવમાં ગરકાવ કરી શકાય.

માણસ ચીડાય છે ત્યારે તેના ચહેરાના પચાસ સ્નાયુઓ સંકોચાય છે.



ચોમાસામાં છત્રીઓ નીતરતી મૂકવાની જાપાનીઓની રીત આપણા કરતાં ઊંચી (ને કદાચ વધુ સારી) છે. જુઓ બાજુએ.

આઈડર ડક નામની બતક જ્યાં સુધી માળામાં બરોબર અગિયાર ઈંડાં ન હોય ત્યાં સુધી તે સેવવા બેસતી જ નથી!


તિમોર લાઉટની સ્ત્રીઓને પુરુષોની હાજરીમાં માત્ર એક જ આંખ ઉઘાડવાની છૂટ હોય છે!

શિક્ષક—ચાંચડ અને હાથી એ બેની વચ્ચે શો ફેર?

ચબરાક—હાથીના શરીર પર ચાંચડ હોય છે; ચાંચડને ડીલે હાથી હોતા નથી

લંડનના ચિપેનહામના મિ. એચ. આર. કૉવેન્ટ્રી, ઘડિયાળો જ સંઘરવાના શૉખીન છે. તેમની પાસે બધી મળીને ૧૦૦ ઘડિયાળો છે, જેને ચાવી દેતાં જ એમને રોજ બે કલાક લાગે છે!

ઇંગ્લંડના પિટસી ગામના મિ. ડબ્લ્યુ. બેઈટસન પાસે એક સુનેરી રંગની માદા ફીઝન્ટ નરના રૂપમાં ફેરવાઇ ગઇ છે, ને તેને નરની પેઠે ચેપૂર પીછાં આવ્યાં છે!



અમેરિકાના શિકાગો શહેરમાં આ વર્ષે 'સેન્ચુરી ઑફ પ્રોગ્રેસ' નામનો, જગતની ગઈ છેલ્લી સદીની પ્રગતિ દર્શાવતા પ્રદર્શન સાથે, મોટો જગતમેળો ભરાયો હતો. તેને ખુલ્લો મૂકવાની ક્રિયા માટે આકાશના આર્કટ્યૂરસ નામના તેજસ્વી તારાનો પ્રકાશ ઉપયોગમાં યોજાયો હતો. એ તારો પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં તેજસ્વિતામાં ચોથે નંબરે આવે છે. તેના પ્રકાશને પૃથ્વી પર પહોંચતાં ચાળીસ વર્ષ લાગે છે. આ મહામેળાની ઉદ્‌ઘાટન ક્રિયા માટે એનો પ્રકાશ ઉપયોગમાં લેવાનું ઠરાવવામાં ખૂબી એ છે કે આજથી ચાળીસ વર્ષ પહેલાં ૧૮૯૩માં શિકાગોમાં આવો જ મહામેળો ભરાએલો. એટલે આજે જે પ્રકાશ વડે એનું ઉદ્‌ઘાટન થયું તે, એ તારામાંથી ૧૮૯૩ના મહામેળા વખતે નીકળ્યો હશે! આકાશના તારાના પ્રકાશમાંથી મેળવેલો વિદ્યુત્પ્રવાહ આ રીતે વ્યવહારૂ ઉપયોગમાં લેવાવાનો આ પહેલો જ દાખલો છે. એ પ્રકાશમાંથી મળી શકતો શક્તિપ્રવાહ સામાન્ય વીજળીના દીવામાંના પ્રવાહ કરતાં એક સો અબજાંશ જેટલો ઓછો છે. તેને અદ્ધરથી ઝીલીને જગતમેળાના સ્થાન સુધી-લગભગ ૧૦૦ માઇલ દૂર પહોંચાડવા માટે ફોટો ઇલેક્ટ્રિક સેલવાળા ૬૯ ફૂટ લાંબા ઉપલા જંગી દૂરબીનની યોજના કરી હતી.